વર્ષ : ૬૫ ■ અંક : ૫ ■ તા.૧-૩-૨૦૨૫

# ગુજરાત

ગુજરાતીઓનું વિશ્વસનીય સામયિક

બજેટ વિશેષ





## રૂ.૩.૭૦ લાખ કરોડનું

# ઐતિહાસિક બજેટ





# રાષ્ટ્રપતિશ્રીનું ગુજરાત દર્શન









Gujarat
The Reliable fortnightly of Gujaratis

Year : 65 ■ Issue : 5 ■ Date : 1 - 3 - 2025

| | | |
|---|---|---|
| તંત્રી | : | કે. એલ. બચાણી |
| સહતંત્રી | : | અરવિંદ પટેલ |
| કાર્યવાહક તંત્રી | : | જયેશ દવે |
| સંપાદક | : | સંજયસિંહ ચાવડા |
| સહસંપાદક | : | અરૂણા ડાવરા, વિવેક ગોહેલ, નીરવ રાવલ |
| કલાનિર્દેશક | : | જસ્મીન દવે |
| લેઆઉટ ડિઝાઇન | : | મૌલિક એમ. રાજપૂત |
| વિતરણ વિભાગ | : | પી. જી. ચંડીસરા, દામિની ચૌહાણ, જયદીપસિંહ ઝાલા |

ગુજરાત પાક્ષિક ન મળતું હોય તો નીચે દર્શાવેલા નંબર ઉપર સંપર્ક કરવા વિનંતી.

| | | |
|---|---|---|
| વિતરણ વિભાગ | : | ફોન : ૦૭૯ - ૨૩૨૫૩૪૪૨ |
| ઈ-મેલ એડ્રેસ | : | gujaratmagazine@gmail.com |
| ફરિયાદ એડ્રેસ | : | gujaratpaxik1@gmail.com |
| ફેસબુક લિંક | : | gujaratinformation.official |

**તંત્રી વિભાગ**
'ગુજરાત' પાક્ષિક કાર્યાલય, માહિતી નિયામકશ્રીની કચેરી,
ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન,
ગાંધીનગર - ૩૮૨૦૧૦.
ફોન : ૦૭૯-૨૩૨૫૩૪૪૦

**વાર્ષિક લવાજમ : ₹ ૫૦-૦૦**



રાજ્ય સરકારના સત્તાવાર અહેવાલો સિવાય આ સામયિકમાં પ્રસિદ્ધ થતા અન્ય લેખોમાં વ્યક્ત થયેલા વિચારો સાથે રાજ્ય સરકાર સંમત છે જ, એમ માનવું નહીં.



માહિતી ખાતું, ગુજરાત રાજ્ય, ગાંધીનગર દ્વારા પ્રકાશિત અને સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ દ્વારા મુદ્રિત

48 + 4 Cover = Total 52 Pages

આ અંક નીચેની વેબસાઈટ પરથી વિના મૂલ્યે ડાઉનલોડ કરી શકાશે
www.gujaratinformation.gujarat.gov.in

**લવાજમ નીચેનાં સ્થળોએ સ્વીકારાય છે**

- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રાજ્યની તમામ કમ્પ્યૂટરાઈઝ્ડ પોસ્ટ ઓફિસમાં સર્વિસ ચાર્જ ચૂકવી ભરી શકાશે.
- ગુજરાત પાક્ષિકનું વાર્ષિક લવાજમ રોકડેથી તથા ક્રોસ ડિમાન્ડ ડ્રાફ્ટ સ્વરૂપે માહિતી નિયામકશ્રીની કચેરી, હિસાબી શાખા, બ્લોક નં. ૧૯, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગરના સરનામા પર સ્વીકારવામાં આવશે.
- ગુજરાત પાક્ષિકનું લવાજમ જિલ્લાની માહિતી ખાતાની કચેરીઓ પણ સ્વીકારશે.
- સંપર્ક અધિકારીની કચેરી, ગુજરાત સરકાર, મ્હાડા બિલ્ડિંગ નં. ૩૬, પ્લોટ નં. ૧૫૦, ઓશીવારા પોલીસ સ્ટેશનની બાજુમાં, જોગેશ્વરી (પશ્ચિમ), મુંબઈ - ૪૦૦૧૦૨.
- લવાજમ સ્વીકારવા કોઈ ખાનગી વ્યક્તિ કે સંસ્થાને એજન્સી આપી નથી.

આપના વિસ્તારમાં રાજ્ય સરકારની જનહિતલક્ષી કોઇ મહત્ત્વપૂર્ણ ધ્યાનાકર્ષક બાબત ગુજરાત પાક્ષિકમાં પ્રસિદ્ધ કરવા યોગ્ય લાગે તો આપ gujaratmagazine@gmail.com ઇમેલ આઇડી ઉપર તસવીર સાથે વિગત મોકલી આપશો તો યોગ્યતા અનુસાર તેને ગુજરાત પાક્ષિકમાં સ્થાન આપવાનો અવશ્ય પ્રયત્ન કરવામાં આવશે.




# શબ્દશઃ

- વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ આધારિત ઉદ્યોગોને નવી દિશા આપી ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવ્યું છે.
- નિયત નેક અને સેવાની ભાવના હોય તો કિસાનહિત અને જનહિતના કામો કેવી ગતિએ થાય તે વડાપ્રધાનશ્રીએ દુનિયાને બતાવ્યું છે.
- ગુજરાતે મજબૂત નાણાંકીય વ્યવસ્થાપન અને રાજકોષીય દૂરદર્શિતાનો પુરાવો રજૂ કર્યો છે.
- કિસાન સન્માન નિધિ દેશના નાના ખેડૂતો માટે આશીર્વાદરૂપ બની છે.
- મેક ઈન ઇન્ડિયા, આત્મનિર્ભર ભારત અને સ્ટાર્ટઅપ ઇન્ડિયા જેવી પહેલોના પરિણામે અનેક યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળ્યું છે.
- 'સર્વે સન્તુ નિરામયા'ની ભાવના સાથે નાગરિકોને શ્રેષ્ઠ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે અનેકવિધ આયોજનો હાથ ધરવામાં આવ્યા છે.
- પૉલિસી ડ્રીવન સ્ટેટ અને વાઈબ્રન્ટ ગુજરાત સમિટની સફળતાથી ગુજરાત ગ્લોબલ ચોઈસ બન્યું છે.
- આપણી વિરાસત, આપણી સંસ્કૃતિને સાથે લઈને દેશને વિકસિત બનાવવાનો છે.
- સોમનાથ મંદિર માત્ર ધર્મસ્થળ નહીં, ભારતીય અસ્મિતાનું પ્રતીક અને 'એક ભારત - શ્રેષ્ઠ ભારત'નું જીવંત ઉદાહરણ છે.

(મુખ્યમંત્રીશ્રીએ આપેલા વિવિધ વક્તવ્યનાં અંશો)

# આકર્ષણ




6 સંવાદ

7 કૃષિ સહાય









8 મુલાકાત
રાષ્ટ્રપતિશ્રીનું ગૌરવવંતુ આતિથ્ય

11 વિકાસગાથા
15મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રના પ્રારંભે રાજ્યપાલશ્રીનું સંબોધન

12 બજેટ વિશેષ
રૂ.૩.૭૦ લાખ કરોડનું ઐતિહાસિક બજેટ







26 વિકાસયાત્રા

32 શ્રધ્ધા
‘સોમનાથ મહોત્સવ’

34 વિધાનસભાના દ્વારેથી

39 સમાચાર વિશેષ

40 આસપાસ

42 સંક્ષિપ્ત સમાચાર

44 સુવિધા

45 ગૌરવ

46 સાયબર સુરક્ષા

47 નિર્ણય

48 ક્વિઝ કોર્નર

49 જાણકારી

50 મોજે મોજ

# જનકલ્યાણના "વિઝન" સાથેનું વિકસિત ગુજરાતનું "ઘરખમ" બજેટ



વિકાસની રાજનીતિમાં જનકલ્યાણ જ કેન્દ્રસ્થાને છે. આ વાતને પુરવાર કરતાં નાણાંકીય વર્ષ ૨૦૨૫-૨૬ના ગુજરાતના ઈતિહાસમાં સૌથી મોટા બજેટમાં "GYAN" એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિને પ્રાધાન્ય આપવામાં આવ્યું છે. પહેલીવાર વિકસિત ગુજરાત ફંડની રચના કરાઈ. ટેકનોલોજી, ઈનોવેશન અને કૌશલ્ય વિકાસ દ્વારા વિકસિત ભારત ૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા અંદાજપત્રમાં શિક્ષણ વિભાગ માટે કુલ રૂ.૫૯,૯૯૯ કરોડની માતબર જોગવાઈ સાથે જનઆરોગ્ય માટે રૂ.૨૩,૩૮૫ કરોડની જોગવાઈ કરાઈ છે. શહેરી વિકાસ માટે રૂ.૩૦,૩૨૫ કરોડ અને અન્નદાતાના ઉત્કર્ષ માટે રૂ.૨૨,૪૯૮ કરોડની જોગવાઈ કરાઈ છે.

નેશનલ કાઉન્સિલ ઓફ અપ્લાઈડ ઈકોનોમિક રિસર્ચના રિપોર્ટમાં ગુજરાતે નાણાકીય વ્યવસ્થાપનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. રાજ્યના કુલ ઘરેલુ ઉત્પાદન સામે માત્ર ૧૮.૦૨ ટકાના જાહેર દેવા સાથે ગુજરાત દેશના મુખ્ય રાજ્યોમાં સૌથી ઓછું દેવું ધરાવતા રાજ્ય તરીકે ઉભર્યું છે.

રાજ્ય જ્યારે વિકાસપથ ઉપર આગળ વધી રહ્યું છે ત્યારે જ દેશના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ગુજરાતનું આતિથ્ય માણ્યું. જેમાં તેમણે સ્ટેચ્યુ ઓફ યુનિટી, NID અને NFSUના વિદ્યાર્થીઓને પદવી એનાયત કરી તથા કચ્છના અલૌકિક સફેદ રણ, ધોળાવીરા સહિત ગુજરાતની સાંસ્કૃતિક વિરાસત અને સ્થાપત્ય વૈવિધ્યની અનોખી અનુભૂતિ કરી હતી.

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં કિસાન સન્માન નિધિના હપતા રૂપે ગુજરાતના ૫૧.૪૧ લાખથી વધુ કિસાનોને રૂ.૧૧૪૮ કરોડની સહાય ચૂકવવામાં આવી. વિશ્વને અનેક ક્ષેત્રે વિકાસની રાહ ચિંધવા પાછળ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીનું વિઝન કામ કરી રહ્યું છે ત્યારે આવી જ લીડરશીપ તૈયાર કરવા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે સ્કૂલ ઑફ અલ્ટિમેટ લીડરશીપના અદ્યતન કેમ્પસનું ભૂમિપૂજન કર્યું હતું. તેમણે ઈનોવેશન અને ડિજીટલ ટ્રાન્સફોર્મેશનને પ્રોત્સાહન આપવા ગુજરાત ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર પૉલિસી (૨૦૨૫-૩૦)નું પણ લોન્ચીંગ કર્યું.

સોમનાથ ઉત્સવ અને જૂનાગઢમાં આયોજિત શિવરાત્રિના મેળાના પ્રતાપે મહિનાના અંતિમ સપ્તાહે સમગ્ર ગુજરાત જાણે ભક્તિના હિલોળે ચડ્યું હોવાનું અનુભવાયું હતું.

પ્રસ્તુત અંકમાં બજેટમાં વિકાસની રાજનીતિ ઉપરાંત વિધાનસભા ગૃહમાં જનપ્રતિનિધિઓ દ્વારા સ્થાનિક પ્રશ્નોને વાચા આપવા માટે કરાયેલી પ્રશ્નોતરી, જનહિતલક્ષી નિર્ણયો, સાફલ્યગાથા, ક્વિઝ, જાણકારી સાથેનો માહિતી પ્રચૂર આ અંક વાચકોને વાંચવો ગમશે એવો મને વિશ્વાસ છે.

જય.. જય... ગરવી ગુજરાત

**કે. એલ. બચાણી,** આઇ.એ.એસ.
માહિતી નિયામક

# મન કી બાત ફેબ્રુઆરી - ૨૦૨૫



**વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ રેડિયોના માધ્યમ થકી દેશવાસીઓ સાથે સંવાદ સ્થાપવા શરૂ કરેલો 'મન કી બાત' કાર્યક્રમ વિવિધ વિષયો પર તેમના દીર્ઘદૃષ્ટિપૂર્ણ વિચારો રજૂ કરે છે. તાજેતરમાં પ્રસારિત થયેલા તેમના વક્તવ્યની ઝલક પ્રસ્તુત છે. આ સંપૂર્ણ લેખ વાંચવા માટે QR કોડ સ્કેન કરો...**

### ઈસરોની સફળતા

ગયા મહિને દેશ ઇસરોના એકસોમા રોકેટના પ્રક્ષેપણનો સાક્ષી બન્યો છે. આ કેવળ એક આંકડો નથી, પરંતુ તેનાથી અવકાશ વિજ્ઞાનમાં નીત નવી ઊંચાઈઓ હાંસલ કરવાના આપણા સંકલ્પનો પણ ખ્યાલ આપે છે. પ્રક્ષેપણ યાનનું નિર્માણ હોય, ચંદ્રયાનની સફળતા હોય, મંગળયાન હોય, આદિત્ય એલ-૧ કે પછી એક જ રોકેટથી એક જ વારમાં એકસો ચાર ઉપગ્રહોને અવકાશમાં મોકલવાનું અભૂતપૂર્વ અભિયાન હોય, ઇસરોની સફળતાનું ક્ષેત્ર ઘણું મોટું રહ્યું છે. ગયા ૧૦ વર્ષોમાં લગભગ ૪૬૦ ઉપગ્રહો છોડવામાં આવ્યા.

### આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ

૮ માર્ચે આંતરરાષ્ટ્રીય મહિલા દિવસ છે. તે આપણી નારીશક્તિને વંદન કરવાનો એક વિશેષ અવસર છે. દેવી મહાત્મ્યમાં કહેવાયું છે કે, બધી વિદ્યાઓ દેવીના વિવિધ સ્વરૂપોની અભિવ્યક્તિ છે, અને જગતની સમસ્ત નારીશક્તિમાં પણ તેમનું જ પ્રતિરૂપ છે. આપણી સંસ્કૃતિમાં દિકરીઓનું સન્માન સર્વોપરી રહ્યું છે. દેશની માતૃશક્તિએ આપણા સ્વતંત્રતા સંગ્રામ અને બંધારણના ઘડતરમાં પણ બહુ મોટી ભૂમિકા અદા કરી છે.

### નેશનલ ગેમ્સ

દેશના ઘણા લોકોએ ઉત્તરાખંડમાં યોજાયેલી નેશનલ ગેમ્સના રોમાંચનો આનંદ ઉઠાવ્યો હશે. દેશભરના ૧૧ હજારથી વધુ ખેલાડીઓએ તેમાં શાનદાર પ્રદર્શન કર્યું. આ આયોજને દેવભૂમિને નવા સ્વરૂપમાં પ્રસ્તુત કરી. ઉત્તરાખંડ હવે દેશમાં મજબૂત રમતગમત દળના રૂપમાં પણ ઉપસી રહ્યું છે. ઉત્તરાખંડના ખેલાડીઓએ પણ તેમાં શાનદાર દેખાવ કર્યો હતો.

### પ્રકૃતિ અને વન્યજીવન

એશિયાઈ સિંહ, હેન્ગુલ હરણ, પીગ્મી ડુક્કર અને સિંહ પૂંછ માંકડા શું સમાનતા છે ? તેનો જવાબ એ છે કે, સમગ્ર દુનિયામાં તે બીજે ક્યાંય જોવા નથી મળતા, કેવળ આપણા દેશમાં જ મળે છે. ખરેખર, આપણે ત્યાં વનસ્પતિ અને જીવજંતુઓનું એક ખૂબ જ ચેતનવંતુ પરિસર તંત્ર છે અને તે વન્યજીવ આપણા ઈતિહાસ અને સંસ્કૃતિમાં વણાયેલા છે.

### ચુસ્ત અને તંદુરસ્ત રાષ્ટ્ર

દેહરાદૂનમાં રાષ્ટ્રીય રમતોના ઉદ્ઘાટન દરમિયાન એક ખૂબ જ મહત્ત્વનો વિષય Obesity એટલે કે, મેદસ્વીતાનો ઉઠાવ્યો હતો. આપણે સૌ મળીને, નાના નાના પ્રયાસોથી મેદસ્વીતાના આ પડકારનો સામનો કરી શકીએ છીએ. તેમાં એક રીત મે સૂચવી હતી કે, ભોજનમાં તેલના વપરાશમાં ૧૦ ટકા ઘટાડો કરવાની. તમે નક્કી કરી લો કે, દર મહિને ૧૦ ટકા ઓછું તેલ વાપરશો. તમે એવું પણ નક્કી કરી શકો છો કે, મેદસ્વીતા ઘટાડવાની દિશામાં આ એક મહત્ત્વનું પગલું હશે.

### પ્રકૃતિ અને ધર્મ

કેટલાય વન્ય પ્રાણીઓ આપણાં દેવીદેવતાઓના વાહનના સ્વરૂપમાં પણ જોવા મળે છે. મધ્યભારતમાં કેટલીયે જનજાતિઓ વાઘેશ્વરની પૂજા કરે છે. મહારાષ્ટ્રમાં વાઘોબાના પૂજનની પરંપરા રહી છે. ભગવાન અયપ્પાનો પણ વાઘ સાથે બહુ ગાઢ નાતો છે. સુંદરવનમાં બોનબીબીની પૂજા અર્ચના થાય છે જે વાઘ પર સવારી કરે છે. આપણે ત્યાં કર્ણાટકના હુલી વેશા, તમિલનાડુના પુલી અને કેરળના પુલીકલી જેવા કેટલાય સાંસ્કૃતિક નૃત્યો છે જે પ્રકૃતિ અને વન્યજીવન સાથે જોડાયેલા છે.

### પ્રકૃતિની સાથે સહઅસ્તિત્વ

કર્ણાટકના બીઆરટી વાઘ અભયારણ્યમાં વાઘની વસતીમાં સતત વધારો થયો છે. તેનો ઘણો બધો યશ સોલિગા આદિજાતિને જાય છે. જેઓ વાઘની પૂજા કરે છે. તેના કારણે આ ક્ષેત્રમાં માણસ અને પશુઓ વચ્ચેનું ઘર્ષણ નહિંવત હોય છે. ગુજરાતમાં પણ લોકોએ ગીરમાં એશિયાઈ સિંહોની સલામતી અને સંરક્ષણમાં મહત્ત્વનું યોગદાન આપ્યું છે. તેમણે દુનિયાને બતાવી આપ્યું છે કે, પ્રકૃતિની સાથે સહઅસ્તિત્વ આખરે શું હોય છે.

### વન્યજીવ વિવિધતા

ભારતમાં વન્યજીવોની વિવિધતા કેટલી સુંદર છે, એ પણ વિચારવા લાયક છે. એશિયાઈ સિંહ દેશના પશ્ચિમી ભાગમાં મળી આવે છે. જ્યારે વાઘનો વિસ્તાર પૂર્વી, મધ્ય અને દક્ષિણ ભારત છે. તો, ગેંડા ઈશાન ભારતમાં મળી આવે છે. ભારતનો દરેક ભાગ કેવળ પ્રકૃતિ માટે જ સંવેદનશીલ છે, એવું નથી. બલ્કે વન્યજીવ સંરક્ષણ માટે પણ પ્રતિબદ્ધ છે.

### પરીક્ષા યોધ્ધાઓ

આ બોર્ડની પરીક્ષાનો સમય છે. પરીક્ષા યોધ્ધાઓને તેમની પરીક્ષાઓ માટે ખૂબ-ખૂબ શુભેચ્છાઓ પાઠવું છું. તમે સહેજ પણ તંગદિલી વિના પૂરા હકારાત્મક અભિગમ સાથે પોતાની પરીક્ષા આપો. "Be happy and stress free". તણાવમુક્ત રહો અને આનંદમાં રહો. ●



## કિસાન સન્માન નિધિના ૧૯મા હપતામાં

# ગુજરાતના ૫૧.૪૧ લાખ ખેડૂતોને રૂ. ૧૧૪૮ કરોડની સહાય



વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ GYANની પરિભાષા આપતાં અન્નદાતા અર્થાત્ કિસાન કલ્યાણની નીતિઓ પર ખૂબ ભાર આપ્યો છે. કેન્દ્ર સરકારે ખેડૂત કલ્યાણ માટે અનેક યોજનાઓ શરૂ કરી છે, જેમાં પીએમ કિસાન સન્માન નિધિ સ્વરૂપે ખેડૂતોને મદદરૂપ થવા વાર્ષિક રૂપિયા છ હજારની સીધી સહાય ચૂકવવામાં આવે છે. પીએમ કિસાન સન્માન નિધિ યોજનાના છ વર્ષ પૂર્ણ થવા પ્રસંગે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વરદ હસ્તે બિહારના ભાગલપુરથી દેશભરમાં કિસાન સન્માન નિધિના ૧૯મા હપતા અન્વયે ડી.બી.ટી.થી ચૂકવણી કરવામાં આવી હતી. ગાંધીનગરમાં વડાપ્રધાનશ્રીની વર્ચ્યુઅલ ઉપસ્થિતિ તેમજ મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રોત્સાહક ઉપસ્થિતિમાં રાજ્યભરના ૨.૫૦ લાખથી વધુ ખેડૂતોએ વડાપ્રધાનશ્રીના સંબોધનનું અને રાજ્યવ્યાપી સમારોહનું જીવંત પ્રસારણ નિહાળ્યું હતું.

ગુજરાતના ૫૧.૪૧ લાખથી વધુ કિસાનો રૂ. ૧૧૪૮ કરોડની સહાય કિસાન સન્માન નિધિના ૧૯માં હપતા અન્વયે ડી.બી.ટી.થી ચૂકવવામાં આવી હતી. પ્રધાનમંત્રી કિસાન સમ્માન નિધિ યોજના શરૂ થઈ ત્યારથી અત્યાર સુધીમાં એટલે કે ૬ વર્ષમાં રાજ્યના ૬૬.૬૫ લાખ ખેડૂતોને રૂ. ૧૮,૮૧૩ કરોડની આર્થિક સહાય પૂરી પાડવામાં આવી છે. વડાપ્રધાનશ્રીએ દેશના ખેડૂતોની આવક વધારવા અને ખેડૂતોને સહાયરૂપ થવાના કિસાન હિતકારી અભિગમથી ૧૦૦ ટકા કેન્દ્ર સહાયિત આ કિસાન સન્માન નિધિ યોજના ૨૦૧૯થી જાહેર કરેલી છે. આ યોજના અંતર્ગત કિસાન પરિવારોને પ્રતિ વર્ષ કુલ ૬ હજાર રૂપિયાની સહાય ડી.બી.ટી.થી ત્રણ સમાન હપતામાં ચૂકવવામાં આવે છે.

પ્રધાનમંત્રી કિસાન સન્માન નિધિ હેઠળ અત્યાર સુધીમાં ગુજરાતના લાભાર્થી ખેડૂતોના ખાતામાં સમગ્રતયા ૧૮૮૧૩.૭૧ કરોડ રૂપિયા ચૂકવવામાં આવ્યા છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ અવસરે તુવેરની ટેકાના ભાવે ખરીદીનો પણ વર્ચ્યુઅલ પ્રારંભ કરાવ્યો હતો. કેન્દ્ર સરકારે ૨૦૨૪-૨૫ માટે તુવેરનો ટેકાનો ભાવ ૭૫૫૦ પ્રતિ ક્વિન્ટલ જાહેર કર્યો છે. તદઅનુસાર રાજ્યમાં ૨૦૦ જેટલા ખરીદ કેન્દ્રો પરથી ૨.૬ લાખ મેટ્રિક ટન તુવેરના જથ્થાની ખરીદી કરવાનું આયોજન છે. આ હેતુસર અત્યાર સુધીમાં ૧ લાખ ૨૩ હજારથી વધુ ખેડૂતોએ ઓનલાઈન નોંધણી પણ કરાવી છે.

આ પ્રસંગે મુખ્યમંત્રીશ્રીએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈના નેતૃત્વ અને માર્ગદર્શનમાં સરકાર બીજથી બજાર સુધી ખેડૂતોની સાથે ઊભી રહી છે. નાના ખેડૂતો માટે કિસાનહિત અભિગમથી શરૂ થયેલી કિસાન સન્માન નિધિ યોજના તેમના માટે આશીર્વાદરૂપ બની છે. જો નિયત નેક અને સેવાની ભાવના હોય તો કિસાન હિતકારી અને જનસેવાલક્ષી કામો કેવી ગતિએ થઈ શકે તે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશ અને દુનિયાને બતાવ્યું છે. રાજ્ય સરકારે પણ સમગ્ર કૃષિ ક્ષેત્રને સમયાનુકૂળ બનાવવા અનેક પહેલ કરી છે.

આ વર્ષના બજેટમાં કૃષિ અને ખેડૂત કલ્યાણ માટે રૂ. ૨૨,૪૯૮ કરોડ રૂપિયાની જોગવાઈઓ સુનિશ્ચિત કરી છે. કિસાન ક્રેડિટ કાર્ડની ધિરાણ મર્યાદા પણ કેન્દ્ર સરકારની પેટર્ન મુજબ ૩ લાખથી વધારીને ૫ લાખ કરવામાં આવી છે. કિસાન સન્માન સમારોહના પ્રારંભે અતિ આધુનિક ટેકનોલૉજીથી સજ્જ કૃષિ પ્રગતિ-કમાન્ડ એન્ડ કંટ્રોલ સેન્ટર, વેબ પોર્ટલ અને મોબાઈલ એપનું ઈ-લોકાર્પણ કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલ, કૃષિ રાજ્યમંત્રી શ્રી બચુભાઈ ખાબડ અને અન્ય મહાનુભાવોની ઉપસ્થિતિમાં કૃષિ ઍવૉર્ડ વિજેતા ધરતીપુત્રોનું સન્માન કર્યું હતું.

રાજ્યભરમાં જિલ્લા-તાલુકા કક્ષાએ કિસાન સન્માન સમારોહનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં કેન્દ્રીય મંત્રીશ્રીઓ, રાજ્યમંત્રીશ્રીઓ, સાંસદશ્રીઓ અને ધારાસભ્યશ્રીઓ તથા સ્થાનિક આગેવાનોની ઉપસ્થિતિમાં રાજ્યની ખેડૂત કલ્યાણની યોજનાઓના લાભો ખેડૂતોને વિતરીત કરવામાં આવ્યા હતા. કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રીમતી નિમુબેન બાંભણીયાના અધ્યક્ષસ્થાને ભાવનગરના સણોસરામાં પ્રગતિશીલ ખેડૂતોને સન્માનિત કરવાની સાથે સહાયના ચેકનું વિતરણ કરવામાં આવ્યું હતું. જ્યારે નવસારીમાં કેન્દ્રીય જળ શક્તિ મંત્રી શ્રી સી.આર.પાટીલના અધ્યક્ષસ્થાને 'કિસાન સન્માન સમારોહ' કાર્યક્રમ યોજાયો હતો. જેમાં મહાનુભાવોના હસ્તે કૃષિલક્ષી વિવિધ યોજના હેઠળ નવસારી ખેડૂત લાભાર્થીઓને સહાય વિતરણ કરવા સહિત ખેડૂતોને સન્માનિત કરવામાં આવ્યા હતા. ●

# રાષ્ટ્રપતિશ્રીનું ગૌરવવંતુ આતિથ્ય




***રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીજી અને લોખંડી પુરૂષ સરદાર પટેલની ભૂમિ ગુજરાતને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી અને કેન્દ્રીય ગૃહમંત્રી શ્રી અમિતભાઈ શાહના શાસન દાયિત્વ અને કાર્ય પદ્ધતિ થકી એક આગવી ઓળખ પ્રાપ્ત થઈ છે. આદર્શ રાજ્યની સંકલ્પના સાકારિત કરતા ગુજરાતની ચાર દિવસીય મુલાકાતે દેશના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુ પહોંચ્યા હતા. રાષ્ટ્રપતિશ્રીના ગુજરાત પ્રવેશથી લઈને યાત્રાના સમાપન દરમિયાન ઠેર-ઠેર તેમનું ભાવભીનું સ્વાગત કરવામાં આવ્યું હતું.***

## સરદાર પટેલને ભાવાંજલિ

રાષ્ટ્રપતિશ્રીએ સૌ પ્રથમ નર્મદા જિલ્લાના એકતાનગર સ્થિત આધુનિક ભારતની શાન સમી વિશ્વની સૌથી ઊંચી ૧૮૨ મીટરની સરદાર વલ્લભભાઈ પટેલની પ્રતિમા - સ્ટેચ્યુ ઑફ યુનિટીની મુલાકાત લીધી હતી. તેમણે પુષ્પોથી સરદાર સાહેબની વિરાટ પ્રતિમાની પાદપૂજા કરી ભાવાંજલિ અર્પી સરદાર સાહેબની એકતા, અખંડિતતા અને અતૂટ ધૈર્યની ભાવનાની પ્રત્યક્ષ અનુભૂતિ કરી હતી. સાગબારા અને તિલકવાડાના આદિવાસી ભાઈ-બહેનોએ મેવાસી અને હોળી નૃત્ય જેવા પરંપરાગત આદિવાસી નૃત્ય દ્વારા વૉલ ઓફ યુનિટી ખાતે રાષ્ટ્રપતિશ્રીનું ઉષ્માભર્યું સ્વાગત કર્યું હતું. સ્ટેચ્યુ પરિસર સ્થિત પ્રદર્શન કક્ષ, વ્યુઈંગ ગેલેરી એટલે કે, સરદાર સાહેબના હૃદયસ્થાનેથી સરદાર સરોવર, નર્મદા ડેમ અને વિધ્યાંચલ-સાતપુડા ગિરીમાળાનું પ્રાકૃતિક સૌંદર્ય નિહાળ્યું હતું. ત્યારબાદ તેમણે જંગલ સફારી પાર્કમાં જેગુઆર, એશિયાઈ સિંહ, બેંગાલ ટાઈગર, દીપડો જેવા પ્રાણીઓ તેમજ પક્ષી ઘરમાં રહેલા દેશ અને દુનિયાના વિવિધ પ્રજાતિના પક્ષીઓને નજીકથી નિહાળી જંગલ સફારી પાર્ક વિશે જાણકારી મેળવી હતી.

રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ સ્ટેચ્યુ ઓફ યુનિટી પાસે વાગડિયા ગામમાં જી.એમ.આર. વારલક્ષ્મી ફાઉન્ડેશન સંચાલિત એકતા કૌશલ્યવર્ધન કેન્દ્રની મુલાકાત લીધી હતી. જ્યાં તેમણે વિવિધ કોર્સ; ફૂડ એન્ડ બેવરેજીસ સર્વિસ, હાઉસકીપીંગ અને ગેસ્ટ સર્વિસ અટેન્ડન્ટસ, ઈ-ઓટો- પિન્ક ઓટો ડ્રાઈવર, શોફર, ટેક્સી ડ્રાઈવર, ઈલેક્ટ્રીશ્યન, બ્યુટી થેરાપિસ્ટ, ઓફિસ ઓપરેશન્સ એક્ઝિક્યુટિવ અને ડોમેસ્ટિક ડેટા એન્ટ્રી ઓપરેટરના તાલીમાર્થીઓની મુલાકાત લીધી હતી. તેમણે રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજી અને રાજ્યના પ્રોટોકોલ મંત્રી શ્રી જગદીશભાઇ વિશ્વકર્મા સાથે વિવિધ ક્લાસરૂમ્સમાં જઈને તાલીમ મેળવી રહેલા વિદ્યાર્થીઓ સાથે સંવાદ કરી તાલીમાર્થીઓને પ્રોત્સાહિત કર્યા હતા. રાષ્ટ્રપતિશ્રીએ વિદ્યાર્થીઓએ બનાવેલી સલાડ ડિશ, ફ્રુટ આર્ટ, નેપ્કિન આર્ટ, કેક અને ડેઝર્ટ આર્ટ નિહાળ્યા હતા. ફૂડ અને બેવરેજીસના તાલીમાર્થીઓની સેન્ડવીચ, ખમણ, ભજીયા, ગોટા જેવા વ્યંજનોને કલાત્મક રીતે પ્રદર્શિત કરાયા હતા.

## NIDના ૪૩૦ વિદ્યાર્થીઓને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે પદવી એનાયત

અમદાવાદમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને નેશનલ ઈન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઈન (NID)નો ૪૪મો પદવીદાન સમારોહ યોજાયો હતો. જેમાં વિવિધ ફેકલ્ટીના કુલ- ૪૩૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. ૧૦૨ સ્નાતક વિદ્યાર્થીઓ, ૩૨૩ અનુસ્નાતક વિદ્યાર્થીઓ અને ૫ સ્કોલર્સને પી.એચડી.ની પદવી એનાયત કરવામાં આવી હતી. પદવીદાન સમારોહમાં સંબોધન કરતાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ જણાવ્યું હતું કે, અમદાવાદ નામાંકિત શૈક્ષણિક સંસ્થાઓનું ઉદગમ સ્થાન છે. ડિઝાઇન સમાજ અને દુનિયાના પ્રશ્નો અને સમસ્યાઓના સમાધાન પૂરા પાડે છે. ડિઝાઈન દ્રશ્ય ભાવને અસરકારક રીતે વ્યક્ત કરે છે. સાથે જ, તેમણે એનઆઈડી દ્વારા ડિઝાઇન કરવામાં આવેલી ગણતંત્ર દિવસની એટ હોમ સેરેમનીની આમંત્રણ પત્રિકાનો પણ ઉલ્લેખ કર્યો હતો. તેમણે ઉમેર્યું હતું કે, ડિઝાઇનના બહુઆયામી શિક્ષણ



સાથે નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઑફ ડિઝાઇન સમાજ નિર્માણ અને લોકસમસ્યાઓના હકારાત્મક ઉકેલ અર્થે અનેકવિધ સમાધાન પૂરા પાડે છે. ડિઝાઇન ક્ષેત્રે ક્રિએટિવ થિંકિંગ થકી છેવાડાના માનવીઓનાં જીવનધોરણમાં નોંધપાત્ર બદલાવ લાવવા સાથે દેશના સામાજિક અને આર્થિક વિકાસમાં આ સંસ્થા મહત્ત્વનું યોગદાન આપી રહી છે. ડિઝાઇન આપણા વારસા અને આધુનિકતાને સાથે લાવે છે. તેના યોગ્ય સંમિશ્રણ અને શ્રેષ્ઠ પ્રેક્ટિસિસ દ્વારા તે ગ્રામીણ અને આધુનિક ભારતના નિર્માણમાં નોંધપાત્ર યોગદાન આપે છે. ડિઝાઇનના માધ્યમથી ટ્રેડિશનલ સ્કિલ્સને આધુનિક જરૂરિયાતો માટે ઉપયોગી બનાવીને આ સંસ્થા સસ્ટેનેબલ લાઈવલીહુડ પૂરું પાડવામાં મહત્ત્વની સાબિત થઈ રહી છે.

આ અવસરે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, છેલ્લાં લગભગ પચાસ વર્ષોથી આ સંસ્થાએ ભારતમાં ડિઝાઇન ક્ષેત્રમાં જે કીર્તિમાન સ્થાપિત કર્યા છે, તેના માટે આ સંસ્થાના સંચાલકો અને વિદ્યાર્થીઓ અભિનંદનને પાત્ર છે. જે વિદ્યાર્થીઓએ પોતાની મહેનત, લગન, નિષ્ઠા અને પરિશ્રમથી ડિગ્રી મેળવી છે, તે વિદ્યાર્થીઓને તેમણે શુભકામનાઓ અને અભિનંદન પાઠવ્યા હતા.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વિશ્વને સ્માર્ટ અને સ્કિલ્ડ મેનપાવર સોલ્યુશન્સ ભારતે આપવાના છે. આપણે સૌએ સાથે મળીને ભારતને વિશ્વમાં માનવશક્તિનું સૌથી મોટું પાવર સેન્ટર બનાવવાનું છે. શીખવાની અને આગળ વધવાની પ્રક્રિયા સતત ચાલતી રહેવી જોઈએ, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારતના ચાર સ્તંભોમાં યુવા શક્તિને વિશેષ મહત્ત્વ આપ્યું છે. ભારતના યુવાનોની સ્કિલ, વિલ અને ઝીલ પર વડાપ્રધાનશ્રીને પૂરો ભરોસો છે. આ જ ભરોસાના દમ પર તેમણે દેશના યુવાનો, ઇનોવેટર્સ અને ડિઝાઇનર્સને 'ડિઝાઇન ઇન ઇન્ડિયા, ડિઝાઇન ફોર ધ વર્લ્ડ'નો મંત્ર આપ્યો છે. આ માત્ર એક સૂત્ર નથી, પરંતુ દેશમાં એક નવી અર્થવ્યવસ્થાના નિર્માણનો માર્ગ પણ છે.

આ પ્રસંગે કેન્દ્રીય મંત્રી શ્રી પિયુષ ગોયલે સૌ વિદ્યાર્થીઓને શુભકામનાઓ પાઠવતા જણાવ્યું કે, આપ સૌ અહીંથી પોતાના જીવનના શિલ્પકાર તરીકે નીકળી રહ્યા છો તે આનંદની વાત છે. આપની મહેનત અને કામથી આગામી સમયમાં આ સંસ્થા, પરિવાર અને દેશનું નામ ઉજ્જવળ કરશો એવો વિશ્વાસ મંત્રીશ્રીએ વ્યક્ત કર્યો હતો. NID દ્વારા આયોજિત એક્ઝિબિશનની મંત્રીશ્રીએ પ્રશંસા કરી હતી.

કેન્દ્રીય રાજ્યમંત્રી શ્રી જિતિન પ્રસાદએ કહ્યું હતું કે, નેશનલ ઇન્સ્ટિટ્યૂટ ઓફ ડિઝાઇન એ રાષ્ટ્રીય મહત્ત્વ ધરાવતું સંસ્થાન છે. એન.આઇ.ડી વર્તમાન વૈશ્વિક સમસ્યાઓના સમાધાન માટે સફળ પ્રયાસો કરી રહ્યું છે. એન.આઇ.ડી એ ભારતની સંસ્કૃતિ, ડિઝાઇનની વિરાસત, મિનિમમ કાર્બન ફૂટપ્રિન્ટ અને સિમ્પલ લિવિંગના સિદ્ધાંતોને વધુ વ્યાપ આપ્યો છે, વિશ્વ સમક્ષ ઉજાગર કર્યા છે. પદવીદાન સમારોહમાં કુલ ૪૩૦ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. ૧૦૨ સ્નાતક વિદ્યાર્થીઓને, ૩૨૩ અનુસ્નાતક વિદ્યાર્થીઓને અને ૫ સ્કોલર્સને પી.એચડીની પદવી એનાયત કરવામાં આવી હતી.

### 'સુલભ ન્યાય માટે ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની મહત્ત્વની ભૂમિકા'

ગાંધીનગરમાં રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુના અધ્યક્ષસ્થાને નેશનલ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટી (NFSU) નો ત્રીજો પદવીદાન સમારોહ યોજાયો હતો. સમારોહમાં રાષ્ટ્રપતિશ્રીના હસ્તે વિવિધ અભ્યાસક્રમોના કુલ ૧,૫૬૨ વિદ્યાર્થીઓને પદવી એનાયત કરવામાં આવી હતી. જેમાં ૧૨ વિદ્યાર્થીઓને ડોક્ટરેટ ઓફ ફિલોસોફી(PhD), એક વિદ્યાર્થીને ડોક્ટરેટ ઓફ લો (LLD)ની તેમજ અન્ય વિદ્યાર્થીઓને ડિપ્લોમા, સ્નાતક, અનુસ્નાતક અને અનુસ્નાતક ડિપ્લોમાની ડિગ્રી એનાયત કરવામાં આવી હતી. આ ઉપરાંત તેજસ્વી વિદ્યાર્થીઓને રાષ્ટ્રપતિશ્રીના હસ્તે સુવર્ણ ચંદ્રક પણ એનાયત કરાયા હતા.

ભારતના રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ગાંધીનગર સ્થિત NFSU અર્થાત રાષ્ટ્રીય ન્યાયાલયિક વિજ્ઞાન વિશ્વવિદ્યાલયના ત્રીજા દીક્ષાંત સમારોહમાં પદવી પ્રાપ્ત કરનાર વિદ્યાર્થીઓને શુભેચ્છા પાઠવી હતી. તેમણે પદવી પ્રાપ્ત કરવામાં સફળ થયેલા વિદ્યાર્થીઓને સંબોધતા જણાવ્યું હતું કે, સંવેદનશીલ ન્યાય પ્રણાલી પર આધારિત વિકસિત ભારતના નિર્માણ માટે આપણે સૌ પ્રતિબદ્ધ બનીએ. વિશ્વભરમાં ફોરેન્સિક સાયન્સનું મહત્ત્વ વધી રહ્યું છે, દુનિયાના શ્રેષ્ઠ એવા આ વિશ્વવિદ્યાલયમાંથી આજે ૧૫ દેશોના લગભગ ૭૦થી વધુ વિદ્યાર્થીઓએ પણ પદવી પ્રાપ્ત કરી છે. એટલું જ નહીં,

## મુલાકાત



આ યુનિવર્સિટીમાં સિવિલ સર્વિસીસ, ઇન્ડિયન પોલીસ સર્વિસ, ફાયનાન્સ, બેન્કિંગ, ન્યાયપાલિકા સહિત મહત્ત્વના ક્ષેત્રોના ૩૦,૦૦૦ જેટલા ઓફિસર્સને પણ પ્રશિક્ષણ આપવામાં આવ્યું છે.

અપરાધીઓનું નિયંત્રણ તેમજ છેવાડાના નાગરિકોને ઝડપી અને સુલભ ન્યાય મળે તે માટે ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની ભૂમિકા મહત્ત્વની છે. દેશમાં ફોરેન્સિક સાયન્સીસ આધારિત ઈકોસીસ્ટમ સુદ્રઢ કરવા મિશન મોડ પર કાર્ય થઇ રહ્યુ છે. જે અપરાધમાં દંડની સમયાવધિ સાત વર્ષ કે તેથી વધુ હોય, તેવા કિસ્સામાં ફોરેન્સિક એક્સપર્ટ દ્વારા ગુનાની તપાસ ફરજિયાત કરવાના કારણે આ ક્ષેત્રના તજજ્ઞોની તાતી જરૂરિયાત ઊભી થશે. આ જરૂરિયાત National Forensic science University-ગાંધીનગર પૂર્ણ કરશે.

આ પ્રસંગે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ કહ્યું હતું કે, આપણા સૌના માટે એ ગૌરવની વાત છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઇ મોદીએ જે મિશન અને ઉદ્દેશ્યને ધ્યાનમાં રાખીને આ વિશ્વવિદ્યાલયની સ્થાપના કરી હતી, યુનિવર્સિટી પોતાના એ ધ્યેયની પરિપૂર્તિની દિશામાં ઝડપથી આગળ વધી રહી છે. આ યુનિવર્સિટી આવનારા પડકારોનો સામનો કરવા માટે પ્રતિબદ્ધ અને સુસજ્જ છે. અમાનવીય પ્રવૃત્તિઓ અને અનૈતિક વર્તન જે રીતે સમાજને દૂષિત કરે છે, એવી શક્તિઓનો દૃઢતાપૂર્વક સામનો કરી, સારા સમાજની સ્થાપના કરવી આપણા સૌનું પરમ કર્તવ્ય છે. આ વિચારો સાથે જ NFSUનો આરંભ થયો હતો. આજે વિદ્યાર્થી-વિદ્યાર્થીનીઓ પોતાની યોગ્યતા વિકસાવીને વિવિધ ક્ષેત્રોમાં ડિગ્રી પ્રાપ્ત કરી રહ્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઇ પટેલે આ પદવીદાન સમારોહમાં યુવા છાત્રોને પ્રેરણા આપતા કહ્યું કે, વિશ્વ નેતા અને યશસ્વી વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ફોરેન્સિક સાયન્સ યુનિવર્સિટી ગુજરાતમાં શરૂ કરાવવાના આગવા વિઝનથી આ સેક્ટરમાં યુવાશક્તિને નવા અવસરો અને નવી તકો આપી છે. વડાપ્રધાનશ્રી એવા દૂરદર્શી નેતા છે જે, ભવિષ્યમાં આવનારા પડકારોનો અને તેના સમાધાનનો વિચાર પહેલેથી જ કરી લે છે. તેમની આવી સૂઝના પરિપાકરૂપે ગુજરાતને વિશ્વની પ્રથમ ફોરેન્સિક સાયન્સીસ યુનિવર્સિટીની ભેટ મળી છે, તેનું મુખ્યમંત્રીશ્રીએ ગૌરવ કર્યું હતું.

કચ્છ મુલાકાતના બીજા દિવસે રાષ્ટ્રપતિશ્રીએ યુનેસ્કો વર્લ્ડ હેરિટેજ સાઈટ ધોળાવીરાની મુલાકાત કરી હતી. અહીં વૃક્ષારોપણ કરીને તેમણે ઉત્ખનનમાં મળી આવેલું બાંધકામ અને અવશેષોને નિહાળ્યા હતા. રાષ્ટ્રપતિશ્રીની સમગ્ર મુલાકાત તેમને ગુજરાતના શિક્ષણ, સંસ્કૃતિ અને સ્થાપત્યનો સુપેરે પરિચય કરાવનારી બની રહી. એકતાનગર, અમદાવાદ, ગાંધીનગર અને ધોરડો અને ધોળાવીરામાં વિવિધ કાર્યક્રમો અને મુલાકાતોના માધ્યમથી ગુજરાત અને ગુજરાતીઓનું આતિથ્ય માણ્યું હતું. ●


*રાષ્ટ્રપતિ શ્રીમતી દ્રૌપદી મુર્મુએ ભુજમાં સ્મૃતિવન ભૂકંપ મેમોરિયલ એન્ડ મ્યૂઝિયમની મુલાકાત લીધી હતી. તેઓશ્રીએ સ્મૃતિવન મેમોરિયલની વિવિધ ગેલેરીઓ નિહાળી હતી. કચ્છમાં આવેલા વિનાશક ભૂકંપ બાદ કેવી રીતે કચ્છ બેઠું થયું તે અંગેની વિગતોથી તેઓ માહિતગાર થયા હતા. આ તકે તેમણે વિશ્વના સૌથી મોટા ભૂકંપ સિમ્યુલેટર પર વર્ષ ૨૦૦૧માં આવેલા કચ્છના ભૂકંપનો અનુભવ પણ કર્યો હતો.*













## ૧૫મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રના પ્રારંભે રાજ્યપાલશ્રીનું સંબોધન

# સેવા, સંકલ્પ અને સમર્પણનાં બે વર્ષ

'ગુજરાત' શબ્દ સાંભળતાં જ આપણા માનસપટ પર વિકાસનો નકશો ઊભરી આવે છે. ગુજરાતના ઈતિહાસમાં પાછલા અઢી દાયકાનો શાસનકાળ ગુજરાતના સુવર્ણયુગ સ્વરૂપે લોકહૃદયમાં અંકિત છે. ૧૫ મી ગુજરાત વિધાનસભાના છઠ્ઠા સત્રના પ્રારંભે રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતજીએ વિધાનસભા ગૃહને સંબોધતાં કહ્યું હતું કે, મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં ગુજરાત સરકારના પાછલા બે વર્ષ સેવા, સંકલ્પ અને સમર્પણના રહ્યા છે. વિકાસની તમામ યોજનાઓમાં GYAN - ગરીબ, યુવા, અન્નદાતા-ખેડૂત અને નારીશક્તિ કેન્દ્રસ્થાને રહ્યા છે. ગુજરાતે પાછલા ત્રણ વર્ષોમાં વિવિધ ૧૨ પૉલિસીઓનો અસરકારક અમલ કરીને 'પૉલિસી ડ્રિવન સ્ટેટ' તરીકેની છબી વધુ મજબૂત કરી છે.



રાજયપાલ શ્રી આચાર્ય દેવવ્રતે કહ્યું હતું કે, વિકસિત ભારત' માટે 'વિકસિત ગુજરાત'ના ધ્યેય મંત્ર સાથે રાજ્ય સરકારે વિકસિત ગુજરાત@૨૦૪૭ ડાયનેમિક ડોક્યુમેન્ટ-રોડમેપ તૈયાર કર્યો છે. 'અર્નિંગ વેલ' અને 'લિવિંગ વેલ' એમ બે મુખ્ય પિલ્લર પર આધારિત આ રોડમેપ દ્વારા રાજ્યના લોકોનું જીવનધોરણ સુગમ અને સર્વોત્તમ બનાવવાનાં અને તેમની સમૃદ્ધિને અર્થવ્યવસ્થામાં સહભાગી બનાવવાના લક્ષ્ય સાથે રાજ્ય સરકાર આગળ વધી રહી છે. આ લક્ષ્ય સુઆયોજિત અને સુવ્યવસ્થિત રીતે સિદ્ધ કરવા માટે તેમજ લાંબા ગાળાની નીતિ અને વ્યૂહરચના ઘડવા માટેની 'થિન્ક ટેન્ક' તરીકે ગુજરાત રાજ્ય દ્વારા ઈન્સ્ટિટ્યૂશન કોર ટ્રાન્સ્ફોર્મેશન - ગ્રીટની સ્થાપના કરવામાં આવી છે. રાજ્યની ઔદ્યોગિક પ્રગતિના સીમાચિહ્ન રૂપ ધોલેરા 'પ્રથમ ગ્રીનફિલ્ડ સ્માર્ટ સિટી' બનવાનું છે. રાજ્ય સરકારે સેમિકન્ડક્ટર અને ઈલેક્ટ્રોનિક્સ મૅન્યૂફૅક્ચરિંગ માટે ધોલેરામાં 'પ્લગ એન્ડ પ્લે' સુવિધા વિકસાવી છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકારે 'ગુજરાત સેમિકન્ડક્ટર પૉલિસી ૨૦૨૨-૨૭' જાહેર કરી છે. દેશભરનાં રાજ્યોમાં સૌપ્રથમ સેમિકન્ડક્ટર પૉલિસી ગુજરાતે અમલી બનાવી છે.

દેશમાં સૌપ્રથમ વર્ષ ૨૦૦૯ માં 'સોલાર પૉલિસી' જાહેર કરી ગુજરાતે ડિસેમ્બર ૨૦૨૪ ની સ્થિતિએ ૧૬,૭૯૫ મે.વો. કુલ સ્થાપિત ક્ષમતા પ્રાપ્ત કરી છે. રાજ્યે રૂફટોપ સોલારને પણ સતત પ્રોત્સાહન આપી કુલ ૪૮૨૨ મે.વો. સ્થાપિત ક્ષમતા સાથે દેશમાં પ્રથમ સ્થાન મેળવ્યું છે.


ભૂજ-કચ્છના સ્મૃતિવન મ્યુઝિયમને યુનેસ્કોનું પ્રતિષ્ઠિત 'પ્રિક્સ વર્સેઈલ્સ ૨૦૨૪ વર્લ્ડ ટાઈટલ' એનાયત થયું. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના જન્મસ્થળ વડનગરમાં આર્કિયોલોજિકલ એક્સપિરિયન્સલ મ્યુઝિયમ માત્ર પુરાતન સંસ્કૃતિ જ નહીં, પરંતુ વ્યાપાર, નગરરચના, શિક્ષા અને શાસન-વ્યવસ્થાના યોગદાનને પણ ઉજાગર કરે છે. ●

## બજેટ ૨૦૨૫ -૨૬ "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું" : CM



મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૨૦૨૫-૨૬ના વર્ષના ગુજરાતના બજેટને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં "વિઝન વિકસિત ગુજરાતનું, મિશન જનકલ્યાણનું"ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ ગણાવ્યું હતું. નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં પ્રસ્તુત કરેલા આ બજેટને તેમણે વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને આયોજનબદ્ધ રીતે પ્રજા કલ્યાણ યોજનાઓથી અમલમાં મૂકવાનો આલેખ ગણાવ્યું છે. આ માટે રૂ. ૫૦ હજાર કરોડનાં પ્રાવધાન સાથે વિકસિત ગુજરાત ફંડની સ્થાપનાને તેમણે મહત્ત્વપૂર્ણ ગણાવી છે. રાજ્યના અત્યાર સુધીના ઈતિહાસનું સૌથી મોટા કદના એટલે કે રૂ.૩.૭૦ લાખ કરોડનાં આ બજેટમાં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગયા વર્ષની તુલનાએ ૨૧.૮%નો વધારો એ વિકાસ માટેની પ્રતિબદ્ધતા છે. ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો છે. ●

બજેટ વિશેષ



# વિકાસના પાંચ સ્તંભ આધારિત રૂ. ૩.૭૦ લાખ કરોડનું રાજ્યના ઇતિહાસનું સૌથી મોટું બજેટ

# વિઝન વિકસિત ગુજરાતનું.. મિશન જનકલ્યાણનું..

**જયેશ દવે**

વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્રભાઈ મોદીએ GYAN... અર્થાત્ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સર્વાંગીણ વિકાસ ઉપર ધ્યાન કેન્દ્રિત કર્યું છે.ગુજરાતની વિકાસયાત્રાને નવી ઊર્જા પ્રદાન કરી વધુ વેગવાન બનાવવા અને વિકસિત ભારત@૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા વિકસિત ગુજરાતના નિર્માણના ધ્યેય સાથે રાજ્યના સર્વાંગીણ વિકાસનો આલેખ પ્રસ્તુત કરતું રાજ્યનું અંદાજપત્ર-૨૦૨૫ માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કર્મઠ નેતૃત્વમાં નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભા ગૃહમાં રજૂ કર્યું હતું. ગુજરાત રાજ્યનું અત્યાર સુધીનું સૌથી મોટું એવું રૂ.૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનું બજેટ અનેક રીતે ઐતિહાસિક બની રહ્યું છે. દેશની જમીનના માત્ર ૬ ટકા અને કુલ વસતીના માત્ર ૫ ટકા હિસ્સો ધરાવતું દેશનું ગ્રોથ એન્જિન એવા ગુજરાત રાજ્યે નીતિ આયોગના વર્ષ ૨૦૨૫ના રાજકોષીય શિસ્ત સૂચકાંકમાં "એચિવર્સ"નો દરજ્જો પ્રાપ્ત કર્યો છે. ગુજરાત દેશના કુલ જી.ડી.પી.માં ૮.૩ ટકાનું યોગદાન આપી રહ્યું છે.. જેને વર્ષ ૨૦૩૦ સુધીમાં ૧૦ ટકાથી ઉપર લઈ જવા રાજ્ય સરકારે લક્ષ્યાંક રાખ્યો છે. આ વર્ષનું બજેટ આ દિશામાં નક્કર કદમ સમાન બની રહેશે.


મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના કર્મઠ નેતૃત્વમાં ગુજરાત રાજ્યે પણ આ સંકલ્પની સિદ્ધિ માટે અંદાજપત્રમાં આ ક્ષેત્રો માટે વિશેષ કાળજી લીધી છે. GYAN... અર્થાત્ ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના સર્વાંગીણ વિકાસના પાયા ઉપર રચાયેલા અને વિકાસના પાંચ સ્તંભ એવા - સામાજિક સુરક્ષા, માનવ સંસાધન વિકાસ, આંતરમાળખાકીય સુવિધાઓ, આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ અને ગ્રીન ગ્રોથને વરેલું આ બજેટ ગુજરાતના વિકાસવૈભવને નવી ઊંચાઈએ પ્રસ્થાપિત કરશે. અને એટલે જ રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે વર્ષ ૨૦૨૫-૨૬ના ગુજરાતના બજેટને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં "વિઝન... વિકસિત ગુજરાતનું, મિશન... જનકલ્યાણનું"ની પ્રતિબદ્ધતા દર્શાવતું બજેટ ગણાવ્યું હતું. મુખ્યમંત્રીશ્રીએ પ્રગતિ અને ઉન્નતિના નિત્ય નવા આયામો સર કરતા ગુજરાતના સૌ નાગરિકોના જીવનને સુગમ્ય, સમૃદ્ધ અને સંતોષપ્રદ બનાવવાનો સફળ પ્રયાસ આ બજેટમાં થયો હોવાનું પણ જણાવ્યું હતું. આ અંદાજપત્રને વિધાનસભામાં પ્રસ્તુત કરતાં રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ આ બજેટને વડાપ્રધાનશ્રીના વિકસિત ભારતના વિઝનને પ્રજાકલ્યાણ યોજનાઓથી આયોજનબદ્ધ રીતે અમલમાં મૂકવાનો દસ્તાવેજ ગણાવ્યું હતું.











રાજ્યના અત્યાર સુધીના ઇતિહાસના સૌથી મોટા કદના એટલે કે રૂ.૩ લાખ ૭૦ હજાર ૨૫૦ કરોડનાં આ બજેટમાં નાણામંત્રીશ્રીએ શહેરી વિકાસ ક્ષેત્રે ૪૦ ટકાનો વધારો કરીને વર્ષ ૨૦૨૫ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાની ઘોષણા કરી. જેના કારણે આવનારા દિવસોમાં રાજ્યનાં શહેરોની વિકાસગતિ વધુ તેજ બનશે એટલું જ નહીં, નવી રચાયેલી નવ મહાનગરપાલિકાઓ માટે માળખાકીય વિકાસ સહિતનાં કામો માટે આ બજેટમાં રૂ. ૨૩૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના હેઠળ ૮૦:૨૦ના ધોરણે જનભાગીદારીથી ‘કેચ ધ રેઇન’ અભિયાન હેઠળ ભૂગર્ભ જળ રિચાર્જ માટે રૂ ૨૫૦ કરોડની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે. સાબરમતી રીવરફ્રન્ટના બીજા તબક્કાની કામગીરી માટે રૂ. ૩૫૦ કરોડ અને અમદાવાદ-ગાંધીનગર અને સુરત મેટ્રો વિસ્તરણ માટે આગામી વર્ષમાં રૂ. ૨૭૩૦ કરોડનાં ખર્ચની જોગવાઈ પણ કરવામાં આવી છે.

ઈન્ફ્રાસ્ટ્રક્ચર અને કનેક્ટિવિટી માટે આ બજેટમાં કરવામાં આવેલી જોગવાઈઓ રાજ્યના વિકાસને વધુ ઊંચાઈ પ્રદાન કરશે. વિકસિત ગુજરાત માટે છ રિજનલ ઇકોનોમિક પ્લાન તૈયાર કરવાના ધ્યેય સાથે સુરત રિજન, અમદાવાદ રિજન, વડોદરા રિજન, રાજકોટ રિજન, સૌરાષ્ટ્ર કોસ્ટલ રિજન અને કચ્છ રિજન એમ કુલ છ રિજનલ ગ્રોથ હબ બનાવવાનું આ બજેટમાં પ્રાવધાન છે. રાજ્ય માટે રોડ નેટવર્ક વિકાસની ધોરી નસ સમાન હોય છે. આ વાતને ધ્યાનમાં રાખીને રાજ્ય સરકારે સમગ્ર રાજ્યમાં વર્લ્ડ ક્લાસ રોડ નેટવર્કનું માળખું સ્થપાય તે માટે નક્કર પ્રયાસો કર્યા છે. આ પ્રયાસોનું પ્રતિબિંબ આ વર્ષના બજેટમાં પણ જોવા મળ્યું છે. વિકસિત ગુજરાતની દિશાને નવી ગતિ આપવા બે નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ-વે અને ૧૨ નવા હાઇસ્પીડ કૉરિડોર વિકસાવવાની ઘોષણા કરવામાં આવી છે. નમોશક્તી એક્સપ્રેસ-વેના નિર્માણથી ઉત્તર ગુજરાતના ડીસાને સૌરાષ્ટ્રના સમુદ્રી વિસ્તાર પીપાવાવ સાથે જોડવાથી કોસ્ટલ બેલ્ટના ઔદ્યોગિક, સામાજિક, આર્થિક વિકાસને વેગ મળશે. એટલું જ નહિ, સોમનાથ-દ્વારકા એક્સપ્રેસ-વેના વિકાસથી દ્વારકા, પોરબંદર અને સોમનાથ જતા પ્રવાસીઓને વધુ સરળ અને ઉત્તમ કનેક્ટિવિટી મળશે.

રાજ્યમાં કૃષિ, ઉદ્યોગ અને સેવાક્ષેત્રના સમ્યક વિકાસનું દર્શન આ અંદાજપત્રમાં થાય છે. કૃષિ ક્ષેત્ર આધુનિક બને અને અન્નદાતા વધુ સક્ષમ બને તે રાજ્ય સરકારની પ્રાથમિકતા છે. કૃષિ યાંત્રિકીકરણ માટે બજેટમાં રૂ. ૧૬૧૨ કરોડ ફાળવીને રાજ્યના ખેડૂતો અને ખેતીનો ખ્યાલ રાખવામાં આવ્યો છે. કિસાન સૂર્યોદય યોજનાને સુદૃઢ કરવા બજેટમાં રૂ. ૨૧૭૫ કરોડની ફાળવણી કરવામાં આવી છે.

જ્યારે એમએસએમઇ, સ્ટાર્ટ અપ્સ અને મોટા ઉદ્યોગો માટે બજેટમાં રૂ. ૩૬૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેના દ્વારા લગભગ પાંચ લાખ પ્રત્યક્ષ અને પરોક્ષ રોજગારી સર્જનનો લક્ષ્યાંક રાખવામાં આવ્યો છે. આ વર્ષના અંદાજપત્રમાં પ્રવાસનને મહત્ત્વ આપવાનો રાજ્ય સરકારનો આગવો અંદાજ જોઈ શકાય છે. ઓલિમ્પિક રેડીનેસ પ્રોગ્રામને ધ્યાનમાં રાખીને સ્પોર્ટ્સ ઈન્ફ્રાસ્ટ્રક્ચરના નિર્માણ ઉપર ભાર મૂકી વિવિધ જિલ્લામાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સનું નિર્માણ થશે.

# આ વર્ષે ગુજરાતના બજેટમાં શું છે ખાસ...

**આ વર્ષના બજેટમાં ગુજરાતના સર્વાંગી વિકાસનો રેડમેપ તૈયાર કરવામાં આવ્યો છે. જે મુજબ રોડ નેટવર્ક, નગરોનું આધુનિકીકરણ, મિલકતોનું હાઈ મેપિંગ, નગરપાલિકાનું અપગ્રેડશન, મહાનગરપાલિકાઓને સુવિધા માટે સહાય, પ્રધાનમંત્રી આવાસ યોજના સહાયમાં વધારો, કેચ ધ રેઇન પ્રોજેક્ટ, ધાર્મિક શહેરોનો સર્વાંગી વિકાસ, પાંચ નવા સેટેલાઇટ શહેરો, પ્રાદેશિક વેસ્ટ ટુ એનર્જી પ્લાન્ટ્સ સહિતના યોજનાકીય આયોજન થકી ગુજરાતના વિકાસને નવી ઊંચાઈ આપવામાં આવશે.**

**૦૧**

**રાજ્યની મુખ્ય યોજના - SJMMSVY હેઠળ બજેટ ફાળવણીમાં ૪૫% વધારો**

જોગવાઇ રૂ. ૧૨૮૪૭ કરોડ
(૨૦૨૪-૨૫ ની જોગવાઇ રૂ.૮૮૮૩)

**02**

**નગપાલિકાઓનું પરિવર્તન**

(જિલ્લા મુખ્ય મથક ખંભાળિયા, લુણાવાડા, મોડાસા, વ્યારા, છોટા ઉદેપુર, દાહોદ અને રાજપીપળા સહિત ૬૯ ન.પા.ને એક ઉચ્ચ કેટેગરીમાં અપગ્રેડ કરાશે)

**03**

**નવી ૯ મ.ન.પા.ને મૂળભૂત માળખાગત સુવિધાઓ અને વહીવટી ખર્ચ માટે સહાય**

નવી બાબત રૂ. ૫૦૦ કરોડ
કુલ ફાળવણી રૂ.૨૩૦૦ કરોડ

**04**

**PMAY 2.0 - પ્રતિ ઘર ૫૦,૦૦૦ રૂપિયાની વધારાની રાજ્ય નાણાકીય સહાય (BLC અને AHP ઘટકો હેઠળ)**

કુલ બજેટ ૧,૩૫૦ કરોડ રૂપિયા.



**05 સ્વચ્છ શહેર, સુંદર શહેર યોજના**
(શહેરનું સુશોભન, SBM ૨.૦ અને નિર્મલ ગુજરાત ૨.૦ હેઠળ સ્વચ્છતામાં સુધારો અને SWM)

**06 ગુજરાત મેટ્રો રેલ નેટવર્ક પ્રોજેક્ટ્સ**
(અમદાવાદમાં નેટવર્ક વિસ્તરણ માટે સર્વેક્ષણો/અભ્યાસ માટે રૂ. ૧૫૦ કરોડ) કુલ જોગવાઇ રૂ. ૨૭૩૦ કરોડ

**7 SVP એન્કલેવ, અમદાવાદ**
જોગવાઇ રૂ. ૨૫૦ કરોડ

**8 સાબરમતી રિવરફ્રન્ટ (ફેઝ III થી VII)**
જોગવાઇ રૂ. ૧૦૦ કરોડ

**9 મુખ્ય મંત્રી ગ્રીન રીંગ રોડ યોજના**
(મ્યુનિસિપલ કોર્પોરેશનોમાં રિંગ રોડ વિકાસ) જોગવાઇ રૂ. ૨૦૦ કરોડ

**10 આઇકોનિક રોડ**
(૯ નવી મ.ન.પા. અને અ-વર્ગ નગરપાલિકાઓમાં) જોગવાઇ રૂ. ૨૦૦ કરોડ

**11 ૮૦:૨૦ જનભાગીદારી હેઠળ "કેચ ધ રેઇન" પ્રોજેક્ટ**
જોગવાઇ રૂ. ૨૫૦ કરોડ

**12 ધાર્મિક શહેરોનો સર્વાંગી વિકાસ યોજના**
(ધાર્મિક શહેરો જેવા કે, દ્વારકા, પાલિતાણા, ચોટિલા અને ડાકોર) જોગવાઇ રૂ. ૨૦૦ કરોડ

**13 વડનગર હેરિટેજ સિટીનો વિકાસ**
(અ વર્ગ નગરપાલિકામાં અપગ્રેડેશન)

**14 પાંચ નવા સેટેલાઇટ શહેરો**
(સાણંદ સહિત) જોગવાઇ રૂ. ૫૦ કરોડ

**15 નગર આયોજનનું આધુનિકીકરણ**
(ODPS 3.0, આયોજન પોર્ટલ, સ્પેશિયલ પ્રોજેક્ટ સેલ) જોગવાઈ રૂ.૯ કરોડ

**16 ગુજરાત અર્બન એટલાસ**
(મિલકતો અને ઉપયોગિતાઓનું GIS મેપિંગ) જોગવાઈ રૂ. ૧૦ કરોડ

**17 ૧૨ મહાનગર પાલિકાઓમાં ICCC**
(CCTV ફીક્સ, પ્રદર્શન દેખરેખ, SCADA વગેરે સાથે) જોગવાઇ રૂ. ૧૮૦ કરોડ

**18 ૧૮, એક રાજ્ય એક ફાયર કેડર અને સંકલિત F&ES**
જોગવાઇ રૂ. ૧૬૦ કરોડ


**19 પ્રાદેશિક વેસ્ટ ટુ એનેર્જી પ્લાન્ટ્સ**
નિર્મલ ગુજરાત ૨.૦ હેઠળ નગરપાલિકાઓને પરિવહન ખર્ચ સહાય જોગવાઈ રૂ. ૫૦ કરોડ


**20 પીપીપી મોડ પર વડોદરા અને રાજકોટમાં કન્વેન્શન સેન્ટર**
જોગવાઇ રૂ. ૫૦ કરોડ

આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સના આ યુગમાં યુવાશક્તી વિશ્વ સાથે કદમ મિલાવી શકે તે માટે સાત ટેકનિકલ સંસ્થાઓમાં એ.આઇ. લેબ અને સ્ટાર્ટઅપ માટે અનુકૂળ ઇકોસિસ્ટિમ ઊભી કરીને સ્ટાર્ટઅપને વેગ આપવા તેમજ ચાર રિજનમાં આઈ-હબની સ્થાપનાનો બજેટમાં નિર્ણય કરવામાં આવ્યો છે. રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજના સહિત વિવિધ આવાસ યોજના માટે અપાતી રૂ. ૧ લાખ ૨૦ હજારની સહાયમાં ૫૦ હજાર રૂપિયાનો વધારો કરવામાં આવ્યો છે. હવે દરેક લાભાર્થીને રૂ. ૧ લાખ ૭૦ હજારની સહાય આપવાની બજેટમાં જાહેરાત કરવામાં આવી છે અંબાજીથી ઉમરગામ સુધીના સમગ્ર આદિજાતિ બેલ્ટમાં વસવાટ કરતાં વનબંધુઓના વિકાસ માટેની વનબંધુ કલ્યાણ યોજના અંતર્ગત ૩૦,૧૨૧ કરોડ રૂપિયા બજેટમાં ફાળવવામાં આવ્યા છે. જ્યારે નારીશક્તિના સશક્તીકરણ અને આત્મનિર્ભરતા માટે મહત્ત્વપૂર્ણ એવી 'સખી સાહસ યોજના' દ્વારા સ્વ-સહાય જૂથની બહેનોને સાધન સહાય, લોન ગૅરંટી જેવી સહાય-સુવિધા માટે રાજ્ય સરકાર મદદરૂપ થશે. રાજ્ય સરકારે પોષણને મહત્ત્વ આપીને વિવિધ પોષણ યોજનાઓ માટે ગત વર્ષ કરતા આ વર્ષે લગભગ ૨૧ ટકાનો વધારો કરી અંદાજિત રૂ. ૮૨૦૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. જેમાં મુખ્યત્વે મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના અંતર્ગત ૩૨,૨૭૭ શાળાના ૪૧ લાખ વિદ્યાર્થીઓને લાભ મળી શકે તે માટે બજેટમાં કુલ રૂ. ૬૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ૭૨ તાલુકામાં સ્વૈચ્છિક સંસ્થાઓની મદદથી સેન્ટ્રલાઇઝ્ડ કિચન વ્યવસ્થા ઊભી કરવા રૂ. ૫૫૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

પર્યાવરણની જાળવણીના ધ્યેય સાથે બાળકો અને મહિલાના આરોગ્યની ચિંતા કરીને રાજ્ય સરકારે પ્રધાનમંત્રી ઉજ્જવલા યોજના તથા રાજ્ય સરકારની પીએનજી - એલપીજી સહાય યોજના માટે બજેટમાં રૂ. ૫૦૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે. આ ઉપરાંત જનતા જૂથ અકસ્માત વીમા યોજના હેઠળ રૂ. ૫૦ હજારથી રૂ ૨ લાખ સુધીનું વીમા






કવચ આપવામાં આવતું હતું તેમાં વધારો કરીને રૂ. ૨ લાખથી રૂ. ૪ લાખ સુધીનું વીમા કવચ પૂરું પાડવાની બજેટમાં કરાયેલી જાહેરાતથી વિવિધ કેટેગરીના અંદાજિત ૪ કરોડ ૪૫ લાખથી વધુ લાભાર્થીઓને વીમા કવચ દ્વારા આર્થિક સુરક્ષા પૂરી પાડી શકાશે.

ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન અટલબિહારી વાજપેયીજીના જન્મ શતાબ્દી વર્ષની ઉજવણીના અવસરે સુશાસન ક્ષેત્રે શ્રેષ્ઠ પરિણામો હાંસલ કરવા અને રાજ્યના વહીવટી માળખામાં તેમજ કાર્યપદ્ધતિમાં જરૂરી સુધારા કરવાના હેતુથી રાજ્યમાં "ગુજરાત વહીવટી સુધારણા પંચ"ની સ્થાપના અને આગામી પાંચ વર્ષમાં ગુજરાતની વિકાસ ગતિને વધુ તેજ બનાવવાના પ્રયાસરૂપે રૂ. ૫૦ હજાર કરોડની જોગવાઈ ધરાવતા "વિકસિત ગુજરાત ફંડ"ની સ્થાપનાના રાજ્ય સરકારના નિર્ણયો ગુજરાતના સર્વાંગીણ વિકાસ માટે સીમાચિહ્નરૂપ સાબિત થશે.

વિકસિત ભારત માટે વિકસિત ગુજરાતના ધ્યેયમંત્ર સાથે ગુજરાત સરકારે આ અંદાજપત્ર દ્વારા વિકસિત ગુજરાત-૨૦૪૭નો રોડમેપ તૈયાર કર્યો છે. બે દાયકાના અવિરત વિકાસનું સાતત્ય જાળવી રાખી આગામી બે દાયકામાં રાજ્યના નાગરિકો સમૃદ્ધ જીવન અને સમૃદ્ધ આવક (Living Well and Earnign Well)મેળવી શકે તે માટેનું ચિંતન અને દિશાદર્શન આ અંદાજપત્રમાં જોઈ શકાય છે.

### પ્રથમ સ્તંભ : સામાજિક સુરક્ષા

સમાજના વંચિત સમુદાયના જીવનના દરેક તબક્કાને આવરી લઈ, બાળ સંરક્ષણથી વૃદ્ધત્વ સુધી સહાય પૂરી પાડવા, વિકાસના પ્રથમ સ્તંભ એવા સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગ માટે આ વર્ષના અંદાજપત્રમાં કુલ રૂ.૬૮૦૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પ્રાથમિક શાળામાં અભ્યાસ કરતા અનુ. જાતિ અને વિકસતી જાતિના અંદાજે ૪૨ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ અને

ગણવેશ સહાય આપવા માટે રૂ.૭૧૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. પી.એમ.યશસ્વી પ્રિ-મેટ્રિક અને પોસ્ટ-મેટ્રિક શિષ્યવૃત્તિ યોજના માટે રૂ.૫૨૦ કરોડની જોગવાઈ તેમજ વિદેશ અભ્યાસ લોન યોજના અંતર્ગત અનુ. જાતિના વિદ્યાર્થીઓ માટે રૂ.૧૦૦ કરોડ અને વિકસતી જાતિના વિદ્યાર્થીઓ માટે રૂ.૮૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.


સરસ્વતી સાધના યોજના અંતર્ગત ધોરણ ૯માં અભ્યાસ કરતી ૧ લાખ ૨૫ હજાર વિદ્યાર્થિનીઓને અને અનુ. જાતિની ૧૩,૬૦૦ વિદ્યાર્થિનીઓને વિનામૂલ્યે સાઇકલ આપવા માટે રૂ.૮૪ કરોડની જોગવાઈ કરાઈ છે. જ્યારે બાલવાટિકામાં અભ્યાસ કરનારા અંદાજે ૨ લાખ ૨૨ હજાર વિદ્યાર્થીઓને ગણવેશ સહાય આપવા માટે રૂ.૨૦ કરોડનો ખર્ચ થશે. આ બજેટમાં દિવ્યાંગોની વિશેષ કાળજી લેવામાં આવી છે. રાજ્ય સરકારે સંત સુરદાસ યોજના હેઠળ ૮૦ ટકાને બદલે હવેથી ૬૦ ટકા કે તેથી વધુ દિવ્યાંગતા ધરાવતા ૮૫ હજારથી વધુ દિવ્યાંગજનોને પણ વાર્ષિક રૂ. ૧૨ હજારની સહાય આપવાની બજેટમાં જાહેરાત કરી છે. સંત સુરદાસ યોજના હેઠળ કુલ રૂ.૧૭૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

આ અંદાજપત્રમાં આદિજાતિ વિકાસ વિભાગ માટે કુલ રૂ.૫૧૨૦ કરોડની બજેટ ફાળવણી કરવામાં આવી છે. વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત આ વર્ષે અંદાજિત રૂ.૩૦,૧૨૧ કરોડની ફાળવણી કરવામાં આવતાં આ યોજનામાં કુલ રૂ.૧ લાખ કરોડનો લક્ષ્યાંક સિદ્ધ થયો છે. સરકારી છાત્રાલય, આદર્શ નિવાસી શાળા, એકલવ્ય મૉડેલ રેસિડેન્શિયલ સ્કૂલ અને ગર્લ્સ લિટરસી સ્કૂલના બાંધકામ માટે પણ રૂ.૯૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. અંદાજે ૩ લાખ વિદ્યાર્થીઓને પોસ્ટ મેટ્રિક શિષ્યવૃત્તિ આપવા રૂ.૭૫૫ કરોડની જોગવાઈ તેમજ ૬૬૪



### અંદાજપત્ર પોથીને આદિજાતિ સંસ્કૃતિની ઓળખ

*બજેટના દિવસે નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈના હાથમાં રહેલી લાલ રંગની પોથીએ અનેરું આકર્ષણ જમાવ્યું હતું. આ પોથી ઉપર આદિજાતિ સંસ્કૃતિની ઓળખ સમી વારલી ચિત્રકલા અને કચ્છની ભાતીગળ આહીર ભરતની બોર્ડર અંકિત કરાયેલી હતી તેમજ ભારતના રાજચિહ્ન અશોક સ્તંભને પણ પોથી પર દર્શાવવામાં આવ્યો છે. લગભગ ૧૨૦૦ વર્ષ જૂની વારલી ચિત્રકલામાં ત્રિકોણ ગોળ અને ચોરસ જેવા જુદા-જુદા ભૌમિતિક આકારની મદદથી સ્ત્રી-પુરુષોની આકૃતિઓ ચિત્રાંકિત કરવામાં આવે છે.*



## આ વર્ષ શહેરી વિકાસનું..

*રાજ્ય સરકારે વર્ષ 2025ને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાનું નક્કી કર્યું છે અને બજેટમાં આ માટે 40%નો વધારો કરી 30 હજાર કરોડથી વધુ ધનરાશિની ફાળવણી પણ કરી છે. આ જ રીતે વર્ષ 2025 એ અખંડ ભારતના શિલ્પી અને ગુજરાતના સપૂત સરદાર વલ્લભભાઈ પટેલની 150મી જન્મ જયંતીનું વર્ષ છે એમના "એક ભારત, શ્રેષ્ઠ ભારત"ના સંકલ્પને સાકાર કરવા તત્કાલીન મુખ્યમંત્રી અને વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિશ્વની સૌથી ઊંચી પ્રતિમા સ્ટેચ્યૂ ઓફ યુનિટીના માધ્યમથી તેમને ભવ્ય શ્રદ્ધાંજલિ આપી છે. રાજ્ય સરકાર દ્વારા સરદાર પટેલની ૧૫૦મી જયંતીના વર્ષે યુવાનોમાં એકતા, દ્રઢતા અને રાષ્ટ્રપ્રેમની ભાવના જાગે તેવા કાર્યક્રમો યોજવામાં આવશે. આ જ રીતે ડૉ. બાબાસાહેબ આંબેડકરના નેતૃત્વમાં નિર્માણ પામેલું મહામૂલું ભારતીય બંધારણ અને એમાં સમાવિષ્ટ મૂલ્યો અસ્મિતાનું દર્શન કરાવે છે. ભારતીય બંધારણનાં ૭૫ વર્ષ પૂર્ણ થતાં બંધારણના આ અમૃત પર્વની રાજ્યવ્યાપી ઉજવણી કરવામાં આવશે. આ ઉપરાંત આદિવાસી સમાજના ભગવાન શ્રી બિરસા મુંડાજીની જયંતીના 150માં વર્ષને "જનજાતિય ગૌરવ વર્ષ" તરીકે ઉજવવાનું નક્કી કરાયું છે. જેની રાજ્યભરમાં ઊજવણી કરવામાં આવશે. ભારતના પૂર્વ વડાપ્રધાન અને ભારતરત્ન સ્વ. અટલબિહારી વાજપેયીનું આ જન્મ શતાબ્દી વર્ષ છે. આ અવસરે રાજ્યભરમાં સુશાસન પર્વની વિશેષ ઉજવણી પણ કરવામાં આવશે.*

આશ્રમશાળાઓમાં અભ્યાસ કરતાં અંદાજે ૧ લાખ વિદ્યાર્થીઓ માટે રૂ.૫૪૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે દૂધ સંજીવની યોજના અંતર્ગત રૂ.૨૩૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. પ્રિ મેટ્રિકના આશરે ૧૩ લાખ વિદ્યાર્થીઓને શિષ્યવૃત્તિ આપવા રૂ.૧૬૦ કરોડની અને ધો.૧ થી ૮માં અભ્યાસ કરતાં અંદાજે ૧૨ લાખ વિદ્યાર્થીઓને ગણવેશ સહાય માટે રૂ.૧૦૮ કરોડની જોગવાઈ અંદાજપત્રમાં કરાઈ છે. આ બજેટમાં મુખ્યમંત્રી આદિમજૂથ અને હળપતિ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રૂ.૧૨૫ કરોડની જોગવાઈ કરાઈ છે. મુખ્યમંત્રી વન અધિકાર ખેડૂત ઉત્કર્ષ યોજના હેઠળ રૂ.૧૦૨ કરોડની અને મુખ્યમંત્રી બોર્ડર વિલેજ સર્વાંગી ઉત્કર્ષ યોજના હેઠળ રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ માટે અંદાજપત્રમાં કુલ રૂ.૨૭૮૨ કરોડની જોગવાઈ દ્વારા સરકારે સ્વરોજગાર થકી આર્થિક વિકાસ માટે કૌશલ્ય વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. જે અંતર્ગત સરકારી ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓને સુદ્રઢ કરવા રૂ.૨૦૬ કરોડની જોગવાઈ કરાઈ છે. શ્રમિક બસેરા યોજના માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ ઉપરાંત મુખ્યમંત્રી એપ્રેન્ટિસ યોજના અંતર્ગત રૂ.૧૨૨ કરોડની જોગવાઈ પણ કરવામાં આવી છે. ઔદ્યોગિક તાલીમ સંસ્થાઓમાં સ્ટાઈપેન્ડના હાલના દરોમાં વધારો કરી તાલીમાર્થી દીઠ માસિક રૂ.૫૦૦ કરવામાં આવ્યા છે.

### દ્વિતીય સ્તંભઃ માનવ સંસાધન વિકાસ

ગુજરાતની આશરે ૩૬ ટકા વસતી યુવા છે. આ વાતને ધ્યાને લઈને આ વર્ષના બજેટમાં રાજ્ય સરકારે માનવ સંસાધન વિકાસને પણ પ્રાધાન્ય આપ્યું છે. અંદાજપત્રમાં શિક્ષણ વિભાગ માટે કુલ રૂ.૫૯,૯૯૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. તદ્અનુસાર મિશન સ્કૂલ્સ ઓફ એક્સેલન્સ અંતર્ગત આશરે ૨૫ હજારથી વધુ વર્ગખંડોની સુધારણા માટે રૂ.૨૯૧૪ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જ્યારે નમો લક્ષ્મી યોજના માટે રૂ.૧૨૫૦ કરોડની અને રાઈટ ટુ એજ્યુકેશન એક્ટ અંતર્ગત પ્રવેશ મેળવનાર વિદ્યાર્થીઓ માટે રૂ.૭૮૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના અંતર્ગત અંદાજે અઢી લાખ વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ કરાઈ છે. એસ.ટી. બસોમાં કન્સેશન માટે રૂ.૨૨૩ કરોડ અને જ્ઞાનશક્તી રેસિડેન્શિયલ સ્કૂલ્સ ઑફ એકસલન્સ માટે રૂ.૨૦૦ કરોડની અંદાજપત્રમાં જોગવાઈ છે. મુખ્યમંત્રી જ્ઞાનસાધના મેરિટ સ્કૉલરશિપ હેઠળ અંદાજે ૭૫ હજાર વિદ્યાર્થીઓ માટે રૂ.૧૦૦ કરોડ અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરિટ સ્કોલરશીપ અંતર્ગત અંદાજે ૯૦ હજાર વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૭૦ કરોડનો ખર્ચ થશે.

આ ઉપરાંત ઉચ્ચ અને ટેકનિકલ શિક્ષણ ક્ષેત્રે મુખ્યત્વે મુખ્યમંત્રી યુવા સ્વાવલંબન યોજના(MYSY)અંતર્ગત અંદાજે ૭૮હજાર વિદ્યાર્થીઓને સહાય આપવા રૂ.૪૧૦ કરોડની જોગવાઈ, એલ.ડી.ઇજનેરી કૉલેજ-અમદાવાદ ખાતે ડેમોન્સ્ટ્રેટિવ આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ લેબ અને અન્ય છ સરકારી ટેકનિકલ સંસ્થાઓ ખાતે આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ લેબની સ્થાપના માટે રૂ.૧૭૫ કરોડની જોગવાઈ મહત્ત્વપૂર્ણ છે.

સ્વસ્થ ગુજરાત, સમૃદ્ધ ગુજરાતના ધ્યેય સાથે અંદાજપત્રમાં આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ માટે બજેટમાં ૧૬.૩૫%નો વધારો કરી કુલ રૂ.૨૩,૩૮૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતર્ગત પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના હેઠળ ૭૦ વર્ષથી વધુ ઉંમરના અંદાજે ૨ કરોડ ૬૭ લાખ નાગરિકોને કેશલેસ સારવાર માટે રૂ.૩૬૭૬ કરોડની જોગવાઈ મહત્ત્વપૂર્ણ છે. આ ઉપરાંત સુરત ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ; રાજકોટ ખાતે કેન્સર અને કાર્ડિયાક સેવાઓ; ગાંધીનગર ખાતે કાર્ડિયાક, કિડની અને યુરોલોજી સેવાઓ શરૂ કરવા રૂ. ૨૩૧ કરોડ ફાળવાયા છે. વલસાડ, ગોધરા, હિંમતનગર અને પોરબંદર ખાતે કેન્સરની સારવાર શરૂ કરવા માટે રૂ.૧૯૮ કરોડની જોગવાઈ પણ બજેટમાં છે.

નારીશક્તિની ભૂમિકા આધુનિક સમાજની વિકાસ યાત્રામાં અગત્યની છે. મહિલા અને બાળ વિકાસ વિભાગ માટે બજેટમાં રૂ.

૭૬૬૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં ગંગાસ્વરૂપા આર્થિક સહાય યોજના અંતર્ગત વિધવા બહેનોને માસિક રૂ.૧૨૫૦ની સહાય માટે રૂ.૩૦૧૫ કરોડની જોગવાઈ, આંગણવાડી કાર્યકર/તેડાગર, કાર્યકર બહેનના માનદ વેતન માટે રૂ.૧૨૪૧ કરોડની જોગવાઈનો સમાવેશ થાય છે.

આ વર્ષના અંદાજપત્રમાં અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહકોની બાબતોનો વિભાગ માટે કુલ રૂ.૨૭૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતર્ગત NFSA રેશનકાર્ડ ધારકોને પ્રોટીનયુક્ત પોષણક્ષમ આહાર પૂરો પાડવા રૂ.૭૬૭ કરોડની જોગવાઈ તેમજ નેશનલ ફૂડ સિક્યૉરિટી એક્ટ-૨૦૧૩ હેઠળ પાત્રતા ધરાવતા અંદાજે ૭૫ લાખ કુટુંબોને અનાજ પૂરું પાડવા રૂ.૬૭૫ કરોડની જોગવાઈ મહત્ત્વની છે.

રમતગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ માટે અંદાજપત્રમાં કુલ રૂ.૧૦૯૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં રમતગમત ક્ષેત્રે રૂ.૫૨૧ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. રાજ્યના વિવિધ જિલ્લાઓમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્ષના ઈન્ફ્રાસ્ટ્રકચરના વિકાસ અર્થે રૂ.૧૨૫ કરોડની જોગવાઈ મુખ્ય છે. આ ઉપરાંત પુરાતત્વ અને સંગ્રહાલય ક્ષેત્રે રૂ. ૧૮૨ કરોડની જોગવાઈ, ગ્રંથાલયો માટે રૂ. ૧૩૮ કરોડની જોગવાઈ જ્યારે યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓ તેમજ સાહિત્ય અકાદમી માટે રૂ. ૨૦૮ કરોડની જોગવાઈનો પણ આ બજેટમાં સમાવેશ કરાયો છે.

### તૃતીય સ્તંભઃ આંતરમાળખાકીય સુવિધાઓ

માળખાકીય સુવિધાથી રાજ્યના વિકાસને નવું બળ મળે છે. આ વાતને ધ્યાને લઈને રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં માર્ગ અને મકાન વિભાગ માટે કુલ રૂ.૨૪,૭૦૫ કરોડની જોગવાઈ કરી છે. જેમાં મુખ્યમંત્રી ગ્રામ સડક યોજનાના કામો માટે રૂ.૫૦૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. અન્ય મહત્ત્વપૂર્ણ જોગવાઈઓમાં પ્રવાસન સ્થળોને જોડતા ૧૫૦ જેટલા રસ્તાઓને પહોળા/રીસરફેસ કરવા માટે રૂ.૨૬૩૭ કરોડની જોગવાઈ, ભુજ-નખત્રાણા ચાર માર્ગીય હાઈસ્પીડ કૉરિડોરની કામગીરી માટે રૂ.૯૩૭ કરોડની જોગવાઈ, ભારે ટ્રાફિક ધરાવતા હાઈસ્પીડ કૉરિડોર જેવા કે અમદાવાદથી ડાકોર, સુરતથી સચિન-નવસારી, વડોદરાથી એકતાનગર, રાજકોટથી ભાવનગર, મહેસાણાથી પાલનપુર અને અંકલેશ્વરથી રાજપીપળા માટે રૂ.૨૭૮ કરોડની જોગવાઈ, હવામાનના પ્રતિકૂળ ફેરફારો સામે ટકી શકે તેવા રસ્તાઓ અને પુલોના બાંધકામ માટે રૂ.૩૦૦ કરોડની જોગવાઈનો સમાવેશ થાય છે.

રાજ્ય સરકારે આ વર્ષને શહેરી વિકાસ વર્ષ તરીકે ઊજવવાનુ નક્કી કર્યું છે. આ માટે શહેરી વિકાસ વિભાગના બજેટમાં ૪૦ ટકા જેટલો વધારો કરીને રૂ. ૩૦,૩૨૫ કરોડ કરવામાં આવ્યું છે. નવી જાહેર કરાયેલી નવ મહાનગરપાલિકાના વિકાસ માટે બજેટમાં રૂ. ૨૩૦૦ કરોડની જોગવાઈ સૂચવવામાં આવી છે. સ્વર્ણિમ જયંતિ મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના માટેની જોગવાઈ રૂ.૮,૮૮૩ કરોડથી વધારીને રૂ.૧૨,૮૪૭ કરોડ કરવામાં આવી છે. આ સિવાય શહેરી સ્થાનિક સ્વરાજ્ય સંસ્થાઓને રૂ.૩૩૫૩ કરોડની નાણાકીય સહાય તેમજ અમૃત ૨.૦ મિશન હેઠળનાં વિવિધ વિકાસકામો માટે રૂ. ૧૯૫૦ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. રાજ્યમાં મેટ્રો રેલ પ્રોજેક્ટ્સ માટે રૂ.૨૭૩૦ કરોડની ફાળવણી કરાઈ છે.

પ્રધાનમંત્રી આવાસ યોજના(શહેરી) ૨.૦ હેઠળ શહેરી ગરીબોને આવાસ પૂરા પાડવા માટે રૂ.૧૩૫૦ કરોડની ફાળવણી અને શહેરી વિસ્તારોમાં બ્યુટીફિકેશન, સ્વચ્છતા અને કચરા વ્યવસ્થાપન માટે રૂ.૮૦૮ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત રૂ. ૨૦૦ કરોડનાં ખર્ચે મુખ્યમંત્રી ગ્રીન રિંગ રોડ યોજના હેઠળ મુખ્ય શહેરોમાં ગ્રીન રિંગ રોડ વિકસાવાશે, એ જ રીતે આઈકોનિક રસ્તાઓના વિકાસ માટે રૂ.૨૦૦ કરોડ અને ધાર્મિક નગરોના માળખાગત વિકાસ માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.

પંચાયતી રાજના ત્રિસ્તરીય માળખાને સુદૃઢ બનાવવા નિર્ધાર સાથે સરકારે પંચાયત, ગ્રામ ગૃહનિર્માણ અને ગ્રામવિકાસ વિભાગ માટે કુલ રૂ. ૧૩,૭૭૨ કરોડની બજેટમાં ફાળવણી કરી છે. જેમાં નિર્મળ ગુજરાત-૨.૦ અંતર્ગત રાજ્યના ગાંધીનગર, મહેસાણા, કચ્છ, જામનગર, આણંદ, પંચમહાલ અને નવસારી એમ ૭ જિલ્લાના ૧૧ તાલુકાઓમાં સમાવિષ્ટ ૩૭૧ ગામોમાં ડોર-ટુ-ડોર ઘન અને પ્રવાહી કચરાના નિકાલ તેમજ જાહેર સ્થળોની સફાઈના કામ માટે રૂ.૩૩૦ કરોડની જોગવાઈ તેમજ પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) થકી આશરે બે લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવા બજેટમાં રૂ. ૧૭૯૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના હેઠળ રોજગારી પૂરી પાડવા રૂ.૧૧૨૯ કરોડ, ગોબરધન પ્રોજેક્ટ માટે







## બજેટમાં આ પણ લાભ મળશે

**રાજયના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વિધાનસભામાં રજૂ કરેલા વર્ષ 2025-26ના અંદાજપત્રમાં કરવેરામાં કેટલીક છૂટછાટ - લાભની જાહેરાત કરી છે. જે અનુસાર વડીલોપાર્જિત મિલકતમાં અવસાન પામેલ પુત્રીના વારસદારો દ્વારા કરવામાં આવતા હકકમીના લેખ પર હાલ 4.90% સ્ટેમ્પ ડ્યૂટીના બદલે પુત્રોના વારસદારોની જેમ માત્ર રૂ. 200ની સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઈ કરવાની રહેશે.**

**આ ઉપરાંત ગુજરાત સ્ટેમ્પ અધિનિયમની જોગવાઈઓ મુજબ હાલ રૂ. 1 કરોડ સુધીની લોનની રકમ માટેના ગીરોખત ઉપર 0.25 ટકા લેખે મહત્તમ રૂપિયા 25,000ની સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઈ કરવાની થાય છે, જે ઘટાડીને હવે મહત્તમ રૂ. 5000ની સ્ટેમ્પ ડ્યૂટી ભરપાઈ કરવાની થશે. રાજ્ય સરકારના આ નિર્ણયથી હાઉસિંગ લોન ધારકો તેમજ નાના ઉદ્યોગકારો જેવા વર્ગને સરળતાની સાથે આર્થિક લાભ પણ મળશે.**

**આ અંદાજપત્રમાં એક વર્ષ કરતાં ઓછા સમયગાળાના ભાડાપટ્ટાના લેખ પર સરેરાશ વાર્ષિક ભાડાની રકમ પર એક ટકા સ્ટેમ્પ ડ્યૂટી ભરવાની જોગવાઈ છે. જેના સ્થાને રહેણાંક માટે રૂ. 500 અને વાણિજ્ય માટે રૂ. 1000ની સ્ટેમ્પ ડ્યૂટી લેવાનો નિર્ણય અંદાજપત્રમાં કરવામાં આવ્યો છે.**

*આ અંદાજપત્રમાં વડાપ્રધાનશ્રીની ગ્રીન ગ્રોથની સંકલ્પનાને સાકાર કરવાના ઉદ્દેશથી ઈલેક્ટ્રિક વાહનો પર હાલ ૬ ટકા સુધી ઉચ્ચક વાહનવેરો લેવામાં આવતો હતો, તેવાં ઈલેક્ટ્રીક બેટરીથી સંચાલિત વાહનો પર એક વર્ષ માટે પાંચ ટકા સુધી રિબેટ આપી અસરકારક ૧% લેખે વેરાનો દર રાખવાનો નિર્ણય રાજ્ય સરકારે કર્યો છે. વેરા દરમાં વધુ સરળીકરણ માટે મેક્સી કૅટેગરીમાં પેસેન્જર વહનની ક્ષમતા મુજબ હાલના ૮ ટકા તથા ૧૨ ટકાના દરને બદલે એક જ દર એટલે કે ૬ ટકા દર રાખવાનો નિર્ણય પણ જાહેર કરાયો છે.*

રૂ.૬૩૦ કરોડ અને રાષ્ટ્રીય ગ્રામીણ આજીવિકા મિશન હેઠળ રૂ. ૪૦૧ કરોડ બજેટમાં ફાળવવામાં આવ્યા છે.

આ વર્ષના બજેટમાં સરકારે નર્મદા, જળસંપત્તિ, પાણી પુરવઠા અને કલ્પસર વિભાગ માટે કુલ રૂ. ૨૫,૬૪૧ કરોડની જોગવાઈ કરી છે. તે પૈકી જળસંપત્તિ પ્રભાગ માટે કુલ રૂ. ૧૩,૩૬૬ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. દરિયામાં વહી જતા નર્મદાના પાણીને ઉત્તર ગુજરાત, સૌરાષ્ટ્ર અને કચ્છના સૂકા પ્રદેશમાં વાળવા સુજલામ્ સુફલામ્ પાઈપલાઈન યોજના માટે રૂ. ૧૩૩૪ કરોડ, સૌની યોજના માટે રૂ. ૮૧૩ કરોડ તથા કચ્છ માટેની યોજના હેતુ રૂ. ૧૪૦૦ કરોડ એમ કુલ રૂ.૩૫૪૭ કરોડની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે. આગામી વર્ષે ૩૨૬ મોટા ચેકડેમો-વિયર બાંધવા રૂ. ૮૩૨ કરોડ, જળાશય આધારીત ઉદ્વહન સિંચાઈ યોજના માટે રૂ. ૮૧૩ કરોડ અને ખેડૂતો સૂક્ષ્મ સિંચાઈનો ઉપયોગ કરીને વધુ કૃષિ ઉત્પાદન મેળવી શકે તે માટે બજેટમાં રૂ. ૧૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાતની સમૃદ્ધિમાં અમૂલ્ય યોગદાન આપનારી નર્મદા યોજનાથી રાજ્યના ૧૦,૪૫૩ ગામો અને ૧૯૦ નગરોને ઘરવપરાશ માટે પાણી પૂરું પાડવામાં આવે છે. જેના માટે રૂ.૫૯૭૯ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. આ ઉપરાંત નળકાંઠાના વિસ્તારમાં સિંચાઈ સુવિધા વધારવા માટે રૂ.૮૭૫ કરોડની અને નર્મદા યોજનાના કમાન્ડ એરિયાના નહેરના વિસ્તરણ વિકાસનાં કામો માટે રૂ.૫૦૧ કરોડની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે.


રાજ્યવ્યાપી પાણી પુરવઠા ગ્રીડની સ્થાપનાથી લોકોને ગુણવત્તાયુક્ત પીવાનું પાણી મળી રહે છે. સૌરાષ્ટ્ર વિસ્તારમાં ભવિષ્યની પીવાના પાણીની જરૂરિયાતને પહોંચી વળવા કરવામાં આવેલાં ખાસ આયોજન અંતર્ગત ઢાંકીથી માળીયા સુધીની નવીન ૧૨૦ કિ.મી. લંબાઈની બલ્ક પાઈપલાઈનના અંદાજિત રૂ.૧૨૦૦ કરોડનાં કામોનું આયોજન હાથ ધરાશે. જ્યારે અમદાવાદ, બોટાદ, અમરેલી, ભાવનગર, ગીર સોમનાથ, જૂનાગઢ, પોરબંદર જિલ્લાઓ માટેની ઢાંકીથી નાવડા સુધીની ૯૭ કિ.મી બલ્ક પાઈપલાઈનના અંદાજિત કિંમત રૂ.૧૦૪૪ કરોડનાં કામો પ્રગતિ હેઠળ છે. આ ઉપરાંત જૂનાગઢ જિલ્લા માટેની ધરાઈથી ભેંસાણ સુધીની ૬૩ કિ.મી લંબાઈની બલ્ક પાઈપલાઈનના અંદાજિત રકમ રૂ.૩૯૨ કરોડનાં કામો પ્રગતિ હેઠળ છે.

રાજ્યમાં બંદરો અને વાહન વ્યવહાર વિભાગ માટે બજેટમાં કુલ રૂ. ૪૨૮૩ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જે અંતર્ગત રૂ. ૭૬૬ કરોડનાં ખર્ચે ૧૮૫૦ નવી આધુનિક બસોની ખરીદી કરવામાં આવશે. ગુજરાતનાં બંદરોની હાલની વાર્ષિક ક્ષમતા આશરે ૫૯૮ મિલિયન મેટ્રિક ટન છે, તેને વર્ષ ૨૦૪૭ સુધીમાં ૨૦૦૦ મિલિયન મેટ્રિક ટનથી વધુ કરવાનું આયોજન છે. રાજ્યમાં પોર્ટ સિટીના વિકાસ માટે રૂ.૧૦૦ કરોડની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી ક્ષેત્રે ગુજરાત અગ્રેસર છે. ભારત સરકાર દ્વારા ભારતનેટ ફેઝ-૩ માટે ગુજરાત પસંદ કરાયેલું પ્રથમ રાજ્ય છે. આ યોજના અંતર્ગત ૧૪ હજારથી વધુ ગ્રામ પંચાયતોને સુદૃઢ કનેક્ટિવિટી દ્વારા વિવિધ સેવાઓનો સીધો લાભ મળી રહ્યો છે અંદાજપત્રમાં વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ માટે કુલ રૂ. ૨૫૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

### ચતુર્થ સ્તંભઃ આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ

ગુજરાતે નવા ઉદ્યોગોને પ્રોત્સાહન આપવાની સાથે સાથે રોકાણકારોને આકર્ષિત કરવા વિવિધ નીતિઓ અમલમાં મૂકી છે. જેના કારણે ઇઝ ઓફ ડુઇંગ બિઝનેસ દ્વારા ગુજરાત રોકાણકારો માટે પસંદગીનું સ્થળ બની રહ્યું છે. આ વર્ષના અંદાજપત્રમાં ઉદ્યોગ અને



ખાણ સમગ્ર વિભાગ માટે કુલ રૂ. ૧૧૭૦૬ કરોડની જે જોગવાઈ કરવામાં આવી છે તે પૈકી રૂ. ૮૯૫૮ કરોડની ફાળવણી ઉદ્યોગ અને ખાણ માટે કરવામાં આવી છે. જેમાં અંકલેશ્વર, સરીગામ, વાપી અને સુરત ખાતેના ચાલુ તેમજ અમદાવાદ, જંબુસર અને સાયખા ખાતેના નવા ડીપ-સી પ્રોજેક્ટ માટે રૂ. ૭૮૫ કરોડની જોગવાઈ, ભરૂચના જંબુસર ખાતે બલ્ક ડ્રગ પાર્ક વિકસાવવા માટે રૂ.૨૯૦ કરોડ તેમજ ૪૨ કી.મી. લાંબી પાઈપલાઈન થકી રો વોટર સપ્લાય માટે રૂ.૨૨૫ કરોડ એમ કુલ રૂ.૫૧૫ કરોડની જોગવાઈ તેમજ પી.એમ.મિત્ર પાર્ક હેઠળ નવસારી ખાતે PPPના ધોરણે આસિસ્ટન્ટ્સ ફોર રો વોટર સપ્લાય પાઈપલાઈન પ્રોજેક્ટ માટે રૂ.૩૦૦ કરોડની જોગવાઈનો સમાવેશ થાય છે.

વોકલ ફોર લોકલના કર્મમંત્ર સાથે કારીગરોના ઉત્કર્ષ માટે કુટિર અને ગ્રામોદ્યોગ પ્રભાગ માટે રૂ.૮૯૦ કરોડની જોગવાઈ આ અંદાજપત્રમાં કરવામાં આવી છે. આ વર્ષના અંદાજપત્રમાં પ્રવાસન, યાત્રાધામ અને નાગરિક ઉડ્ડયન માટે રૂ. ૨૭૪૮ કરોડની ફાળવણી કરવામાં આવી છે. તદ્અનુસાર જિલ્લા સ્તરે પ્રવાસનને વેગ આપવા રાજ્યના તમામ જિલ્લાઓમાં પ્રવાસન વિકાસ સોસાયટીની સ્થાપના કરવામાં આવશે. પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ હેઠળ ધાર્મિક ક્ષેત્રોના વિકાસ માટે રૂ.૨૧૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત ઉડ્ડયન ક્ષેત્રે દાહોદ ખાતે નવા ગ્રીન ફીલ્ડ ઍરપોર્ટ વિકસાવવા તેમજ પોરબંદર, ભાવનગર, સુરત, વડોદરા ખાતેનાં હયાત ઍરપોર્ટના વિસ્તરણ માટે રૂ.૨૧૦ કરોડ ખર્ચવામાં આવશે.

રાજ્ય સરકારે કૃષિ અને કૃષિકારોના સર્વાંગીણ વિકાસ માટે કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ માટે આ વર્ષના બજેટમાં કુલ રૂ.૨૨,૪૯૮ કરોડની જોગવાઈ કરી છે. જે પૈકી ખેડૂતોને વીજ સહાય માટે રૂ.૧૦,૬૧૩ કરોડ ફાળવવામાં આવ્યા છે. કૃષિ યાંત્રિકીકરણની મદદથી ખેડૂતોની આવકમાં વધારો કરવા માટે આ વર્ષના બજેટમાં રૂ. ૧૫૦૦ કરોડથી વધુ રકમની ફાળવણી કરવામાં આવી છે. જ્યારે કૃષિ ક્ષેત્રે ડ્રોન ટૅક્નોલૉજીના ઉપયોગને પ્રોત્સાહન આપવા માટે રૂ.૮૨ કરોડની જોગવાઈ કરાઈ છે. આ ઉપરાંત નેનો ખાતરના વપરાશને પ્રોત્સાહન આપવા માટે રૂ.૭૩ કરોડ અને ડિજિટલ ક્રોપ સર્વેની નવી યોજના અંતર્ગત રૂ.૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ બજેટમાં કચ્છ, અમદાવાદ, જુનાગઢ, વડોદરા, હાલોલ એમ પાંચ સ્થળે મેગા ફૂડ પાર્કનું નિર્માણ કરવાની જાહેરાત કરવામાં આવી છે. આ ઉપરાંત પ્રાકૃતિક કૃષિની વિવિધ પ્રવૃતિઓ માટે રૂ.૩૧૬ કરોડ અને બાગાયત ખાતાની વિવિધ યોજનાઓ માટે રૂ. ૬૦૫ કરોડની જોગવાઈ બજેટમાં કરવામા આવી છે.

જામનગર ખાતે નવીન કૃષિ કૉલેજ તથા થરાદ ખાતે કૃષિ ઈજનેરી કૉલેજની સ્થાપના કરવાનો નિર્ણય લેવાયો છે. રાજ્યની કૃષિ યુનિવર્સિટીઓમાં કૃષિ સંશોધન અને શિક્ષણની પ્રવૃત્તિઓને સઘન બનાવવા કુલ રૂ.૧૦૦૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ ઉપરાંત મુખ્યમંત્રી ગૌ માતા પોષણ યોજના અંતર્ગત કુલ રૂ.૪૭૫ કરોડ તેમજ મુખ્યમંત્રી નિ:શુલ્ક પશુ સારવાર યોજના હેઠળ રૂ.૪૫ કરોડ અને પશુ આરોગ્ય સેવાઓનો વ્યાપ વધારવા નવા ૨૫૦ સ્થાયી પશુ દવાખાનાં અને નવાં ૧૫૦ ફરતાં પશુ દવાખાનાં શરૂ કરવા માટે કુલ રૂ.૩૪ કરોડની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે.

મત્સ્ય ઉત્પાદનમાં વૃદ્ધિ અને રોજગારી સર્જન માટે આ બજેટમાં રૂ. ૧૬૨૨ કરોડનાં પૅકેજની જોગવાઈ કરવામાં આવી છે. જેના કારણે બે લાખ જેટલાં માછીમારોને યોજનાકીય લાભ મળશે.

સહકારથી સમૃદ્ધિ માટે રાજ્ય સરકારે ઘનિષ્ઠ આયોજન કર્યું છે. કેન્દ્રિય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા વધારીને રૂ. ૫ લાખ કરવામાં આવી છે. જેના અનુસંધાને રાજ્ય સરકાર દ્વારા ૪% વ્યાજ રાહત આપવાની જાહેરાત કરવામાં આવી છે જે માટે રૂ.૧૨૫૨ કરોડની જોગવાઈ કરાઈ છે.

રાજ્યમાં સ્વામિત્વ યોજના અંતર્ગત ગ્રામીણ વિસ્તારમાં ૭૨૨૧ ગામોના ૧૨ લાખથી વધુ મિલકતોના પ્રોપર્ટીકાર્ડ તૈયાર કરી સમગ્ર દેશમાં ફેઝ-૨ માં ગુજરાત રાજ્ય પ્રથમ ક્રમે છે. આ વર્ષે બજેટમાં મહેસૂલ વિભાગ માટે કુલ રૂ.૫૪૨૭ કરોડની જોગવાઈ છે.

રાજ્યમાં આંતરિક સુરક્ષા, કાયદો અને વ્યવસ્થાના સંચાલન માટે ઝીરો ટોલરન્સ પૉલિસી સાથે સરકાર અનેક સુધારાઓ કરી રહી છે. જેને આગળ ધપાવવા રાજ્યના ગૃહ વિભાગ માટે બજેટમાં કુલ રૂ. ૧૨૬૫૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. જેમાં રાજ્યમાં સેન્ટર ઓફ એક્સેલન્સ ફોર સાઈબર ક્રાઈમ, સાઈબર સિક્યોરિટી અને સાઈબર ઈન્ટેલિજન્સની વ્યવસ્થા ઊભી કરવાનું આયોજન છે. આઈ.ટી. ઈન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ.૨૯૯ કરોડની જોગવાઈ સાથે રાજ્યની વિશિષ્ટ પોલીસ ટુકડીઓ જેમકે Bomb Detection and Disposal Squad, Quick Response Team, State Disaster Response Force તેમજ ચેતક કમાન્ડો માટે સાધન સામગ્રીની ખરીદી







## પ્રવાસન ક્ષેત્રે ગુજરાત પસંદગીનું સ્થળ

***ગુજરાત પ્રવાસન નીતિ, હેરિટેજ ટૂરિઝમ પોલીસી જેવી અનેક પહેલને કારણે ગુજરાત વિશ્વ પ્રવાસીઓનું માનીતું સ્થળ બની ગયું છે. યુનેસ્કોની વિશ્વના સૌથી સુંદર સાત મ્યુઝિયમની યાદીમાં ભૂજનું સ્મૃતિ વન સામેલ થયું છે. સ્ટેચ્યુ ઓફ યુનિટી અને ઐતિહાસિક નગરી વડનગર જેવાં અનેક સ્થાનોની કાયાપલટથી રાજ્યમાં પ્રવાસન ક્ષેત્રના વિકાસે નવાં સોપાનો સર કર્યાં છે. વર્ષ 2024 દરમિયાન 18 કરોડ 63 લાખ ઘરેલુ અને વિશ્વ પ્રવાસીઓ ગુજરાતના મહેમાન બન્યા છે. પ્રવાસનના આ મહત્ત્વને ધ્યાનમાં લઈને રાજ્ય સરકારે બજેટમાં 31%નો વધારો કર્યો છે.***

***આ બજેટમાં રાજ્યના તમામ જિલ્લામાં જિલ્લા પ્રવાસન વિકાસ સોસાયટીની રચના કરવાનો નિર્ણય લેવાયો છે. જેનાથી જિલ્લા સ્તરે પ્રવાસન પ્રવૃત્તિને વેગ મળશે. ઈન્ટિગ્રેટેડ ટૂરિઝમ ડેસ્ટિનેશન ડેવલપમેન્ટ હેઠળ મહત્ત્વના પ્રવાસન સ્થળોને સાંકળીને 150 જેટલા રસ્તાઓના વિકાસનો લક્ષ્યાંક બજેટમાં રાખવામાં આવ્યો છે. પ્રવાસીઓની સુવિધા માટે નવી અદ્યતન 200 એ.સી. બસો સંચાલિત કરવામાં આવશે. ધાર્મિક શહેરોના સર્વાંગી વિકાસના ઉદ્દેશથી દ્વારકા, સોમનાથ, બહુચરાજી, પાવાગઢ, ગિરનાર, સિદ્ધપુર, ડાકોર, પાટણ અને પાલિતાણા જેવાં તીર્થસ્થળોની માળખાગત સુવિધામાં વધારો થશે. આદ્યશક્તી મા અંબાના ધામ અંબાજીના વિકાસ માટે રૂ. 180 કરોડની વિશેષ જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે, એટલું જ નહીં રાજ્યનાં યાત્રાધામોના વિકાસ માટે પવિત્ર યાત્રાધામ વિકાસ બોર્ડ માટે રૂ. 215 કરોડની જોગવાઈ પણ બજેટમાં કરવામાં આવી છે.***

માટે રૂ.૬૩ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે. આ જ રીતે રાજ્યના તમામ બાકી રહેતા ૨૪ જિલ્લાઓ ખાતે સાઈબર ફોરેન્સિક યુનિટ શરૂ કરવા માટે રૂ.૩૦ કરોડ, એન્ટી નાર્કોટિક્સ ટાસ્ક ફોર્સ માટે રૂ.૨૩ કરોડની ફાળવણી બજેટમાં કરવામાં આવી છે. કાયદા વિભાગ માટે આ વર્ષના બજેટમાં કુલ રૂ.૨૬૫૪ કરોડની જોગવાઈ કરાઈ છે.

### પંચમ સ્તંભઃ ગ્રીન ગ્રોથ

પુન:પ્રાપ્ય ઊર્જા ક્ષેત્રે નવીનતા, સમાવેશિતા અને ટકાઉપણાને પ્રોત્સાહન આપીને ઊર્જાની જરૂરિયાતોમાં આત્મનિર્ભરતા હાંસલ કરવાના ધ્યેય સાથે રાજ્ય સરકારે આ વર્ષના બજેટમાં ઊર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ માટે કુલ રૂ.૬૭૫૧ કરોડની જોગવાઈ કરી છે. જેમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાની કિસાન સૂર્યોદય યોજના અંતર્ગત રૂ.૨૧૭૫ કરોડ, આદિજાતિ તથા અન્ય વિસ્તારોમાં નવાં કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૯૮૭ કરોડનાં ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. સાગરખેડુ સર્વાંગી વિકાસ યોજના હેઠળ નવાં કૃષિ વિષયક વીજ જોડાણો આપવા માટે રૂ.૧૩૨ કરોડ અને આદિજાતિ તેમજ અન્ય વિસ્તારોમાં નવાં સબ સ્ટેશનો સ્થાપવા માટે રૂ.૪૦૦ કરોડથી વધુ ધનરાશીની જોગવાઈ કરાઈ છે.

રાજ્યમાં ઈલેક્ટ્રિક વ્હિકલ(EV)ચાર્જીંગ ઇન્ફ્રાસ્ટ્રક્ચર માટે રૂ.૫૦ કરોડ ખર્ચાશે. વીજ વિતરણ વ્યવસ્થાના સુદૃઢીકરણ માટે અને સ્માર્ટ મીટરની યોજના માટે રૂ.૯૩૬ કરોડની પણ બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. પી.એમ. કુસુમ યોજના અંતર્ગત સોલાર પાવર એગ્રિકલ્ચર પંપ પૂરા પાડવા માટે રૂ.૧૦૩ કરોડનો ખર્ચ થશે. જ્યારે દરિયાકાંઠાના વિસ્તારોમાં આપત્તિ પ્રતિરોધક વીજ માળખું ઊભું કરવા રૂ.૧૦૦ કરોડ ખર્ચાશે. આ ઉપરાંત અંડર ગ્રાઉન્ડ કેબલ નેટવર્ક માટે રૂ.૧૦૦ કરોડની બજેટમાં જોગવાઈ કરવામાં આવી છે. આ સિવાય એનર્જી સ્ટોરેજ અને પંપ સ્ટોરેજ પ્રોજેક્ટ માટે રૂ.૧૦૦ કરોડ તેમજ વીજ માળખાનું શિફ્ટિંગ/રિપ્લેસમેન્ટ કરવા માટે રૂ.૯૫ કરોડનો ખર્ચ થશે.

રાજ્ય સરકાર “પર્યાવરણને અનુકૂળ ભવિષ્ય, પર્યાવરણને અનુકૂળ અર્થતંત્ર” માટે વન અને વન્યજીવના સંરક્ષણ સાથે નેટ ઝીરોનો લક્ષ્યાંક હાંસલ કરવા અને પર્યાવરણનું રક્ષણ કરવા માટે કટિબદ્ધ છે. અને આથી જ આ વર્ષના અંદાજપત્રમાં વન અને પર્યાવરણ વિભાગ માટે કુલ રૂ.૩૧૪૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્યમાં વનોના સંરક્ષણ અને સંવર્ધન માટે રૂ. ૬૫૫ કરોડનો ખર્ચ થશે, એટલું જ નહીં સામાજિક વનીકરણને વેગવંતુ બનાવવા માટે રૂ.૫૬૩ કરોડ ફાળવાયા છે.

રેલવે ટ્રેક પર થતા સિંહના અકસ્માત નિવારવા તથા વન્યપ્રાણી-માનવ વચ્ચે ઘર્ષણ ઘટાડવા ITના માધ્યમથી કમાન્ડ એન્ડ કંટ્રોલ યુનિટની સ્થાપના કરવામાં આવશે. જે માટે રૂ.૪૦ કરોડના ખર્ચની જોગવાઈ કરવામાં આવી છે. ગુજરાત વર્ષ ૨૦૪૭માં ઝીરો કાર્બનની દિશામાં લક્ષ્યાંક સિદ્ધ કરવા આગળ વધી રહ્યું છે. રાજ્ય સરકારે આ લક્ષ્યાંકની સિદ્ધિ માટે ક્લાઈમેટ ચેન્જ વિભાગ અંતર્ગત કુલ રૂ.૪૧૯ કરોડની જોગવાઈ બજેટમાં કરવામાં આવી છે.

રાજ્યના નાણામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના “સૌનો સાથ, સૌનો વિકાસ, સૌનો પ્રયાસ અને સૌનો વિશ્વાસ” મંત્રને કેન્દ્રમાં રાખીને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં નાગરિકોના સર્વાંગીણ વિકાસ માટેના રાજ્ય સરકારના પુરુષાર્થને આ બજેટમાં પ્રતિબિંબિત કર્યો છે. આ અંદાજપત્રથી સૌને પ્રતીતિ થઈ રહી છે કે વિકસિત ભારત - ૨૦૪૭ના સંકલ્પને પરિપૂર્ણ કરવા વિકસિત ગુજરાત - ૨૦૪૭ ના રોડ મેપ પર ગુજરાત આગળ વધી રહ્યું છે. ●



# ગરીબો માટે રૂ. ૫૦ હજાર કરોડનું વિકસિત ગુજરાત ફંડ

**નિરવ રાવલ**

વિકસિત ગુજરાતથી વિકસિત ભારતનો પડકાર ગુજરાત સરકારે ઝીલી લીધો છે. ગુજરાત દેશનું ગ્રોથ એન્જિન છે. જમીનના માત્ર ૬% અને કુલ વસ્તીના માત્ર ૫% હિસ્સો ધરાવતું ગુજરાત વર્ષ ૨૦૩૦ સુધીમાં દેશના કુલ જી.ડી.પી.માં પોતાના યોગદાનને ૧૦% થી ઉપર પહોંચાડવા કટિબદ્ધ છે. આ લક્ષ્યસિદ્ધિ માટે વિકસિત ભારત-૨૦૪૭ના સંકલ્પને સાકાર કરવા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદી પ્રેરિત GYAN - ગરીબ, યુવા, અન્નદાતા અને નારીશક્તિના વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરી સરકાર મક્કમતાથી આગળ વધી રહી છે.

આગામી બે દાયકામાં ગુજરાતના નાગરિકો સમૃદ્ધ જીવન અને સમૃદ્ધ આવક (Living Well & Earning Well) મેળવી શકે તે માનનીય મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલનું વિઝન છે. આ વિઝન સાકાર કરવા આગામી પાંચ વર્ષ માટે રૂ.૫૦ હજાર કરોડનું વિકસિત ગુજરાત ફંડ સ્થાપિત કરવાની જાહેરાત સાથે વર્તમાન નાણાકીય વર્ષે રૂ.૫ હજાર કરોડની જોગવાઈ કરાઈ છે.

ગરીબ અને વંચિતોના વિકાસ માટે સરકારે આવાસ, અન્નસુરક્ષા, પોષણ વગેરેને અગ્રિમતા આપી છે. આ બજેટમાં ગરીબો માટે ૩ લાખથી વધુ આવાસો પૂરા પાડવાનું આયોજન કરાયું છે. વિવિધ આવાસ યોજનાઓમાં મકાનદીઠ માતબર વધારા સાથે રૂ.૧.૭૦ લાખ હજાર કરાયા છે. "મુખ્યમંત્રી શ્રમિક બસેરા યોજના" માટે રૂ.૨૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. સામાજિક ન્યાય અને અધિકારિતા વિભાગની આવાસ યોજનાઓ હેઠળ ૨૧,૫૦૦ લાભાર્થીઓને અપાતી મકાન સહાયમાં રૂ.૫૦ હજારનો વધારો કરવા ઉપરાંત રૂ.૪૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. પ્રધાનમંત્રી આવાસ યોજના(ગ્રામીણ) હેઠળ બે લાખથી વધુ આવાસોનું નિર્માણ કરવા માટે રૂ.૧૭૯૫ કરોડની જોગવાઈ કરાઈ છે. પ્લોટ વિહોણા લાભાર્થીઓ માટે પ્લોટ ખરીદવા લાભાર્થી દીઠ રૂ.૧ લાખ સુધીની સહાય આપવા માટે રૂ.૩૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

ગુજરાતે આવાસ સાથે જનઆરોગ્યની પણ દરકાર કરી છે તેથી જ આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગના બજેટમાં ૧૬.૩૫%નો વધારો કરી રૂ.૨૩,૩૮૫ કરોડની જોગવાઈ કરાઈ છે. પોષણને અગ્રિમતા આપતી યોજનાઓમાં ૨૧% વધારા સાથે રૂ.૮૨૦૦ કરોડની જોગવાઈ બજેટમાં છે. "મુખ્યમંત્રી પૌષ્ટિક અલ્પાહાર યોજના" માટે રૂ.૬૧૭ કરોડ તેમજ ૭૨ તાલુકાની પ્રાથમિક શાળામાં "સેન્ટ્રલાઇઝ્ડ કિચન" વ્યવસ્થા માટે રૂ.૫૫૧ કરોડ, આંગણવાડી યોજના માટે રૂ.૨૭૪ કરોડની જોગવાઈ બજેટમાં છે. જ્યારે "શ્રમિક અન્નપૂર્ણા યોજના" હેઠળ ૨૯૦ કેન્દ્રોનો વ્યાપ પણ વધારવાનો હેતુ રાજ્ય સરકારનો હેતુ છે. NFSA રેશનકાર્ડ ધારકોને તુવેરદાળ અને ચણાના વિતરણ માટે રૂ.૭૬૭ કરોડની જોગવાઈ કરાઈ છે. જ્યારે નેશનલ ફૂડ સિક્યોરિટી એક્ટ-૨૦૧૩ હેઠળ ૭૫ લાખ કુટુંબો માટે રૂ.૬૭૫ કરોડની જોગવાઈ બજેટમાં છે.

સરકાર આદિવાસી સમાજની ઉન્નતિ માટે હંમેશાં ક્રિયાશીલ રહી છે. ન્યૂ ગુજરાત પેટર્ન યોજના માટે ૩૭.૫%ના વધારા સાથે રૂ.૧૧૦૦ કરોડની ફાળવણી કરાઈ છે. આદિજાતિ, અનુસૂચિત જાતિ અને પછાત વર્ગના યુવાનો માટે બેંકેબલ યોજનામાં રૂ.૧૦ લાખ સુધીની લોન ઉપર મહિલા લાભાર્થીઓને ૭% તથા પુરુષ લાભાર્થીઓને ૬% વ્યાજ સહાયનો લાભ આપવામાં આવશે. તદઉપરાંત મહાત્મા ગાંધી રાષ્ટ્રીય ગ્રામીણ રોજગાર યોજના હેઠળ રોજગારી પૂરી પાડવા રૂ.૧૧૨૯ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

મહિલાઓને સક્ષમ બનાવવા નવી "સખી સાહસ" યોજનામાં સાધન સહાય, લોન ગૅરંટી તથા તાલીમ આપવા રૂ.૧૦૦ કરોડની જોગવાઈ કરાઈ છે. તદુપરાંત નોકરિયાત મહિલા માટે અમદાવાદ, સુરત, વડોદરા, રાજકોટ અને ગાંધીનગરમાં વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવાશે. "જનતા જૂથ અકસ્માત વીમા યોજના" હેઠળ વિવિધ કૅટેગરીના કુલ રૂ.૪.૪૫ કરોડથી વધુ લાભાર્થીઓને આવરી લેવાયા છે. આ યોજના હેઠળ હવે રૂ.૨ લાખથી રૂ.૪ લાખ સુધીનું વીમા કવચ પૂરું પાડવામાં આવશે.

વનબંધુ કલ્યાણ યોજના-૨ અંતર્ગત વર્ષ ૨૦૨૧-૨૨ માં આગામી પાંચ વર્ષમાં રૂ.૧ લાખ કરોડની ફાળવણી કરવાની જાહેરાત કરવામાં આવી હતી. જે અંતર્ગત આ વર્ષે અંદાજિત રૂ.૩૦,૧૨૧ કરોડની ફાળવણી કરવામાં આવેલ છે. આ ફાળવણી સાથે રાજ્ય સરકારે રૂ.૧ લાખ કરોડનો લક્ષ્યાંક સિદ્ધ કર્યો છે. ●



# યુવા શક્તિને નવી તક, નવી ઉડાન

અરુણા ડાવરા

"भारत के युवा बदलेंगे भारत की तस्वीर" વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના GYAN (ગરીબ, યુવા, અન્નદાતા અને નારી) વિઝનને અનુરૂપ ગુજરાત સરકારે વર્ષ ૨૦૨૫-૨૬નું બજેટ રજૂ કર્યું છે. આ બજેટમાં યુવાશક્તિના વિકાસ માટે અનેક મહત્ત્વપૂર્ણ યોજનાઓ અને પ્રવૃત્તિઓનો સમાવેશ કરવામાં આવ્યો છે, જે રાજ્યના યુવાનો માટે એક નવી દિશા પ્રસ્થાપિત કરશે. ગુજરાતની ૩૬% વસ્તી યુવા છે, જે રાજ્યના વિકાસ માટે મહત્ત્વની શક્તિ છે. યુવાનો માટે શિક્ષણ, રોજગારી અને સ્ટાર્ટઅપ્સને પ્રોત્સાહન આપીને તેમની સંભાવનાઓને ઊંચી ઉડાન આપવી એ સરકારનું પ્રાથમિક લક્ષ્ય છે.

**શિક્ષણથી સશક્ત યુવા :** શિક્ષણને સુલભ અને સર્વસમાવેશક બનાવવા માટે રાજ્ય સરકાર વિવિધ શિષ્યવૃત્તિ યોજનાઓ હેઠળ ૮૧ લાખથી વધુ વિદ્યાર્થીઓને લાભ આપશે, જે માટે કુલ રૂ. ૪૮૨૭ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ૧૦ જિલ્લાઓમાં ૨૦ સમરસ કુમાર અને કન્યા છાત્રાલયોની સ્થાપના થવાથી ૧૩,૦૦૦થી વધુ વિદ્યાર્થીઓને રહેવા અને શિક્ષણની સુવિધા મળશે.

**ટેકનિકલ તાલીમ-યુવાઓનો કૌશલ્ય વિકાસ :** યુવાઓને આધુનિક ઉદ્યોગોની જરૂરિયાત મુજબ તાલીમ આપવા માટે આઈ.ટી.આઈ સંસ્થાઓને અપગ્રેડ કરવા રૂ. ૪૫૦ કરોડની ફાળવણી કરાઈ છે, જેનાથી આગામી પાંચ વર્ષમાં પાંચ લાખ વિદ્યાર્થીઓ લાભ મેળવી શકશે. ઉપરાંત આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ (AI) અને નવીન ટેકનોલૉજી માટે અમદાવાદની એલ.ડી. ઇજનેરી કૉલેજ અને અન્ય છ ટેકનિકલ સંસ્થાઓમાં AI લેબ્સની સ્થાપના કરાશે. સરકારના આવા અનેક અભિગમોના કારણે યુવાઓનો કૌશલ્ય વિકાસ થશે.

**રમતગમત અને ગ્લોબલ તકો :** "ખેલે તે ખીલે" અભિગમ હેઠળ યુવાઓ માટે આંતરરાષ્ટ્રીય કક્ષાની રમતગમત સુવિધાઓ વિકસાવવા સરદાર પટેલ સ્પૉર્ટ્સ એન્ક્લેવ અને કરાઈ ખાતે આંતરરાષ્ટ્રીય કક્ષાની સ્પૉર્ટ્સ સુવિધાઓ સુલભ કરાશે. ઓલિમ્પિક રેડીનેસ પ્રોગ્રામ પણ યુવાનોને આંતરરાષ્ટ્રીય સ્પર્ધાઓ માટે તૈયાર કરવા શરૂ કરાયો છે. સરકાર ખેલાડીઓ માટે ઉત્તમ સુવિધાઓ અને આંતરરાષ્ટ્રીય ધોરણના રમતગમત સંકુલો વિકસાવવા માટે કટિબદ્ધ છે. કુલ રૂ.૧૦૯૩ કરોડની જોગવાઈ હેઠળ, રૂ.૫૨૧ કરોડ રમતગમત વિકાસ માટે, રૂ.૧૨૫ કરોડ સ્પૉર્ટ્સ કોમ્પ્લેક્સ માટે અને રૂ.૩૩ કરોડ ગાંધીનગરમાં પેરા હાઈ પર્ફોર્મન્સ સેન્ટર માટે ફાળવવામાં આવ્યા છે.

**સ્ટાર્ટઅપ્સ, ઉદ્યોગ વિકાસ રોજગારીની તકોથી : યુવા આત્મનિર્ભર :** ગુજરાતમાં સ્ટાર્ટઅપ્સ માટે i-Hub અને i-Create જેવી પહેલ સફળ થઈ છે. હવે રાજ્યના અન્ય ચાર રિજિયનમાં i-Hubની સ્થાપના થવાથી નવી સ્ટાર્ટઅપ ઇકોસિસ્ટિમ ઊભી થશે. MSME, ટેક્સ્ટાઇલ અને મેન્યુફેક્ચરિંગ પાર્ક દ્વારા રૂ.૩૬૦૦ કરોડની જોગવાઈ સાથે નવી રોજગારીની તકો ઊભી કરાશે. "ગ્લોબલ કેપેબિલિટી સેન્ટર્સ" (GCC) નીતિ દ્વારા ૫૦,૦૦૦થી વધુ નવી રોજગારી સર્જાશે. આવી અનેક રોજગારીની તકો દ્વારા કૌશલ્યવાન યુવાન આત્મનિર્ભર બનશે.

**સ્વ-રોજગારી અને નાણાકીય સહાય :** કુટીર ઉદ્યોગ માટે "વાજપાઈ બેંકેબલ યોજના" હેઠળ લોન મર્યાદા રૂ.૨૫ લાખ અને સબસિડી રૂ.૩.૭૫ લાખ સુધી વધારવામાં આવી છે. આ યોજના માટે રૂ.૪૮૦ કરોડની જોગવાઈ કરાઈ છે. આદિજાતિ, અનુસૂચિત જાતિ અને પછાત વર્ગના યુવાનો માટે સ્વ-રોજગારીની તક વધારવાની રાજ્ય સરકારની નેમ છે. આ માટે નાણાકીય સહાય માટે વ્યાજ સબસિડી આપવાની પણ જાહેરાત કરવામાં આવી છે. આ બેંકેબલ યોજનામાં રૂ.૧૦ લાખ સુધીની લોન ઉપર મહિલા લાભાર્થીઓને ૭% તથા પુરુષ લાભાર્થીઓને ૬% વ્યાજ સહાયનો લાભ મળશે. ગુજરાત સરકાર દ્વારા લેવામાં આવેલા આ પ્રયોગશીલ પગલાં રાજ્યના યુવાનોને નવી તક અને દિશા આપશે જેથી તેઓ રાજ્યના પ્રગતિશીલ વિકાસમાં ભાગીદાર બની શકશે.

युवा शक्ति, देश की तरक्की – યુવા શક્તિ દેશના વિકાસ માટે દેશની ઉન્નતિ માટે મહત્ત્વની ભુમિકા ભજવે છે. GYAN વિઝનને અનુરૂપ બજેટ યુવાશક્તિના સર્વાંગી વિકાસ માટે મહત્ત્વપૂર્ણ સાબિત થશે. ●



# અન્નદાતાની ઉન્નતિની બાંયધરી

વિવેક ગોહેલ

ખુશહાલ ભારત માટે મજબૂત ખેડૂત....ખેતી અને ખેડૂતોનું મહત્ત્વ દર્શાવવા માટે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ GYANની વિભાવના આપી છે. વિકસિત ભારતના નિર્માણમાં અન્નદાતાની ઉન્નતિ એ જ સમાજનો સાચો વિકાસ છે. આપણા દેશમાં ખેતી એ માત્ર આર્થિક પ્રવૃત્તિ જ નથી. ખેતી પ્રકૃતિની આરાધના છે, ધરતી માતાની વંદના છે, ગૌમાતા પ્રત્યેની આસ્થા છે, છોડ-છોડમાં રણછોડનાં દર્શન છે.. રાજ્યના કૃષિકારોની પ્રગતિનાં તમામ દ્વાર મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની સરકારે ખોલી આપ્યા છે. બમણા નહીં પણ અનેકગણા વેગે ખેડૂતોનો વિકાસ થાય, તેમની સમૃદ્ધિમાં અભિવૃદ્ધિ થાય તે માટે વર્ષ ૨૦૨૫-૨૬ના અંદાજપત્રમાં રાજ્ય સરકારે વિવિધ જોગવાઈઓ કરી છે.

કૃષિ, પશુપાલન, મત્સ્ય ઉદ્યોગ અને સહકારના ક્ષેત્રમાં માત્ર અર્થ ઉપાર્જન પૂરતું સીમિત ન ગણીને માનવ કલ્યાણના ભાવ સાથે સાંકળવામાં આવ્યું છે. આવી સંવેદનશીલતા સાથે કૃષિકારોની પડખે રહીને તેમના પ્રશ્નોનો હકારાત્મક ઉકેલ લાવવાની દિશામાં રાજ્ય સરકારે મક્કમ પ્રયાસો કર્યા છે. જેમાં ખેડૂતોને રાત્રે ખેતરમાં પાણી વાળવામાં ઝેરી જીવજંતુઓ તેમજ જંગલી પ્રાણીઓના ભયને દૂર કરવા રાતના ઉજાગરામાંથી મુક્તિ આપી દિવસે વીજળી આપતી કિસાન સૂર્યોદય યોજના અમલીકૃત કરી છે. આ યોજના હેઠળ રાજ્યના ૧૬,૬૮૩ ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી આપવાનું ભગીરથ કાર્ય કરવામાં આવ્યું છે. આશરે ૯૭ ટકા ગામડાઓમાં ખેડૂતોને દિવસે વીજળી આપવા માટે આ વર્ષે રૂ.૨૧૭૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

કેન્દ્રીય બજેટમાં કિસાન ક્રેડિટ કાર્ડમાં ધિરાણની મર્યાદા રૂ.૩ લાખથી વધારી રૂ.૫ લાખ કરવામાં આવી છે. જેનો પૂર્ણપણે અમલ કરવા રાજ્ય સરકાર કટિબદ્ધ છે. જે અંતર્ગત ૪% વ્યાજ રાહત આપવા માટે રૂ.૧૨૫૨ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ લોન દર વર્ષે ખેડૂતો, પશુપાલકો અને સાગરખેડુઓને મળતાં તેઓ પોતાની પ્રવૃત્તિ સમયસર કરી શકે છે. રાજ્ય સરકારે પ્રાકૃતિક ખેતીને પ્રોત્સાહન આપવાને પ્રાથમિકતા આપેલી છે. પ્રાકૃતિક કૃષિ અભિયાનને વેગવાન બનાવવા તેને લગતી વિવિધ પ્રવૃત્તિઓ માટે રૂ.૪૦૦ કરોડથી વધુની જોગવાઈ અંદાજપત્રમાં કરવામાં આવી છે.

કૃષિ ઉત્પાદકતા અને ખેડૂતોની આવક વધારવા માટે રાજ્ય સરકાર કૃષિ-યાંત્રિકીકરણને મહત્ત્વ આપે છે. આ બજેટમાં ખેડૂતોને ટ્રેક્ટર ખરીદીની હાલની સહાયમાં વધારો કરી રૂ.૧ લાખ કરવામાં આવી છે. આ ઉપરાંત ખેડૂતોને વિવિધ ખેતઓજારો, મીની ટ્રેક્ટર, ખાતર અને અન્ય ઉપકરણો માટે સહાય આપવા રૂ.૧૬૧૨ કરોડની જોગવાઈ કરવામાં આવે છે. ઊભા પાકને વન્ય પ્રાણીઓથી રક્ષણ માટે ખેતરની ફરતે ફેન્સિંગ બનાવવા માટે રૂ.૫૦૦ કરોડ જેટલી માતબર રકમની જોગવાઈ કરાઈ છે.

કૃષિક્ષેત્રમાં મૂલ્યવર્ધન ખૂબ અગત્યનું છે. ખેડૂતો કાચા ઉત્પાદનને બદલે પ્રોસેસિંગ કરીને મૂલ્યવર્ધન કરે તો વધુ સમૃદ્ધ બની શકે છે. ખેડૂતોને મૂલ્યવર્ધન કરી આવકમાં વૃદ્ધિ કરવા પ્રોત્સાહનરૂપે એગ્રો પ્રોસેસિંગ એન્ડ એક્સપોર્ટ પ્રમોશન માટે રૂ.૧૦૦ કરોડની અલાયદી જોગવાઈ કરવામાં આવી છે. ગ્રામ્ય વિસ્તારોમાં વ્યવસાયની તકો અને આવક વધારવા ખેતીની સાથે સાથે મત્સ્યઉદ્યોગ અને પશુપાલન ઉપર પણ એટલો જ ભાર મૂકવામાં આવે છે. મત્સ્ય ઉત્પાદનમાં વૃદ્ધિ અને રોજગારી સર્જન માટે આ બજેટમાં રૂ.૧૬૨૨ કરોડનાં પૅકેજની જોગવાઈ કરવામાં આવી છે. જે થકી અંદાજે કુલ ૨૭ હજાર યાંત્રિક-બિનયાંત્રિક બોટ અને ૨ લાખ જેટલા માછીમારોને વિવિધ યોજનાઓના લાભ મળશે. જેમાં મુખ્યત્વે માછીમારી માટે માળખાકીય સુવિધાઓનો વિકાસ, સ્ટોરેજ, પ્રોસેસિંગ અને નિકાસ ઉપર વિશેષ ભાર મૂકવામાં આવ્યો છે. મત્સ્ય ઉદ્યોગના સર્વાંગી વિકાસ માટે ગુજરાત સરકાર કટિબદ્ધ છે. ખેતીની જમીન પર મત્સ્ય ઉછેર કરવો હોય તેને બિન ખેતીની મંજૂરી લેવી નહીં પડે તેવી નીતિ બનાવવામાં આવશે.

કૃષિને સહાયક એવા સહકાર ક્ષેત્રની સુનિયોજિત વ્યવસ્થા કદાચ ભારત સિવાય ક્યાંય જોવા મળતી નથી. તેમાંય કેન્દ્ર સરકારે સહકાર વિભાગ પર વિશેષ ધ્યાન આપીને સહકાર મંત્રાલયના માધ્યમથી તેને સુદૃઢ અને સુલભ બનાવવાની સરળ સિસ્ટિમ વિકસાવી છે. “સહકારથી સમૃદ્ધિ” તરફ આગળ વધવા રાજ્યની પ્રાથમિક વિષયક સહકારી મંડળીઓને પ્રોત્સાહન આપી આર્થિક રીતે સક્ષમ બનાવવા જોગવાઈ કરવામાં આવી છે. જેનો લાભ ૧ લાખથી વધુ ખેડૂત સભાસદોને મળશે. પશુપાલનથી દૂધ ઉત્પાદન દ્વારા લાખો ખેડૂત પરિવારોને વૈકલ્પિક આવક થઈ રહી છે. ગીર ગાયના સંવર્ધન, સંરક્ષણ અને આનુવાંશિક ઓલાદ સુધારણા માટે પોરબંદરના ધરમપુર ખાતે વિવિધ અત્યાધુનિક સુવિધા નિર્માણનું પણ આયોજન છે. આમ, આ અંદાજપત્ર ખેડૂતોના સર્વાંગીણ વિકાસ માટે તેમની ઉન્નતિની બાંયધરી સમાન છે. ●



# વિકસિત ગુજરાતના નિર્માણમાં નારીશક્તિની મહત્ત્વની ભૂમિકા

**સંજયસિંહ ચાવડા**

વિકસિત ગુજરાતનું નિર્માણ એ રાજ્યના સર્વગ્રાહી વિકાસનું ધ્યેય છે. જ્ઞાનના ચાર સ્તંભો પૈકીનો એક સ્તંભ એવી નારી શક્તિની ભૂમિકા આધુનિક સમાજના વિકાસના માર્ગમાં મહત્ત્વપૂર્ણ છે. વડાપ્રધાનશ્રીના માર્ગદર્શન અને મુખ્યમંત્રીશ્રીના નેતૃત્વમાં નારી સશક્તીકરણ માટે આદરેલી ઝુંબેશનો મુખ્ય ઉદ્દેશ્ય ગુજરાતની મહિલાઓને આર્થિક, સામાજિક અને શૈક્ષણિક ક્ષેત્રે બદલાતા વૈશ્વિક પ્રવાહો સાથે કદમ મિલાવી, આત્મવિશ્વાસ સાથે રાજ્યની વિકાસયાત્રામાં સમાન રીતે ભાગ લે તે સુનિશ્ચિત કરવાનો છે.

મહિલા ઉત્થાનમાં મહત્ત્વપૂર્ણ એવા શિક્ષણને પ્રોત્સાહન આપવા ગત વર્ષે જાહેર કરાયેલ "નમો લક્ષ્મી યોજના" દ્વારા ૧૦ લાખ જેટલી વિદ્યાર્થિનીઓ અને "નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના" દ્વારા આશરે ૬૮ હજાર વિદ્યાર્થિનીઓને શિક્ષણ સહાય પૂરી પાડી છે. આ વર્ષે નમો લક્ષ્મી યોજના માટે રૂ.૧૨૫૦ કરોડ અને નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજનામાં અંદાજે ૨.૫૦ લાખ વિદ્યાર્થીઓને સહાય માટે રૂ.૨૫૦ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. આ યોજનાઓ થકી દીકરી શિક્ષિત થઈ પોતાના સપનાને સાકાર કરી શકે છે.


સ્વસ્થ નારી સ્વસ્થ સમાજનો અરીસો છે. આદિજાતિ વિસ્તારના ૧૪ જિલ્લાઓના ૧૦૬ ઘટકોમાં સગર્ભા અને ધાત્રી માતાઓ અને બાળકોના પોષણના સ્તરમાં સુધારો થાય તે માટે પોષણ સુધા યોજના હેઠળ આ વર્ષના બજેટમાં રૂ. ૯૦ કરોડ, પૂરક પોષણ યોજના અંતર્ગત બાળકો, કિશોરીઓ અને સગર્ભા-ધાત્રી માતાઓને ટેક હોમ રાશન પૂરું પાડવા રૂ.૯૭૩ કરોડ અને મુખ્યમંત્રી માતૃશક્તિ યોજના હેઠળ સગર્ભા માતાને એક હજાર દિવસ સુધી પ્રતિ માસ પ્રતિ લાભાર્થી બે કિલો ચણા, એક કિલો દાળ અને એક લિટર ખાદ્યતેલ આપવા રૂ.૩૭૨ કરોડ તથા પૂર્ણા યોજના હેઠળ કિશોરીઓના કુપોષણના પ્રમાણમાં ઘટાડો અને હિમોગ્લોબિનનાં પ્રમાણમાં સુધારો થાય તે હેતુથી પૂર્ણા શક્તિના પેકેટ આપવા માટે રૂ.૩૩૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે.

રાજ્ય સરકારની બે મહત્ત્વપૂર્ણ પહેલમાં 'નમો ડ્રોન દીદી યોજના' અને "લખપતિ દીદી યોજના" સ્થાન પામે છે. નમો ડ્રોન દીદી યોજના મહિલાઓને ડ્રોન ઉડાડવાની તાલીમ આપીને તેમને આધુનિક ટૅક્નોલૉજી સાથે જોડવામાં આવે છે. જ્યારે લખપતિ દીદી યોજના દ્વારા મહિલાઓને વિવિધ કૌશલ્યોમાં તાલીમ આપીને તેમને સ્વ-રોજગાર શરૂ કરવા માટે પ્રોત્સાહિત કરે છે. આ યોજના હેઠળ મહિલાઓને વ્યવસાય શરૂ કરવા માટે વ્યાજમુક્ત લોન પણ આપવામાં આવે છે. જેના થકી તેઓ આત્મનિર્ભર બની સમાજમાં સન્માનભેર જીવન જીવી શકે છે. આ બંને યોજનાઓ મહિલા સશક્તીકરણને પ્રોત્સાહન આપે છે.

ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના વિધવા બહેનોને આર્થિક સુરક્ષા પૂરી પાડે છે. જે મહિલાઓના પતિનું અવસાન થયું હોય અને તેઓ નિરાધાર હોય તે આ યોજનાનો લાભ લઈ શકે છે. આ યોજના અંતર્ગત વિધવા બહેનોને આર્થિક રીતે મદદરૂપ થવા માટે દર માસે DBT માધ્યમથી રૂ.૧૨૫૦ની સહાય આપવામાં આવે છે. ગંગા સ્વરૂપા આર્થિક સહાય યોજના એ વિધવા મહિલાઓના જીવનમાં સકારાત્મક પરિવર્તન લાવવા માટેની એક અસરકારક પહેલ છે. રાજ્ય સરકાર દ્વારા વર્ષ-૨૦૨૫-૨૬ના બજેટમાં રૂ. ૩૦૧૫ કરોડની જોગવાઈ કરી છે, આ યોજના દ્વારા અનેક મહિલાઓને આર્થિક સહાય મળી છે અને તેઓ સન્માનભેર જીવન જીવી રહી છે.

ગુજરાત સરકારે છેલ્લાં બે દાયકામાં મહિલા સશક્તીકરણ માટે અનેકવિધ અને અસરકારક યોજનાઓ અમલમાં મૂકી છે. આ યોજનાઓના પરિણામે મહિલા શક્તિને પ્રોત્સાહન મળ્યું છે અને તેઓ વિવિધ ક્ષેત્રોમાં આગળ વધી રહી છે. જો આજ રીતે રાજ્યની મહિલાઓને પ્રોત્સાહન મળતું રહેશે, તો ગુજરાતનું ભવિષ્ય વધુ ઉજ્જવળ બનશે તેમાં કોઈ શંકા નથી. મહિલાઓના સશક્તીકરણથી જ એક સમૃદ્ધ અને વિકસિત ગુજરાતનું નિર્માણ થશે. ●

# કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી સાથેનો શૈક્ષણિક સંવાદ વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત





'રાષ્ટ્ર નિર્માણમાં વિદ્યાર્થીઓની ભૂમિકા અત્યંત મહત્ત્વપૂર્ણ છે અને તેમની સફળતા જ ભારતને અગ્રેસર બનાવવામાં મદદરૂપ થશે' આ વાત કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહે નવી દિલ્હી સ્થિત ગુજરાત ભવનમાં ગ્રામીણ અને આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ સાથે સંવાદમાં કહી હતી.

ડાંગ જિલ્લાના સંતોકબા ધોળકિયા વિદ્યામંદિરના ગ્રામીણ અને આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ સાથેના પ્રેરક શૈક્ષણિક સંવાદમાં શ્રી અમિતભાઈ શાહે શિક્ષણ, યુવા સશક્તિકરણ અને રાષ્ટ્રીય વિકાસમાં વિદ્યાર્થીઓની ભૂમિકા અંગે પોતાના વિચારો રજૂ કર્યા. આ સંવાદનો ઉદ્દેશ વિદ્યાર્થીઓને પ્રેરિત કરવાનો અને તેમની શૈક્ષણિક તેમજ કારકિર્દી સાથે સંકળાયેલી જિજ્ઞાસાઓને સંતોષવાનો હતો. આ તકે મંત્રીશ્રીએ જણાવ્યું હતું કે,મોદી સરકાર ૫૦%થી વધુ આદિજાતિ (ST) વસ્તીવાળા અને ઓછામાં ઓછા ૨૦,૦૦૦ આદિવાસી લોકોવાળા પ્રત્યેક તાલુકામાં એકલવ્ય મોડલ રેસિડેન્શિયલ સ્કૂલની સ્થાપના દ્વારા આદિવાસી વિદ્યાર્થીઓ-વિદ્યાર્થિનીઓને ગુણવત્તાયુક્ત શિક્ષણ ઉપલબ્ધ કરાવી રહી છે. તબીબી, ઈજનેરી અને ટેકનિકલ શિક્ષણમાં આદિવાસી વિદ્યાર્થીઓ માટે ભાષા હંમેશા અવરોધરૂપ રહી છે, તે બાબતને ધ્યાનમાં રાખીને મોદી સરકારે માતૃભાષામાં પરીક્ષા આપવાનો વિકલ્પ પ્રદાન કર્યો છે. આ નિર્ણયોથી આદિવાસી વિદ્યાર્થીઓને એક નવી આશા બંધાઈ છે. આઝાદી પછીના છ દાયકાઓમાં દેશમાં ફક્ત એક જ સેન્ટ્રલ ટ્રાયબલ યુનિવર્સિટી હતી, જ્યારે છેલ્લા એક દાયકામાં રાજ્ય સરકારે ૩ નવી ટ્રાયબલ યુનિવર્સિટીઓ સ્થાપિત કરી છે. જનજાતીય સમુદાયનું ઉત્થાન અને તેમનું સશક્તિકરણ એ મોદી સરકારની પ્રાથમિકતા છે. ગૃહમંત્રીશ્રીએ વિદ્યાર્થીઓના પ્રશ્નોના ઉત્તર આપીને મહેનત, સમર્પણ અને દૃઢ સંકલ્પના મહત્ત્વ પર ભાર મૂક્યો હતો. આ કાર્યક્રમ તમામ ગ્રામીણ અને આદિવાસી સમાજના વિદ્યાર્થીઓ માટે પ્રેરણાસ્ત્રોત સાબિત થયો હતો. ●



# વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલ ગુજરાતના સપ્લાય ચેઇન ઓટોમેશનથી પ્રભાવિત

પૂનામાં યોજાયેલી વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠક કેન્દ્રીય ગૃહ અને સહકારિતા મંત્રી શ્રી અમિતભાઈ શાહના અધ્યક્ષસ્થાને યોજાઈ હતી. જેમાં ગુજરાતના સપ્લાય ચેઈન ઓટોમેશન પ્રેઝન્ટેશને બેસ્ટ પ્રેક્ટિસિસ અંતર્ગત સરાહના મેળવી હતી.

આ બેઠકમાં સહભાગી ગુજરાત, ગોવા, મહારાષ્ટ્ર અને કેન્દ્રશાસિત પ્રદેશ દીવ-દમણ, દાદરા-નગર હવેલીની એક-એક બેસ્ટ પ્રેક્ટિસિસનું પ્રસ્તુતીકરણ વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની સ્ટેન્ડિંગ કમિટી દ્વારા પસંદ કરવામાં આવ્યું હતું. ગુજરાતના અન્ન અને નાગરિક પુરવઠા વિભાગના સપ્લાય ચેઈન ઓટોમેશનની આ બેસ્ટ પ્રેક્ટિસિસ અન્વયે પસંદગી કરવામાં આવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્યમાં વિશાળ અને સુસંચાલિત જાહેર વિતરણ વ્યવસ્થા હેઠળ પી.ડી.એસ., આઈ.સી.ડી.એસ. અને પી.એમ. પોષણ યોજના મળીને વાર્ષિક અંદાજે ૨૫ લાખ મેટ્રિક ટન અને અંદાજે ૮ હજાર કરોડથી વધુ મૂલ્યનું અનાજ ફૂડ કોર્પોરેશન ઓફ ઈન્ડિયા તથા રાજ્ય સરકારનાં ૩૫૦ ગોડાઉન પરથી ૧૭ હજારથી વધુ વાજબી ભાવની દુકાનો સુધી વિતરણ થાય છે.

આ વ્યવસ્થા અન્વયે વાહનો પર જીપીએસ, લોડ સેન્સર, જિઓ-ફેન્સિંગ, સિસ્ટમ ઈન્ટિગ્રેશન અને ઓટોમેટિક એલર્ટ તથા સીસીટીવી જેવાં અદ્યતન સાધનો દ્વારા આ સપ્લાય ચેઈનનું મોનિટરિંગ થતું હોવાથી માનવીય હસ્તક્ષેપ ઘટયો છે. એટલું જ નહિ આ સિસ્ટિમમાં વાર્ષિક ૩.૨૫ લાખ ટ્રક ટ્રિપનું સેન્ટ્રલ મોનિટરિંગ દ્વારા ટ્રેકિંગ થાય છે. પરિણામે છેવાડાના લાભાર્થીને પણ સમયસર અને યોગ્ય રીતે અનાજનું વિતરણ સરળતાથી થાય છે અને લાસ્ટ માઈલ ડિલિવરી સુનિશ્ચિત પણ થાય છે.

આ પદ્ધતિને પરિણામે રાજ્યના ૭૫ લાખથી વધુ NFSA કાર્ડધારક પરિવારોના ૩ કરોડ ૭૦ લાખ લોકો, ૧૭ હજાર વાજબી ભાવની દુકાનો, ૫૨ હજાર આંગણવાડી કેન્દ્રો અને ૩૦ હજાર પી.એમ. પોષણ સેન્ટર્સ સુધી ખાદ્યાન્ન અને સામગ્રી સરળતાએ પહોંચાડી શકાય છે. ●

# ૨૩મી ગ્લોબલ કેસ્ટર કૉન્ફરન્સ-૨૦૨૫

ગુજરાતે હંમેશાં ઉદ્યોગ અને કૃષિ ક્ષેત્રે નવીનતાઓ અપનાવી છે. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના વિઝનરી નેતૃત્વમાં ગુજરાત માત્ર દેશનું આર્થિક ગ્રોથ એન્જિન જ નહિ, પરંતુ ઉદ્યમશીલતાનું પ્રતીક બન્યું છે. ગુજરાતની પૉલિસી ડ્રિવન સ્ટેટ તરીકેની છાપ વિશ્વભરમાં છે. રાજ્યમાં કૃષિ અને ઉદ્યોગનો સમતોલ વિકાસ થયો છે. એરંડા જેવા પરંપરાગત કૃષિ પાકના વૅલ્યુ એડિશન અને નિકાસ સહિતની બાબતો પર પરામર્શ માટે ગાંધીનગર ખાતે "૨૩મી ગ્લોબલ કેસ્ટર કૉન્ફરન્સ-૨૦૨૫"નું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કોન્ફરન્સનો શુભારંભ ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતની પ્રેરક ઉપસ્થિતિમાં કરાવ્યો હતો. "કેસ્ટરઃ પાવરિંગ સસ્ટેનેબલ સોલ્યુશન્સ ફોર અ ગ્રીનર ફ્યુચર" થીમ સાથે સોલ્વન્ટ એક્સ્ટ્રેક્ટર્સ ઍસોસિયેશન(SEA) દ્વારા આયોજિત આ કૉન્ફરન્સમાં ૧૫થી વધુ દેશોના ૪૦૦થી વધુ ડેલિગેટ્સ સહભાગી થયા હતા.

મુખ્યમંત્રીશ્રીએ સંબોધન કરતાં જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ કૃષિ આધારિત ઉદ્યોગોને નવી દિશા આપી ગ્રામીણ અર્થતંત્રને સક્ષમ બનાવ્યું છે. તેમણે ગુજરાતને પૉલિસી ડ્રિવન સ્ટેટ બનાવ્યું છે. તેના પરિણામે કૃષિ અને ઉદ્યોગ એકસાથે પ્રગતિ કરી રહ્યાં છે. એરંડા જેવા પરંપરાગત કૃષિ પાકો અને ઉત્પાદનોનાં વૅલ્યુ એડિશન કરવા સાથે સમયને અનુરૂપ નવતર આયામો અપનાવ્યા છે. આજે વર્લ્ડ કેસ્ટર માર્કેટમાં પણ ગુજરાત સિંહફાળો ધરાવતું સ્ટેટ છે.

વડાપ્રધાનશ્રીની વિઝનરી લીડરશિપમાં એરંડા ક્ષેત્રને વધુ સુદૃઢ અને સક્ષમ કરવાના પ્રયાસો સફળ થયા છે. ૨૦૦૩માં ગુજરાતમાં માત્ર ૨૯૦૦ હેક્ટર વિસ્તારમાં એરંડાનું વાવેતર થતું હતું. પરંતુ મોદીસાહેબના માળખાકીય અને નીતિગત પ્રયાસોથી ૨૦૨૪માં આ વાવેતર લગભગ ૭૨૦૦થી વધુ હેક્ટરમાં થવા લાગ્યું છે. ફાર્માસ્યુટિકલ, કોસ્મેટિક્સ, લ્યુબ્રિકન્ટ્સ અને બાયોડીઝલ જેવા અનેક ક્ષેત્રોમાં એરંડાનો ઉપયોગ વ્યાપકપણે વધ્યો છે, તેથી તેની માંગ દિન-પ્રતિદિન વધી રહી છે અને વેલ્યૂ એડિશનની જરૂરિયાત ઊભી થઈ છે. વિશ્વભરના બજારોમાં, ગુજરાતના એરંડાના તેલની વિશ્વસનીયતા અને ગુણવત્તા ખૂબ મહત્ત્વની છે. ●



# વડનગરમાં સ્થપાશે કન્સ્ટ્રક્શન સ્કિલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ (CSTI)

ઐતિહાસિક નગરી વડનગર ખાતે વિશ્વકક્ષાનું મ્યુઝિયમ ખુલ્લું મુકાયા બાદ વધુ એક પ્રકલ્પ માટે રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ અને રોજગાર વિભાગ તથા લાર્સન એન્ડ ટુબ્રો L&T લિમિટેડ વચ્ચે ગાંધીનગરમાં એક મહત્ત્વપૂર્ણ MoU કરવામાં આવ્યા હતા. મુખ્યમંત્રીશ્રી ભૂપેન્દ્રભાઈ પટેલની પ્રેરક ઉપસ્થિતિમાં સંપન્ન થયેલા આ MoU અન્વયે L&T ઉત્તર ગુજરાતના વડનગરમાં કન્સ્ટ્રક્શન સ્કિલ ટ્રેનિંગ ઇન્સ્ટિટ્યૂટ (CSTI)ની સ્થાપના કરશે. રાજ્ય સરકારના શ્રમ, કૌશલ્ય વિકાસ, રોજગાર વિભાગ દ્વારા આ ઇન્સ્ટિટ્યૂટ માટે દસ એકર જમીન ફાળવાશે. રૂ. ૨૨ કરોડનાં અંદાજિત ખર્ચે વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીની વતનભૂમિ વડનગરમાં શરૂ થનારા આ ઇન્સ્ટિટ્યૂટના બિલ્ડિંગનું નિર્માણ તથા અન્ય માળખાકીય સુવિધાઓ અને તાલીમાર્થીઓને રહેવા તથા જમવા સહિતની સુવિધાઓ માટે L&T દ્વારા સી.એસ.આર. અન્વયે ખર્ચ કરાશે. આ સંસ્થાના નિર્માણથી ઉત્તર ગુજરાતમાં ધરોઈ ડેમ વિસ્તારનાં વિવિધ વિકાસકામો તથા ભારતમાલા પ્રોજેક્ટ્સ અને બાંધકામ ક્ષેત્રના અન્ય મેગા પ્રોજેક્ટ્સ માટે બાંધકામ ટૅક્નોલૉજીના જ્ઞાનકૌશલ્યથી સજ્જ તાલીમબદ્ધ યુવાધન ઉપલબ્ધ કરવામાં મોટી મદદ મળશે.



આ ઇન્સ્ટિટ્યૂટમાં સ્ટ્રક્ચરલ એન્ડ ફિનિશિંગ ટેકનિશિયન, સ્માર્ટ સિટીઝ માટે (સી.સી.ટી.વી. અને ઓ.એફ.સી.) ટેકનિશિયન, સોલાર એન્ડ ટ્રાન્સમિશન લાઇન ટાવર ઈરેક્શન ટેકનિશિયન તથા ફાયર લાઈફ સેફ્ટી એન્ડ ટેકનિશિયન જેવા ટૂંકાગાળાના અભ્યાસક્રમોમાં તાલીમ આપવામાં આવશે. ●

# રેરા-ટ્રિબ્યુનલના વેબ પોર્ટલનું લોન્ચિંગ



કેન્દ્ર સરકારે રિયલ એસ્ટેટ સેક્ટરના નિયમન અને વિકાસ માટે ખાસ કરીને મકાન વગેરે ધારણકર્તા એલોટિઝનું હિત જાળવવા સાથે પક્ષકારો વચ્ચેના વિવાદના ઝડપી અસરકારક નિકાલ અર્થે ૨૦૧૬થી ધી રિયલ એસ્ટેટ રેગ્યુલેશન એન્ડ ડેવલપમેન્ટ એક્ટ ઘડ્યો છે. ગુજરાતમાં ૧, મે-૨૦૧૭થી અમલી થયેલા આ કાયદાની જોગવાઈઓ મુજબ રાજ્ય સરકારે ગુજરાત રિયલ એસ્ટેટ એપેલેટ ટ્રિબ્યુનલ(રેરા ટ્રિબ્યુનલ) ની સ્થાપના કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે આ રેરા ટ્રિબ્યુનલની વિવિધ કાર્યવાહીને ઓનલાઇન અને સરળ બનાવતાં યુઝર ફ્રેન્ડલી વેબપોર્ટલનું લોન્ચિંગ ટ્રિબ્યુનલના ચેરમેન નિવૃત્ત ચીફ જસ્ટિસ શ્રી આર.એમ. છાયાની પ્રેરક ઉપસ્થિતિમાં ગાંધીનગરમાં કર્યું હતું. આ વેબપોર્ટલ great.gujarat.gov.in કાર્યરત થતાં, હાલ જે સંબંધિત પક્ષકારો દ્વારા રેરા ટ્રિબ્યુનલમાં રૂબરૂ આવીને અપીલ કાર્યવાહી કરવામાં આવે છે, તેમાંથી મુક્તિ મળશે. પક્ષકારો પોતાની અપીલ આ યુઝર ફ્રેન્ડલી વેબપોર્ટલ પર કરી શકશે. એટલું જ નહીં, તે અંગેની ફી પણ ઓનલાઇન ભરી શકાશે.

રેરા ટ્રિબ્યુનલ દ્વારા પોતાના આ વેબપોર્ટલ પર જે કામગીરી પક્ષકારો અને સંબંધિતોને ઓનલાઇન ઉપલબ્ધ થવાની છે, તેમાં (૧) અપીલ ફાઈલિંગ અને નોંધણી (૨) ફી અને ડિપોઝિટ વગેરેની ઓનલાઇન ચુકવણી (૩) અપીલની ચકાસણી અને પ્રશ્નોનું સમાધાન (૪) હદ-ગણતરી અને વિલંબિત માફી માટેની અરજી (Limitation Calculation and Delay Condonation Application) (૫) ફાઈલિંગ માટે ઇ-મેલ અને SMS એલર્ટ્સ (૬) સુનાવણીની તારીખ નક્કી કરવી અને પક્ષકારોને સુનાવણીની તારીખ વિશે ઓનલાઇન જાણ કરવી (૭) સુનાવણી/ઓર્ડર વિશે SMS દ્વારા પક્ષકારોને ઓનલાઇન માહિતી (૮) પુનઃસ્થાપન અને સમીક્ષા અરજી અને નોંધણી કરવી (૯) દૈનિક યાદી (Daily Cause List) (૧૦) આગામી સુનાવણીની તારીખ/કાર્યવાહી માટે પક્ષકારોને ઇ-મેલ અને SMS સેવા (૧૧) ચુકાદાની જાહેરાતની તારીખ માટે પક્ષકારોને ઇ-મેલ અને SMS સેવા, વગેરે સેવાઓનો સમાવેશ થાય છે. ●




# રાજ્ય સરકાર માતૃભાષાનાં જતન અને સંવર્ધન માટે સમર્પિત

“વિકાસ ભી, વિરાસત ભી”ના મંત્ર સાથે આપણી વિરાસતોના સંવર્ધન અને વિકાસની દિશા વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીએ દર્શાવી છે. ત્યારે વિશ્વ માતૃભાષા દિવસ'ના અવસરે ગાંધીનગરમાં ગુજરાત સાહિત્ય અકાદમી દ્વારા આયોજિત સાહિત્ય ગૌરવ પુરસ્કાર સમારોહમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે કહ્યું હતું કે, રાજ્ય સરકાર સાંસ્કૃતિક વિરાસત એવી માતૃભાષાના જતન અને સંવર્ધન માટે સમર્પિત છે. આપણી વિરાસત, આપણી સંસ્કૃતિને સાથે લઈને આપણે દેશને વિકસિત બનાવવાનો છે.

મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ દેશને ‘એક ભારત શ્રેષ્ઠ ભારત’નો સંકલ્પ આપીને દરેક રાજ્યની ભાષાને પ્રાધાન્ય આપ્યું છે. દેશનો કોઈ પણ નાગરિક આજે પોતાની ભાષામાં રજૂઆત કરી શકે છે. આજના માતા-પિતા પોતાના બાળકને અંગ્રેજી શીખવાડવાનો વધુ આગ્રહ રાખતા હોય છે. અંગ્રેજી કે બીજી કોઈપણ ભાષા શીખવી તે ખોટી બાબત નથી પરંતુ બાળકને ગુજરાતી ભાષાના મહત્ત્વને પણ સમજાવવું જોઈએ. બાળક બીજી ગમે તેટલી ભાષા શીખે પરંતુ તેની માતૃભાષાનું પણ તેટલું જ જ્ઞાન હોવું જરૂરી છે.

આપણા વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ ભારતની રાષ્ટ્રભાષાને વૈશ્વિક ઓળખ અપાવી છે. દુનિયાના કોઈ પણ દેશમાં જઈને પણ તેમણે રાષ્ટ્રભાષામાં સંવાદ કર્યો છે. દુનિયાના કોઈ પણ ખૂણે આપણે માતૃભાષામાં વાત કરી શકીએ છીએ તેવી પ્રેરણા તેમણે આપી છે. આજના યુવાનોમાં સાહિત્ય ક્ષેત્રમાં રસ ઘટતો જઈ રહ્યો છે ત્યારે નવી પેઢી સુધી માતૃભાષાનો વારસો પહોંચાડવાનું ભગીરથ કાર્ય આપણે કરવાનું છે. સૌ કોઈ સાહિત્યક્ષેત્રના મુરબ્બીઓ અને વડીલોની જવાબદારી છે કે, યુવાનોને સાહિત્યનું મહત્ત્વ સમજાવીએ. ●



# સિંગલ ક્લિકથી ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને રૂ. ૩૧૩ કરોડની સહાય

ગુજરાતે ટ્રાન્સપેરન્ટ - ટાઈમલી અને ટેક્નોલોજીયુક્ત ગવર્નન્સનું વધુ એક ઉત્તમ ઉદાહરણ પુરૂં પાડ્યું છે. વિદ્યાર્થીઓને પ્રોત્સાહિત કરતી વિવિધ યોજનાઓની સહાય માટે રૂ. ૩૧૩ કરોડથી વધુની રકમ ગુજરાતના ૧૩ લાખથી વધુ વિદ્યાર્થીઓને સિંગલ ક્લિકથી ચૂકવી દેવામાં આવી છે. નમો લક્ષ્મી યોજના, નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના, મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અને મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અન્વયેની રકમ સિંગલ ક્લિક દ્વારા DBT થી વિદ્યાર્થીઓના ખાતામાં જમા કરાવી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે શિક્ષણ મંત્રી શ્રી ડો.કુબેરભાઈ ડિંડોર અને શિક્ષણ રાજ્ય મંત્રી શ્રી પ્રફુલ પાનશેરીયાની ઉપસ્થિતિમાં ગાંધીનગરથી વિડીયો કોન્ફરન્સ દ્વારા આ સહાય અર્પણ કરી હતી.

ધો. ૯થી ૧૨માં અભ્યાસ કરતી કન્યાઓનો ડ્રોપ આઉટ રેટ ઘટે તેમજ કિશોરવયની વિદ્યાર્થિનીઓને શિક્ષણની સાથોસાથ પૂરતું પોષણ મળે અને તેઓનું સશક્તિકરણ થાય તે હેતુંથી કાર્યરત નમો લક્ષ્મી યોજના માટે ૧૦.૭૦ લાખ કન્યા છાત્રાઓને રૂ.૨૦૩ કરોડ સિંગલ ક્લિક દ્વારા DBT થી સીધા ખાતામાં ચૂકવવામાં આવ્યા છે. આ ઉપરાંત ધોરણ ૧૦ પાસ કર્યા પછી રાજ્યના વધુ ને વધુ વિદ્યાર્થીઓને ધોરણ ૧૧-૧૨ માટે વિજ્ઞાન પ્રવાહમાં અભ્યાસ કરવા માટે પ્રોત્સાહન આપવાના ઉદ્દેશથી શરૂ કરાયેલી નમો સરસ્વતી વિજ્ઞાન સાધના યોજના હેઠળ વિજ્ઞાન પ્રવાહના ૧.૫૦ લાખ જેટલા વિદ્યાર્થીઓ - વિદ્યાર્થીનીઓને રૂ. ૫૧ કરોડની સહાય સીધી બેંક ખાતામાં ટ્રાન્સફર કરી છે.

મુખ્યમંત્રી જ્ઞાન સાધના મેરીટ સ્કોલરશીપ યોજના અન્વયે ૫૦ હજાર વિદ્યાર્થીઓને કુલ રૂ. ૩૩ કરોડથી વધુની સ્કોલરશીપ ચુકવવામાં આવી છે. આ યોજના અન્વયે ધો.૧ થી ૮માં સરકારી અથવા અનુદાનિત પ્રાથમિક શાળાઓમાં સળંગ અભ્યાસ કર્યો હોય તેવા અને RTE અંતર્ગત અભ્યાસ પૂર્ણ કર્યો હોય તેવા રાજ્યના ૨૫ હજાર તેજસ્વી વિદ્યાર્થીઓને સ્કોલરશીપ આપવામાં આવે છે. મુખ્યમંત્રી જ્ઞાનસેતુ મેરીટ સ્કોલરશીપ યોજના અંતર્ગત ૬૦ હજાર વિદ્યાર્થીઓને રૂ. ૨૬ કરોડથી વધુની સ્કોલરશીપ ગુરૂવારે ડાયરેક્ટ બેનિફિટ સિસ્ટમથી એનાયત કરી હતી. ●



# ગુજરાતમાં પ્રથમ વખત યોજાયું ASICON 2025નું રાષ્ટ્રીય સંમેલન

વડાપ્રધાનશ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં 'હૉલિસ્ટિક હેલ્થકેર'ની પ્રણાલીને આત્મસાત્ કરતાં ગુજરાતે છેવાડાનાં ગામો સુધી અને સામાન્યમાં સામાન્ય માનવીને પણ સરળતાથી આરોગ્ય સેવાઓ મળી રહે તેવી સુવિધાઓ વિકસાવી છે. ત્યારે મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે અમદાવાદમાં એચઆઇવી (HIV) તબીબી નિષ્ણાતોના રાષ્ટ્રીય સંમેલન - ASICON ૨૦૨૫નો પ્રારંભ કરાવ્યો હતો.



ગુજરાતમાં પ્રથમ વખત આયોજિત આ સંમેલનમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એઇડ્સ નાબૂદીના પ્રયાસો અને ASICON સંમેલન વિશે કહ્યુ હતું કે, દેશમાં એઇડ્સ નાબૂદીના પ્રયાસોમાં ગુજરાત અગ્રેસર છે. ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ અને આરોગ્ય સેવાઓની વ્યાપક ઉપલબ્ધતા થકી ટકાઉ વિકાસ લક્ષ્યાંકો અનુસાર વર્ષ ૨૦૩૦ સુધીમાં એઇડ્સમુક્ત ભારતના સંકલ્પને સાકાર કરવા માટે પણ આ કૉન્ફરન્સ માર્ગદર્શક અને દિશાસૂચક સાબિત થશે. મુખ્યમંત્રીશ્રીએ વધુમાં કહ્યું હતું કે, રાજ્યના આ વર્ષના બજેટમાં લોકોની સ્વાસ્થ્ય સુખાકારી સુનિશ્ચિત કરવા અને આરોગ્ય માળખાને વધુ મજબૂત કરવાના ધ્યેય સાથે આરોગ્ય બજેટમાં ૧૬%ના વધારા સાથે રૂ. ૨૩,૩૮૫ કરોડની જોગવાઈ કરવામાં આવી છે. ●

# ગાંધીનગરમાં રાજ્યના ઉદ્યોગ સાહસિકોનું સન્માન





ઉદ્યોગ સાહસિકતા સન્માન કાર્યક્રમમાં રાજયના ઉદ્યમીઓનું ઉત્સાહવર્ધન કરતા મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ મેક ઈન ઈન્ડિયા, આત્મનિર્ભર ભારત અને સ્ટાર્ટઅપ ઈન્ડિયા જેવી વિવિધ પહેલોના પરિણામે ભારતના અનેક યુવા ઉદ્યોગ સાહસિકોને પ્રોત્સાહન મળ્યું છે. તેના પરિણામે આજે અનેક વૈશ્વિક ઉદ્યોગો ઉપરાંત લઘુ, સૂક્ષ્મ અને મધ્યમ ઉદ્યોગો વિકાસ પામી રહ્યા છે. મુખ્યમંત્રીશ્રીએ ઉમેર્યું કે, આજે ભારતના ઉદ્યોગો દ્વારા ઉત્પાદિત ઉત્પાદનોની વિશ્વભરના દેશોમાં નિકાસ થઈ રહી છે. અમેરિકા જેવા દેશો પણ આજે ભારતનાં ઉત્પાદનો આયાત કરીને તેનો ઉપયોગ કરી રહ્યા છે.

મુખ્યમંત્રીશ્રીએ ગુણવત્તા રથને ફલેગ ઓફ આપીને પ્રસ્થાન કરાવ્યું હતું. જે ૫૦ દિવસ સુધી ગુજરાતના તમામ જિલ્લામાં ફરીને નાના-મોટા ઉદ્યોગોની મુલાકાત લઈને ઉદ્યોગોમાં ગુણવત્તા કેળવવા બાબતે જાગરૂકતા ફેલાવશે. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે ઉત્પાદનોની ગુણવત્તા અંગે કહ્યું હતું કે, ગુજરાત અને દેશના ઉદ્યોગો સમગ્ર વિશ્વ માટે ઉત્પાદનો ઉત્પાદિત કરતા હોય ત્યારે, તેની ગુણવત્તા અચૂકપણે શ્રેષ્ઠ હોવી જોઈએ.

તેમણે વધુમાં જણાવ્યું હતું કે, સ્ટાર્ટઅપ ક્ષેત્રે ગુજરાત સમગ્ર દેશમાં છેલ્લા ચાર વર્ષથી પ્રથમ છે. સાથે જ, મહિલા ઉદ્યોગ સાહસિકોની સંખ્યામાં પણ ગુજરાતમાં સતત વધારો થઈ રહ્યો છે. આજે દેશના GDPમાં ગુજરાતનો ફાળો ૮.૩ ટકા જેટલો છે, વર્ષ ૨૦૩૦ સુધીમાં તેને ૧૦ ટકા સુધી પહોંચાડવા માટે રાજ્ય સરકાર સાથે સૌ ઉદ્યોગ સાહસિકોએ પણ સહભાગી થવાનું છે. ગાંધીનગર ખાતે યોજાયેલા “ઉદ્યોગ સાહસિકતા સન્માન કાર્યક્રમ”માં ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂત, લઘુ ઉદ્યોગ રાજ્ય મંત્રી શ્રી જગદીશ વિશ્વકર્મા તેમજ મંત્રી શ્રી હર્ષ સંઘવી ઉપસ્થિત રહ્યા હતા.

ઉદ્યોગમંત્રી શ્રી બલવંતસિંહ રાજપૂતે જણાવ્યું હતું કે, ગુજરાતમાં ઉદ્યોગોની સ્થાપના માટે તત્કાલીન મુખ્યમંત્રી અને હાલના વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વ હેઠળ ઘડાયેલી ઉદ્યોગ ફ્રેન્ડલી નીતિઓના પરિણામે છેલ્લા બે દાયકામાં ગુજરાત ઉદ્યોગ ક્ષેત્રે રોલ મૉડલ રાજ્ય બન્યું છે. ગુજરાતની આ નીતિઓના પરિણામે છેલ્લાં બે વર્ષમાં નાના ઉદ્યોગકારોની સંખ્યા ૧૩ લાખથી વધીને ૨૦ લાખ સુધી પહોંચી છે. આજે દેશમાંથી થતી કુલ નિકાસમાં ગુજરાતનો ફાળો ૩૩ ટકા જેટલો છે. આ ઉપરાંત વિશ્વની સૌથી મોટી ૫૦૦ કંપનીઓ પૈકીની ૧૦૦ કંપનીઓએ ગુજરાતમાં રોકાણ કર્યું છે.

આ સમારોહ દરમિયાન રાજ્ય સરકાર અને ક્રેડિટ ગેરંટી ફંડ ટ્રસ્ટ ફોર મીડીયમ એન્ડ સ્મોલ એન્ટરપ્રાઈઝ (CGTMSE) વચ્ચે રૂ. ૨૫ કરોડનાં કોર્પસ ફંડ માટે સમજૂતી કરાર કરવામાં આવ્યા હતા. આ ઉપરાંત ગુજરાતની કેટલીક ઉદ્યોગલક્ષી યોજનાઓના લાભાર્થીઓએ પોતાના પ્રતિભાવો અને સફળતા અંગે પોતાના પ્રતિભાવો પણ રજૂ કર્યા હતા. મુખ્યમંત્રીશ્રીએ આ પ્રસંગે સ્ટાર્ટઅપ્સ અને નાના ઉદ્યોગકારો દ્વારા લગાવવામાં આવેલા પ્રદર્શનની મુલાકાત લઈ તેમના ઉદ્યોગો તેમજ ઉદ્યોગની સફળતામાં રાજ્ય સરકારની ભૂમિકા વિશે માહિતી મેળવી હતી. ●

## ઉદ્યોગ સાહસિકોને રૂ. ૩૬૩૦ કરોડની સહાય

***મુખ્યમંત્રીશ્રીએ ૮,૩૦૦થી વધુ ઉદ્યોગ સાહસિકોને વિવિધ યોજના હેઠળ કુલ રૂ. ૩,૬૩૦ કરોડથી વધુની સહાય, ભરૂચ, પોરબંદર અને બનાસકાંઠા જિલ્લાના GIDC વિસ્તારની વિવિધ માળખાકીય સુવિધાઓનું ઈ-લોકાર્પણ, સાણંદ GIDC ૨.૦ની વિવિધ માળખાકીય સુવિધાઓ વિકસાવવા માટેના ભંડોળની ફાળવણી તેમજ વિવિધ ઉદ્યોગ કાઉન્સિલોનો શુભારંભ કરાવ્યો હતો.***

# નાણાકીય વ્યવસ્થાપન ક્ષેત્રે ગુજરાત મોખરે



'વિકસિત ભારત @૨૦૪૭'ના વિઝનને સાકાર કરવામાં ગુજરાત અગ્રેસર છે એ ફરી એક વખત સાબિત થયું છે. નેશનલ કાઉન્સિલ ઑફ અપ્લાઇડ ઇકોનોમિક રિસર્ચ (NCAER)ના તાજેતરના રિપોર્ટમાં રાજ્ય નાણાકીય વ્યવસ્થાપનમાં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન (GSDP) સામે માત્ર ૧૮.૨%ના જાહેર દેવા સાથે ગુજરાત મુખ્ય રાજ્યોમાં સૌથી ઓછું દેવું ધરાવતા રાજ્ય તરીકે ઊભર્યું છે.

આ નોંધનીય સિદ્ધિની પ્રશંસા કરતાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે જણાવ્યું હતું કે, "NCAERના રિપોર્ટ મુજબ ગુજરાતે કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન સામે જાહેર દેવાના ગુણોત્તરમાં ૪.૫% જેટલો ઘટાડો કર્યો છે, જે ભારતનાં તમામ મોટાં ૨૧ રાજ્યોમાં સૌથી વધુ છે. જે વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દૂરંદેશી માર્ગદર્શન હેઠળ ગુજરાત સરકાર દ્વારા મજબૂત નાણાકીય વ્યવસ્થાપન અને રાજકોષીય દૂરદર્શિતાનો પુરાવો છે."

ગુજરાતે નાણાકીય શિસ્તમાં ઉત્કૃષ્ટ માપદંડ સ્થાપિત કરીને લાંબા ગાળાની આર્થિક સ્થિરતા સુનિશ્ચિત કરી છે. NCAER રિપોર્ટ અનુસાર, ૨૦૨૨-૨૩માં ગુજરાતનો કુલ રાજ્ય ઘરેલુ ઉત્પાદન સામે જાહેર દેવાનો ગુણોત્તર ૧૮.૯% હતો, જે ૨૦૨૩-૨૪માં ઘટીને ૧૮.૨% થયો છે. જ્યાં ઘણાં રાજ્યોના જાહેર દેવાના સ્તરમાં વધારો થયો છે ત્યાં ગુજરાતે પ્રશંસનીય ઘટાડો નોંધાવ્યો છે. ગુજરાતે ૭.૪ વર્ષની સરેરાશ પરિપક્વતા સાથે સ્ટેટ સિક્યોરિટીઝ પર ૭.૫% સરેરાશ વ્યાજદર જાળવીને આ સિદ્ધિ હાંસલ કરી છે..

બેરી આઇચેનગ્રીન અને પૂનમ ગુપ્તાના NCAER વર્કિંગ પેપર 'ધ સ્ટેટ ઑફ ધ સ્ટેટ્સ: ફેડરલ ફાઇનાન્સ ઇન ઈન્ડિયા' મુજબ, ઓડિશા, મહારાષ્ટ્ર અને ગુજરાતનું દેવાનું સ્તર સ્ટેટ જીડીપીના ૨૦%થી ઓછું છે, જે પંજાબ (૪૭.૬%) જેવા રાજ્યોની સરખામણીમાં ઘણું ઓછું છે.

ગુજરાતનો નાણાકીય વ્યવસ્થાપનનો અભિગમ નાણાકીય સ્થિરતા સુનિશ્ચિત કરે છે સાથે નોંધપાત્ર આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે છે. અર્થતંત્રના વિકાસમાં નાણાકીય બાબતોનું સમજદારીપૂર્વક સંચાલન કરવાનો આ અભિગમ અન્ય રાજ્યો માટે એક ઉદાહરણરુપ છે.

## ગુજરાતમાં રોકાણકારોને અતૂટ વિશ્વાસ

રિઝર્વ બેંક ઑફ ઇન્ડિયા (RBI)ના સ્ટેટ ફાઇનાન્સિસ રિપોર્ટમાં દર્શાવાયું છે કે, કેન્દ્ર સરકારની સિક્યોરિટીઝ કરતાં ગુજરાતનો તફાવત સૌથી ઓછો છે. તે રાજ્યના નાણાકીય સ્વાસ્થ્યમાં રોકાણકારોના મજબૂત વિશ્વાસને પ્રતિબિંબિત કરે છે. NCAER પેપરમાં ૨૧ મુખ્ય રાજ્યોના દેવાના સ્તરનું વિશ્લેષણ કરવામાં આવ્યું છે. ગુજરાત, ઓડિશા, અને મહારાષ્ટ્રનાં જાહેર દેવામાં ઘટાડો થયો છે. શિસ્તબદ્ધ નાણાકીય વ્યવસ્થાપન અને આર્થિક પ્રગતિ ગુજરાતને ભારતના આર્થિક પરિદૃશ્યમાં એક અગ્રણી રાજ્ય બનાવે છે, જે ૨૦૪૭ સુધીમાં વિકસિત ભારતના વિઝનમાં તેની ભૂમિકાને વધુ મજબૂત બનાવશે.

## મુખ્ય રાજકોષીય સૂચકાંકો

- **નાણાકીય શિસ્ત :** ગુજરાતે મહેસૂલ ખાધ, રાજકોષીય ખાધ અને બાકી જવાબદારીઓ સહિત મુખ્ય રાજકોષીય પરિમાણોનું ૯૦%થી વધુ પાલન કર્યું છે.
- **રાજકોષીય ખાધ :** રાજ્યની સરેરાશ ૧૦ વર્ષની પ્રાથમિક ખાધ GSDPના માત્ર ૦.૩% છે.
- **આર્થિક વૃદ્ધિ :** ગુજરાતે GSDPમાં ૧૨%ની વૃદ્ધિ હાંસલ કરી છે, જે આર્થિક પ્રગતિ પ્રત્યેની તેની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ●


## ડેક્લેરેશન

| | | |
|---|---|---|
| ૧. | પ્રકાશનનું નામ | ગુજરાત |
| ૨. | પ્રકાશન સ્થળ | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૩. | પ્રકાશનની સામયિકતા | પાક્ષિક |
| ૪. | મુદ્રકનું નામ | સરકારી ફોટો લીથો પ્રેસ, અમદાવાદ |
| ૫. | રાષ્ટ્રિયતા | ભારતીય |
| ૬. | સરનામું | સરકારી ફોટો લીથો પ્રેસ, દુધેશ્વર, અમદાવાદ |
| ૭. | પ્રકાશકનું નામ | માહિતી નિયામક, ગુજરાત સરકાર |
| ૮. | રાષ્ટ્રિયતા | ભારતીય |
| ૯. | સરનામું | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૧૦. | તંત્રીનું નામ | કે. એલ. બચાણી |
| ૧૧. | રાષ્ટ્રિયતા | ભારતીય |
| ૧૨. | સરનામું | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |
| ૧૩. | માલિકનું નામ | ગુજરાત સરકાર, માહિતી ખાતું |
| ૧૪. | સરનામું | માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦ |

હું કે. એલ. બચાણી, માહિતી નિયામક આથી જાહેર કરું છું કે, ઉપર જણાવેલ તમામ હકીકતો મારી જાણ અને માન્યતા મુજબ સાચી છે. સરનામું : માહિતી નિયામકશ્રીની કચેરી, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦

કે. એલ. બચાણી, માહિતી નિયામક

# સંગીત અને નૃત્ય કળા દ્વારા શિવઆરાધનાનો અલૌકિક ઉત્સવ
# 'સોમનાથ મહોત્સવ'





દ્વાદશ જ્યોતિર્લિંગ પૈકી પ્રથમ જ્યોતિર્લિંગ એવા શ્રી સોમનાથ મહાદેવ જ્યાં સંગીત અને નૃત્ય ફક્ત કલાના સ્વરૂપો નથી પરંતુ પૂજાનું માધ્યમ છે. ભગવાન શિવ નટરાજ છે, જેમનું તાંડવ નૃત્ય લય અને બ્રહ્માંડને આકાર આપે છે. તેમના હાથમાં રહેલ ડમરુ સ્વરો (સંગીતના સૂરો)ને જન્મ આપે છે, આ સૂરો ભારતીય શાસ્ત્રીય સંગીતનો આધાર માનવામાં આવે છે. આમ, શ્રી સોમનાથ જ્યોતિર્લિંગ સદીઓથી શિવ ભક્તિ ઉપરાંત નાટ્ય અને ગાયનનું પણ કેન્દ્ર રહ્યું છે. જ્યાં કલાત્મક અભિવ્યક્તિ દ્વારા આધ્યાત્મિક અનુભવને ઉન્નત કરવામાં આવે છે. મંદિરનો નાટ્ય મંડપ આ લાંબા સમયથી ચાલી રહેલ પરંપરાનો સાક્ષી છે. પવિત્ર કળાઓના આ સંગમને શિવઆરાધના સાથે જોડી શિવજીના પ્રાગટ્ય અવસર મહાશિવરાત્રી નિમિત્તે 'સોમનાથ મહોત્સવ'નું સૌપ્રથમ સફળ આયોજન કરવામાં આવ્યું હતું.

તા.૨૪થી ૨૬ ફેબ્રુઆરી ૨૦૨૫ દરમિયાન સોમનાથ ખાતે યોજાયેલા આ મહોત્સવનો મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે મંગલ પ્રારંભ કરાવ્યો હતો. આ પૂર્વે તેમણે સોમનાથ મહાદેવના ચરણોમાં શીશ ઝૂકાવી શ્રદ્ધાપૂર્વક પૂજન- અર્ચન કરતા સૌની સુખાકારી અને સમૃદ્ધિ માટે પ્રાર્થના કરી હતી. ત્યારબાદ મુખ્યમંત્રીશ્રીએ હિરણ, કપિલા અને સરસ્વતી નદીના સંગમ સ્થળ પર વેદની ઋચાઓના ગાન સાથે આધ્યાત્મિક અને દિવ્ય માહોલમાં ૧૦૮ દીપની 'સંગમ આરતી' કરી હતી.

રાજ્ય સરકારના પ્રવાસન વિભાગે કલા દ્વારા આરાધનાની થીમ સાથે આયોજિત કરેલા સોમનાથ મહોત્સવને મુખ્યમંત્રીશ્રીએ શ્રદ્ધા-આસ્થા, કલા અને આરાધનાનો ત્રિવેણી સંગમ ગણાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, સોમનાથ મહોત્સવનું આ સ્થળ માત્ર ધર્મસ્થાનક જ નહીં પરંતુ સંકલ્પ અને સંસ્કૃતિના પ્રતિક સાથો સાથ ભારતીય અસ્મિતાનું પણ અજોડ પ્રતિક છે. એટલું જ નહીં, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની વિઝનરી લીડરશીપમાં 'એક ભારત, શ્રેષ્ઠ ભારત'નું જીવંત ઉદાહરણ પણ છે. તેમણે સોમનાથ - તમિલ સંગમ અને કાશી - તમિલ સંગમનો પણ સવિશેષ ઉલ્લેખ કર્યો હતો. મુખ્યમંત્રીશ્રીએ કહ્યું હતું કે, સોમનાથ મંદિરનું પુર્નનિર્માણ કરાવનાર લોહપુરુષ સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૦મી જન્મ જયંતીના આ વર્ષમાં સૌ પ્રથમવાર યોજાઈ રહેલા સોમનાથ મહોત્સવનો સુભગ સંયોગ છે.

પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, મહાશિવરાત્રીના પાવન પ્રસંગે કલા દ્વારા આરાધના થકી શિવત્વની દૈવીય ચેતના લોકો સુધી પહોંચી છે. ગુજરાત પ્રવાસન વિભાગ દ્વારા પણ સોમનાથ-તમિલ સંગમ, મહાકુંભમાં જતાં લોકો માટે પેવેલિયનનું આયોજન કરી ધાર્મિક પ્રવાસનના વિકાસ માટેનું કાર્ય થયું છે. ત્યારે યાત્રાધામોના વિકાસ થકી પ્રવાસન સ્થળોને વધુ વિકસાવવાનું કાર્ય કરી રાજય સરકાર લાખો આસ્થાળુઓની અનન્ય શ્રધ્ધાની સંસ્કૃતિને પોષવા માટે યોગદાન આપી રહી છે. સોમનાથ મહોત્સવમાં પદ્મ પુરસ્કાર વિજેતા સંગીતજ્ઞો અને નૃત્યકારો દ્વારા વિવિધ પ્રસ્તુતિ કરવામાં આવી હતી. જેના કારણે સમગ્ર સોમનાથ ક્ષેત્રમાં અલૌકિક માહોલ સર્જાયો હતો. ●



## હર.. હર.. મહાદેવનો નાદ અને હરિહરનો સાદ

# મહાશિવરાત્રીનો મેળો



જૂનાગઢમાં ગિરનારના સાંનિધ્યમાં ભવનાથ મહાદેવ મંદિરના પ્રાંગણમાં ભવ્ય અને દિવ્ય સુપ્રસિદ્ધ અને પૌરાણિક મહાશિવરાત્રી મેળામાં લાખો શ્રદ્ધાળુઓએ હર.. હર... મહાદેવના નાદ સાથે ગગન ગૂંજવી દીધું હતું. ભજન, ભક્તિ અને ભોજનનો જાણે ત્રિવેણી સંગમ સર્જાયો હતો.

જૂનાગઢમાં હજારો સંતો, મહંતોની હાજરીમાં હર હર મહાદેવના જય ઘોષ વચ્ચે ધ્વજારોહણ સાથે પૌરાણિક મહાશિવરાત્રી મેળાનો વિધિવત રીતે શુભારંભ થયો હતો. ભાવિક ભક્તોના ધસારાને અનુલક્ષીને જૂનાગઢ સુધી પહોંચવા યાત્રાળુઓ માટે આવાગમન, આરોગ્ય સુવિધા સહિત સુરક્ષા વ્યવસ્થા કરવામાં આવી હતી.

મેળાના શુભારંભ વેળાએ લાખ્ખો ભક્તોએ સંત સમાગમ અને ભવનાથ મહાદેવના દર્શન કરીને ધન્યતા અનુભવી હતી. ભવનાથ મંદિર પરિસર 'હર હર મહાદેવ' અને 'જય ગિરનારી'ના નાદથી ગૂંજી ઉઠ્યું હતું. આ મેળા દરમિયાન જૂનાગઢ ખાતે ભાવિક ભક્તોને સનાતન સંસ્કૃતિ, સંત પરંપરા, દિગંબર સાધુઓના દર્શન સહિતનો અનેરો આનંદ પ્રાપ્ત થયો હતો.

ગિરનાર એક અલૌકિક તીર્થક્ષેત્ર છે, જ્યાં નવ નાથ અને અનેક સિદ્ધ સંત મહાત્મા બિરાજે છે. ગરવા ગિરનારની ગોદમાં દર વર્ષે મહા વદ નોમના રોજ હિંદુ સંસ્કૃતિમાં અનેરું સ્થાન ધરાવતો પૌરાણિક પરંપરાગત મહાશિવરાત્રીનો લોકમેળો યોજાય છે. સર્વને સમાન ગણી સદ્ભાવ સાથે સર્વને સદાવ્રત ભોજનની આ પરંપરા વસુધૈવ કુટુંબકમની ભાવનાને પણ સાર્થક કરે છે. ગુજરાત અને અન્ય રાજ્યોના તેમજ વિદેશી યાત્રિકો પણ મેળામાં મહાદેવ, સંતો, મહંતોના દર્શનાર્થે આવ્યાં હતા. લાખો શ્રદ્ધાળુઓ ભવનાથ મહાદેવ અને સંતો મહંતોના દર્શન કરીને ધન્યતા અનુભવે છે, પુણ્યશાળી બને છે. અહીં વિવિધ અખાડાઓ આવેલ છે, ગિરનાર તળેટી ખાતે હરિહરના નાદ સાથે ભાવિક ભક્તોને પ્રસાદી ભોજન પીરસવામાં આવે છે. આવા અન્નક્ષેત્રોમાં પણ સ્વયંસેવકોએ સેવાસાધના થકી ભક્તોને ભોજન પીરસ્યું હતુ.



આધ્યાત્મિક, પૌરાણિક દૃષ્ટિએ મહત્ત્વના આ મેળાના સુચારુ આયોજન અને સંચાલન માટે જિલ્લા વહીવટી તંત્ર દ્વારા વિભિન્ન વ્યવસ્થા માટે ૧૩ જેટલી સમિતિઓની રચના કરવામાં આવી હતી. આ મેળામાં પ્લાસ્ટિક પર મુકાયેલા પ્રતિબંધની સુંદર અસર જોવા મળી હતી. પાર્કિંગ વ્યવસ્થા, સાફસફાઈ સહિતની વ્યવસ્થાઓ, મોબાઇલ ટોઇલેટની વ્યવસ્થા, મેડિકલ તથા એમ્બ્યુલન્સ સેવા, ફાયર ફાઇટર તથા બચાવ ટુકડીઓ, ટ્રાફિક સહિતની વ્યવસ્થાઓ થકી મેળામાં આવતા લાખો ભાવિક ભક્તોને કોઈ પણ પ્રકારની અગવડતા ન પડે તેની વિશેષ કાળજી રાખવામાં આવી રહી છે. કડક પોલીસ સુરક્ષા વ્યવસ્થા સાથે આ મેળો યોજાયો હતો.

જૂનાગઢ પી.જી.વી.સી.એલ દ્વારા મેળા દરમિયાન વીજ પુરવઠો પૂરો પાડવા માટે સતત કામગીરી કરવામાં આવી હતી. ૧૩૨ કેવી ભવનાથ સબ સ્ટેશનમાંથી નીકળતાં અંબાજી ફીડર દ્વારા સતત વીજ પુરવઠો પુરો પડાયો હતો. ઉપરાંત રાઉન્ડ ધ ક્લોક ૩૩ ટીમ કાર્યરત કરવામાં આવી હતી.

### ગિરનારની તપોભૂમિમાં ચારેકોર ગૂંજી "કૈલાશ કે નિવાસી" સ્તુતિ

મહાશિવરાત્રી મેળામાં ગિરનારની તપોભૂમિમાં ચારેકોર "કૈલાશ કે નિવાસી, નમું બાર બાર હું." સ્તુતિ ગૂંજી રહી હતી. પદ્મશ્રી કવિ દાદબાપુના પુત્ર લોકગાયક, યુવા કલાકાર શ્રી જીતુભાઈ દાદે પોતાના પિતાશ્રીએ કરેલ લોકસાહિત્ય સર્જન, કવિતાનાં સંસ્મરણો વાગોળ્યાં હતાં.

તેમણે જણાવ્યુ કે, મારા પિતાજીએ ૯૦ના દાયકામાં ગિરનારની ગોદમાં શિવરાત્રીએ જ "કૈલાશ કે નિવાસી." અમર સ્તુતિની રચના કરીને તેમણે ભગવાન ભવનાથના શ્રી ચરણમાં અર્પણ કરી હતી. જાણીતા સમર્થ ભજનિક શ્રી નારાયણ સ્વામીએ એ સમયે કંઠ આપીને આ રચનાને અમર કરી હતી.આજે પણ આ સ્તુતિનું લોકકંઠે અને ડાયરાઓમાં લોકો ભાવથી ભજન કરે છે. લોકસાહિત્ય સર્જન માટે સ્વ.કવિ દાદબાપુને ગુજરાત ગૌરવ અને ઝવેરચંદ મેઘાણી ઍવૉર્ડ પણ એનાયત કરવામાં આવ્યા હતા. પદ્મશ્રી સન્માન અર્પણ કરીને ભારત સરકારે તેમનું બહુમાન કર્યું હતુ. ●

## રાજ્યમાં ૧૯૮ IPS અધિકારી



રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓના મંજૂર મહેકમ સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, તા.૩૧મી ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ રાજ્યમાં આઇ.પી.એસ. અધિકારીઓની કુલ ૨૦૮ જગ્યાઓ મંજૂર થયેલી છે. તે પૈકી ૧૯૮ જગ્યાઓ ભરાયેલી છે અને ૧૦ જગ્યાઓની ઘટ છે. તેમાં પણ ગત મહિને એક જગ્યા ભરાતા હવે ૯ જગ્યાઓની ઘટ છે. બાકી રહેલી જગ્યાઓ પણ ઝડપથી ભરી દેવામાં આવશે.

રાજ્યના કેટલા આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે તે સંદર્ભે પુછાયેલા પૂરક પ્રશ્નનો ઉત્તર આપતાં મંત્રીશ્રીએ ઉમેર્યું કે, ગુજરાત રાજ્યમાંથી ૨૪ આઇ.પી.એસ. અધિકારીઓ કેન્દ્રમાં ડેપ્યુટેશન ઉપર છે. ગુજરાત રાજ્યને ફાળવવામા આવેલાં આઇ.પી.એસ. અધિકારીઓ પૈકી મહિલા આઇ.પી.એસ. અધિકારીઓની સંખ્યા ૩૪ છે. ●

## સરહદ પર ૭૯ સ્થળે ૪૧૧ CCTV લગાવાશે

રાજ્યમાં VISWAS પ્રોજેક્ટ સંદર્ભે વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો જવાબ આપતાં ગૃહ રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ જણાવ્યું હતું કે, હાઈ ટૅક્નોલૉજી સાથેના સીસીટીવી કેમેરા થકી રિયલ ટાઈમ મોનીટરિંગને પરિણામે રાજ્યમાં કાયદો અને વ્યવસ્થાને સુદૃઢ બનાવવા તથા ક્રાઈમ પ્રિવેન્શન અને ડિટેક્શન કામગીરીમાં VISWAS પ્રોજેક્ટ મહત્ત્વપૂર્ણ સાબિત થઈ રહ્યો છે. હવે વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ ૨ અંતર્ગત રાજ્યની સરહદોનાં કુલ-૭૯ એન્ટ્રી એક્ઝિટ સ્થળો ખાતે ૪૧૧ સીસીટીવી કેમેરા લગાવવાનું આયોજન છે.

મંત્રીશ્રીએ કહ્યું કે, વિશ્વાસ પ્રોજેક્ટ ફેઝ ૨ અંતર્ગત રાજસ્થાન, મધ્યપ્રદેશ, મહારાષ્ટ્ર, દમણ, દીવ, દાદરા અને નગર હવેલી સાથેની રાજ્યની સરહદોના કુલ ૭૯ પ્રવેશ-નિર્ગમન સ્થળો ખાતે ૪૧૧ CCTV લગાવવાનું આયોજન છે. આ તમામ કેમેરાઓ સબંધિત જિલ્લાના ‘નેત્રમ’ અને ‘ત્રિનેત્ર’ સાથે કનેક્ટેડ રહેશે અને Video Analyticsના માધ્યમથી તમામ કેમેરાઓમાં ડિટેક્શન કરવાની ક્ષમતા છે.

આ હાઈટેક સીસીટીવી નેટવર્કની મદદથી ચોરીના વાહન કે ગુનામાં સંડોવાયેલા વાહન જો આંતરરાજ્ય સરહદ ઉપરથી પસાર થાય તો તેનું Real Time alert સંબંધિત જિલ્લાના ‘નેત્રમ’ માં મળશે. સમગ્ર રાજ્યના શહેરોની અંદર અને રાજ્યની સરહદો પર સી.સી.ટી.વી. કેમેરા લાગી જશે ત્યારે વિશ્વાસ સિસ્ટિમ રાજ્યની સુરક્ષા માટે સુદર્શન ચક્ર બની જશે. ●

## વિકસતી જાતિના વિદ્યાર્થીઓને વિદેશ અભ્યાસ લોન પેટે ૬૧ કરોડ ચૂકવાયા

મહેસાણા, સુરત અને બનાસકાંઠા જિલ્લામાં તા. ૩૧ ડિસેમ્બર ૨૦૨૪ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં વિકસતી જાતિ કલ્યાણ હસ્તક કુલ ૪૬૫ વિદ્યાર્થીઓને પ્રતિ વિદ્યાર્થી દીઠ રૂ. ૧૫ લાખ પેટે કુલ રૂ. ૬૧ કરોડથી વધુની રકમ વિદેશ અભ્યાસ લોન યોજના હેઠળ ચૂકવવામાં આવી છે તેમ, વિધાનસભા ગૃહમાં પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુતર આપતા સામાજિક ન્યાય અને અધિકારીતા રાજ્યમંત્રી શ્રી ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું. આ યોજના હેઠળ છેલ્લા બે વર્ષમાં મહેસાણા જિલ્લામાં ૨૨૪ અરજીઓ મંજૂર કરી રૂ.૨૭.૧૪ કરોડની વિદેશ અભ્યાસ લોન આપવામાં આવી. જ્યારે સુરત જિલ્લામાં ૧૮૨ અરજી મંજૂર કરી રૂ.૨૬.૫૭ કરોડની વિદેશ અભ્યાસ લોન સહાય અપાઇ છે. આ ઉપરાંત બનાસકાંઠા જિલ્લામાં ૫૯ અરજી મંજૂર કરી રૂ. ૭.૩૩ કરોડની વિદેશ અભ્યાસ લોન વિકસતી જાતિના વિદ્યાર્થીઓને સહાય પેટે આપવામાં આવી છે. ●

## કુંવરબાઇનું મામેરું યોજનામાં ૪૯.૫૬ કરોડની સહાય

વિધાનસભા ગૃહ ખાતે કુંવરભાઈનું મામેરું યોજના અંગે પુછાયેલા પ્રશ્નના જવાબમાં સામાજિક ન્યાય અને અધિકારિકતા રાજ્ય મંત્રી શ્રી ભીખુસિંહ પરમારે જણાવ્યું હતું કે, ગુજરાતમાં કુંવરબાઈનું મામેરું યોજના હેઠળ છેલ્લા પાંચ વર્ષમાં ૪૩,000થી વધુ લાભાર્થીઓને રૂ. ૪૯.૫૬ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. માત્ર વર્ષ ૨૦૨૩-૨૪માં જ ૧૧,૩00થી વધુ લાભાર્થીઓને કુલ રૂ. ૧૩.૫૧ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી હતી. આ ઉપરાંત કચ્છ જિલ્લામાં ગત વર્ષે અનુસૂચિત જાતિના ૬૫૦ લાભાર્થીઓને રૂ. ૭૮ લાખથી વધુની સહાય આપવામાં આવી હતી. ●



## છેવાડાના તાલુકામાં GIDCના નિર્માણનું લક્ષ્ય



ગુજરાતના છેવાડાના તાલુકાઓમાં નવીન ઔધોગિક વસાહત-GIDCનું નિર્માણ અને વિસ્તાર કરવાનું રાજ્ય સરકારનું લક્ષ્ય છે. જેના ભાગરૂપે છોટાઉદેપુર જિલ્લાના સંખેડા તાલુકામાં ૭ પ્લોટ અને ૪ શેડ તેમજ પાવી જેતપુરમાં ૧૦ પ્લોટ અને ૨ શેડની ફાળવણી કરી દેવામાં આવી છે તેમ,વિધાનસભા ગૃહમાં ધારાસભ્યશ્રી દ્વારા પુછાયેલા પ્રશ્નનો ઉત્તર આપતા ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતે કહ્યું હતું. મંત્રીશ્રીએ પેટા પ્રશ્નના જવાબમાં ઉમેર્યું હતું કે, સ્થાનિક યુવાનોએ યોગ્ય રોજગારી મળી રહે તેવા ઉમદા હેતુથી ગુજરાતમાં કોઈ તાલુકો GIDC વિના બાકી ન રહે તે માટે રાજ્ય સરકાર સતત પ્રયત્નશીલ છે. ●

# "ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ સુધારા વિધેયક -૨૦૨૫" પસાર

વિધાનસભા ગૃહમાં "ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) સુધારા વિધેયક -૨૦૨૫" ને આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે રજૂ કરતા કહ્યું હતું કે, રાજ્યમાં નાના ક્લિનીકથી લઇ મોટી મલ્ટીસ્પેશ્યાલિટી હોસ્પિટલ, લેબોરેટરી અને ઇમેજીંગ સેન્ટર્સ સહિતની તમામ આરોગ્ય સંસ્થાઓ,તેમજ આ સંસ્થાઓમાં કામ કરતા મેડિકલ અને પેરામેડિકલ સ્ટાફ, ઉપલબ્ધ બેડ, ICU, ઇમરજન્સી સેવાઓ વિગેરેની સચોટ માહિતી મળી રહે તે ઉદેશથી રાજ્ય સરકારે તા.૧૩/૯/૨૦૨૨ના રોજ જાહેરનામું પ્રસિધ્ધ કરીને "ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ (રજીસ્ટ્રેશન એન્ડ રેગ્યુલેશન) એક્ટ-૨૦૨૧ સમગ્ર રાજયમાં અમલમાં મૂકેલ છે.

રાજ્યની હોસ્પિટલ્પમાં કે ક્લિનિકમાં કયા કયા પ્રકારની સુવિધાઓ, સાધનો, કઇ સ્પેશ્યાલિટીના તબીબો છે તેનું ડેટા મેનેજમેન્ટ અને નિયમન કરીને ડિજીટલી રજીસ્ટ્રી, પ્રજાલક્ષી પૉલિસી બનાવવા અને આપત્તિ સમયે કારગત સાબિત થશે. આ એક્ટ હેઠળ માન્યતા પ્રાપ્ત ચિકિત્સા પધ્ધતિ દ્વારા માંદગી, ઇજા, શારીરિક ખોડ, વિકૃતિ અથવા સગર્ભાવસ્થા માટે નિદાન, સારવાર અથવા સંભાળ રાખવા માટેની જરૂરી સેવાઓ, સુવિધાઓ પૂરી પાડતા હોય તેવી હોસ્પિટલ, પ્રસુતિગૃહ, નર્સિંગ હોમ, ડીસ્પેન્સરી, કલીનીક, સેનીટોરીયમ, આ ઉપરાંત લેબોરેટરી, તબીબી સાધનોની મદદથી જયાં પેથોલોજીકલ, બેક્ટેરીયોલોજીકલ, જીનેટીક, રેડીયોલોજીકલ, કેમીકલ, બાયોલોજીકલ તપાસ અથવા તપાસ વિષયક સેવાઓ આપવામા આવતી હોય તેવી સંસ્થાઓનો સમાવેશ કરાયો છે. આ સુધારા વિધેયક દ્વારા, કાયદાની કલમ -૯ (૪) માં "કાયમી" શબ્દ નહિ, પરંતુ "કામચલાઉ" શબ્દની જોગવાઇ કરાઇ છે. હાલ રાજ્યમાં ધ ગુજરાત ક્લિનિકલ એસ્ટાબ્લિસમેન્ટ એક્ટ-૨૦૨૧ અંતર્ગત તમામ આરોગ્ય સંસ્થાઓએ તા. ૧૨-૦૩-૨૦૨૫ સુધી રજીસ્ટ્રેશન કરાવવાનું હતું. આ સુધારા વિધેયક પસાર થતા નોટીફિકેશન દ્વારા રાજ્યની આરોગ્ય સંસ્થાઓને કામચલાઉ રજીસ્ટ્રેશન માટેની અરજી કરવા માટેનો સમય છ માસ એટલે કે ૧૨-૦૯-૨૦૨૫ સુધી વધારવામાં આવશે. વધુમાં રાજ્ય આરોગ્ય વિભાગ દ્વારા આરોગ્ય સંસ્થાઓને કામચલાઉ નોંધણી આપવા કે રીન્યુ કરવા માટે સમય દોઢ વર્ષ એટલે કે ૧૨-૦૯-૨૦૨૬ સુધી વધારવામાં આવશે. નિયમનકારી માળખાને ધ્યાનમાં રાખીને "યોગ અને નેચરોપથી (નિસર્ગોપચાર પદ્ધતિ)"ને માન્યતાપ્રાપ્ત ચિકિત્સા પદ્ધતિની વ્યાખ્યામાંથી બાકાત કરાઇ છે. જિલ્લા રજિસ્ટ્રેશન સત્તામંડળના આદેશો સામેની અપીલ સાંભળવા માટે રાજ્ય કાઉન્સિલને તેના સભ્યો પૈકી કોઈ એક વ્યક્તિને નિયુક્ત કરવાની સત્તા આપવામાં આવી છે.

રાજ્ય કાઉન્સિલમાં નામનિયુક્ત સભ્યના હોદ્દાની મુદત ત્રણ વર્ષની અને વધુ એક મુદત માટે પુનઃ નામનિયુક્તિ માટે પાત્રતા નક્કી કરવામાં આવી છે. જિલ્લા રજીસ્ટ્રેશન સત્તામંડળના સભ્ય સચિવ અને નામાંકિત સભ્યોમાં સુધારો કરવામાં આવ્યો તેમજ નામનિયુક્ત સભ્યની હોદ્દાની મુદત ત્રણ વર્ષની અને વધુ એક મુદત માટે પુનઃ નામનિયુક્તિ માટે પાત્રતા નક્કી કરવામાં આવી છે.

આ સુધારા વિધેયક સંદર્ભે ચર્ચાના અંતે આ વિધેયકને સર્વાનુમત્તે પસાર કરવામાં આવ્યું હતું. આ એક્ટ તા.૧૩/૯/૨૦૨૨થી રાજયમાં અમલમાં આવેલ છે. આ કાયદા હેઠળના નિયમો તા.૨૬/૯/૨૦૨૨થી અમલમાં આવેલ છે. કાયદા હેઠળના સુધારા નિયમો એટલે કે તબીબી સંસ્થાઓ માટેના સ્ટાન્ડર્ડસ તા.૧૩/૩/૨૦૨૪ થી અમલમાં આવ્યા છે.કાયદાની જોગવાઈઓના ઉલ્લંઘન બદલ દંડાત્મક જોગવાઇઓ છે. ●



# ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ રદ કરવા બાબતનું વિધેયક પસાર

પંદરમી વિધાનસભાના છઠ્ઠા સત્રમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ(રદ કરવા બાબત) નું વિધેયક ગૃહમાં રજૂ કર્યું હતુ. ગુજરાત રાજ્ય ફિઝિયોથેરાપી કાઉન્સિલ એક્ટ, ૨૦૧૧ રાજ્યમાં અમલમાં હતો. જેના અંતર્ગત ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝીયોથેરાપીની રચના કરાઈ હતી.

તાજેતરમાં ભારત સરકારે "નેશનલ કમિશન ફોર એલાઇડ એન્ડ હેલ્થકેર પ્રોફેસન્સની" રચના કરેલ છે. આ કમિશનનો હેતુ દેશભરના એલાઇડ અને હેલ્થકેર વ્યાવસાયિકોના શિક્ષણ અને સેવાઓના ધોરણોના નિયમન અને દેખરેખ, સંસ્થાઓનું મૂલ્યાંકન, સેન્ટ્રલ અને સ્ટેટ રજીસ્ટરની જાળવણી, રિસર્ચ એન્ડ ડેવલપમેન્ટ વગેરે કરવા માટેનો છે. આ એક્ટ હેઠળ કુલ-૫૬ પ્રકારના એલાઇડ અને પેરામેડિકલ અભ્યાસક્રમોનો સમાવેશ કરીને ૧૦ કૅટેગરીમાં વિભાજિત કરાયા છે.

ભારત સરકારના આ કાયદાની કલમ-૨૨ની જોગવાઈ મુજબ દરેક રાજ્યે સ્ટેટ એલાઇડ એન્ડ હેલ્થ કેર કાઉન્સિલની રચના કરવાની થતી હોવાથી ગુજરાત સરકારે પણ તા.૨૬/૧૧/૨૦૨૪ના જાહેરનામાથી "ગુજરાત સ્ટેટ એલાઇડ એન્ડ હેલ્થ કેર કાઉન્સિલ"ની રચના કરી છે. ભારત સરકારના એક્ટમાં સમાવિષ્ટ કુલ-૫૬ વિવિધ એલાઈડ હેલ્થકેર અભ્યાસક્રમોમાં ફિઝિયોથેરાપી કોર્ષનો પણ સમાવેશ કરવામાં આવેલ છે. ગુજરાતમાં હાલમાં ઉક્ત ૫૬ અભ્યાસક્રમો પૈકી અંદાજે ૩૦ જેટલા અભ્યાસક્રમો ચાલે છે. રાજ્ય સરકાર દ્વારા રચવામાં આવેલ સ્ટેટ એલાઇડ એન્ડ હેલ્થકેર કાઉન્સિલ દ્વારા ફિઝિયોથેરાપી કાઉન્સિલની તમામ કામગીરી પણ આવરી લેવામાં આવનાર હોવાથી ફિઝિયોથેરાપી કાઉન્સિલની હવે જરૂરીયાત રહેતી નથી. જેના પરિણામે આ વિધેયક ગુજરાત વિધાનસભામાંથી પસાર થતા રાજ્યમાં ગુજરાત સ્ટેટ કાઉન્સિલ ફોર ફિઝિયોથેરાપી એક્ટ-૨૦૧૧નો અંત આવશે. રાજ્યમાં હાલ ૦૫ સરકારી તેમજ ૬૮ સ્વ-નિર્ભર મળીને કુલ-૭૩ ફિઝિયોથેરાપી કૉલેજો કાર્યરત છે, ફિઝિયોથેરાપી કાઉન્સિલમાં તા.૧૭-૦૨-૨૦૨૫ની સ્થિતિએ કુલ ૨૧,૬૬૮ ફિઝિયોથેરાપીસ્ટોનું રજિસ્ટ્રેશન થયેલ છે. ચર્ચાના અંતે આ વિધેયક ગૃહમાં સર્વાનુમતે પસાર કરાયું હતું.●

વિધાનસભાના દ્વારેથી

## પાંચ વર્ષમાં ખેડૂતોને ૧૨,૩૮૯ કરોડથી વધુની પાક નુકશાન સહાય



વિધાનસભા ગૃહને માહિતી આપાતા કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું હતું કે, આપત્તિની તીવ્રતાને ધ્યાને લઇ રાજ્ય સરકાર દ્વારા ઉદાર અભિગમ દાખવી રાજ્ય ભંડોળમાંથી વધારાની ટોપ-અપ સહાય પણ આપવામાં આવે છે. વિધાનસભા ગૃહ ખાતે સભ્યશ્રી દ્વારા પૂછાયેલા પ્રશ્નના પ્રત્યુત્તરમાં કૃષિ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું કે, ગુજરાતમાં છેલ્લા પાંચ વર્ષ દરમિયાન ખેડૂતોને થયેલા પાક નુકશાન સામે ઉદાર અભિગમ દાખવી રાજ્યના ૯૯.૪૩ લાખથી વધુ ખેડૂતોને કુલ રૂ.૧૨,૩૮૯ કરોડથી વધુની સહાય ચૂકવવામાં આવી છે. ખરીફ-૨૦૨૪ સિઝનમાં થયેલા ભારે વરસાદના કારણે પોરબંદર તથા જૂનાગઢ જિલ્લામાં વિવિધ પાકોને નુકસાન થયું હતું. જેનો તાત્કાલિક સર્વે પૂર્ણ કરીને રાજ્ય સરકારે જૂનાગઢ જિલ્લાના ૧૮,૦૨૩ તેમજ પોરબંદર જિલ્લાના ૫૦,૨૦૬ ખેડૂતોને મળી ૬૮,૨૨૯ ખેડૂતોને કુલ રૂ. ૧૦૦ કરોડથી વધુ પાક નુકશાન સહાય સીધી તેમના બેંક ખાતામાં ચૂકવી છે. ●



## ૧૬,૭૧૭ ગામને દિવસે વીજળી મળતી થઈ

વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યના ખેડૂતોને દિવસે વીજળી મળવા અંગેના પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, રાજ્યનાં ૩૩ જિલ્લાનાં ૧૬,૭૧૭ એટલે કે આશરે ૯૭ ટકા ગામોને દિવસે વીજળી મળતી થઈ છે. જ્યારે બાકી રહેલા ત્રણ ટકા વિસ્તારોમાં આ કામગીરી પૂર્ણ કરવાના પ્રયાસો રાજ્ય સરકાર કરી રહી છે. રાજ્ય સરકાર દ્વારા અંદાજપત્રમાં GETCOના પ્રવહન માળખાના અપગ્રેડેશન માટે કુલ રૂ. ૮૮૧૦ કરોડની ફાળવણી કરવામાં આવી છે અને તે પ્રમાણે કામગીરી પણ હાથ ધરવામાં આવી છે. જે અંતર્ગત ડિસેમ્બર-૨૦૨૪ સુધીમાં કુલ રૂ.૩૮૫૯ કરોડનાં ખર્ચે ૩૬૪૯ સર્કિટ કિ.મી. વીજરેષાઓ તથા ૩૩ નવાં વીજ સબસ્ટેશનોની કામગીરી પૂર્ણ કરવામાં આવી છે. ●



## વીજગ્રાહકોને ૨૦૦૪ કરોડની રાહત

રાજ્ય વિધાનસભાના બજેટ સત્રમાં રાજ્યના ગ્રાહકોને અપાયેલી વીજરાહત અંગેના પ્રશ્નના પ્રત્યુત્તરમાં ઊર્જા મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, વર્ષ ૨૦૨૪-૨૫ દરમિયાન બે વખત વીજ દરોમાં ઘટાડો કરવામાં આવ્યો છે. તા. ૧લી જાન્યુઆરી ૨૦૨૪ની અસરથી યુનિટદીઠ ૫૦ પૈસા, જ્યારે તા. ૧/૧૦/૨૦૨૪થી ૪૦ પૈસા એમ બે વખત ઘટાડો કરવામાં આવતાં વર્ષ-૨૦૨૪માં વીજગ્રાહકોને કુલ રૂ. ૨૦૦૪ કરોડની સરેરાશ રાહત આપવામાં આવી છે. વીજ નિયમન પંચ દ્વારા આગામી સમીક્ષા ન થાય ત્યાં સુધી રાજ્યના ૧ કરોડ ૫૦ લાખ વીજગ્રાહકો માટે આ ઘટાડો લાગુ રાખવામાં આવશે. ●

## જામનગરમાં ૭.૪૬ લાખ માનવદિન રોજગારી

વિધાનસભા ગૃહ ખાતે ધારાસભ્યશ્રી દ્વારા મનરેગા યોજના અંગે પૂછેલા પ્રશ્નનો જવાબ આપતા ગ્રામ વિકાસ રાજ્ય મંત્રી શ્રી કુંવરજીભાઈ હળપતિએ જણાવ્યું હતું કે, જામનગર જિલ્લામાં વર્ષ ૨૦૨૩-૨૪માં ૪,૪૮,૫૮૦ જેટલી તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં ૨,૯૭,૬૧૪ માનવદિન રોજગારી ઊભી થઈ છે. જેના માટે એક માનવદિન રોજગારીનો દર ગત તા. ૧/૪/૨૦૨૪થી રૂ. ૨૮૦ નક્કી કરવામાં આવ્યો છે. વર્ષ ૨૦૨૩-૨૪માં ઉભી થયેલી કુલ માનવદિન રોજગારી પૈકી ૧.૬૯ લાખથી વધુ તેમજ વર્ષ ૨૦૨૪-૨૫માં ૧.૨૨ લાખથી વધુ રોજગારી મહિલાઓ માટે ઉભી થઈ છે. ●



## ૨૨૯ કન્ઝ્યુમર ક્લબ કાર્યાન્વિત

વિધાનસભા ગૃહ ખાતે કન્ઝ્યુમર ક્લબ અંગે પુછાયેલા પ્રશ્નનો પ્રત્યુત્તર આપતાં અન્ન અને નાગરિક પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ માહિતી આપી હતી કે, શાળા-કૉલેજના માધ્યમથી ગ્રાહક સુરક્ષા બાબતે વધુમાં વધુ પ્રચાર પ્રસાર થઈ શકે તે માટે અમદાવાદ શહેરમાં છેલ્લા એક વર્ષ દરમિયાન રૂ. ૧૧.૪૫ લાખના ખર્ચે કુલ ૨૨૯ કન્ઝ્યુમર ક્લબ કાર્યાન્વિત કરવામાં આવી છે. તેમણે વધુમાં જણાવ્યું હતું કે, ગત એક વર્ષમાં અમદાવાદ શહેરમાં રૂ. ૫.૯૦ લાખના ખર્ચે ૧૧૮ તેમજ અમદાવાદ ગ્રામ્ય વિસ્તારમાં રૂ. ૫.૫૫ લાખના ખર્ચે ૧૧૧ કન્ઝ્યુમર ક્લબ કાર્યાન્વિત થઈ છે. છેલ્લા એક વર્ષમાં અમદાવાદની કન્ઝ્યુમર ક્લબો દ્વારા કુલ ૯૧૨ ગ્રાહક જાગૃતિ કાર્યક્રમો યોજાયા હતા. ●



## વિધાનસભા ગૃહમાં શ્રદ્ધાંજલિ

ગુજરાત વિધાનસભા ગૃહના નેતા અને મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ૧૫મી વિધાનસભાના છઠ્ઠા સત્રના પ્રથમ દિવસે શોકદર્શક ઉલ્લેખો દ્વારા પૂર્વ વડાપ્રધાનશ્રી સ્વ. ડૉ. મનમોહન સિંહ અને પૂર્વ દિવંગત સભ્યશ્રીઓને શ્રદ્ધાંજલિ પાઠવી હતી. તેમણે સ્વ. ડૉ. મનમોહન સિંહે દેશના નાણાંપ્રધાન તરીકે આર્થિક નીતિઓ- સુધારામાં આપેલા યોગદાનની સરાહના કરી હતી. આ ઉપરાંત ગુજરાત પ્રવર્તમાન વિધાનસભાના સભ્યશ્રી સ્વ. કરશનભાઈ પુંજાભાઈ સોલંકી, ભૂતપૂર્વ ઉપાધ્યક્ષ શ્રી સ્વ. શંભુજી ચેલાજી ઠાકોર તથા માજી સભ્યો સ્વ. શ્રી નેમજીભાઈ ખીમજીભાઈ કેનીયા અને સ્વ. શ્રી કમલેશભાઈ ગોવિંદભાઈ પટેલને શ્રદ્ધાંજલિ પાઠવતા બે મિનિટનું મૌન પાળવામાં આવ્યું હતું.●

## ગુજરાતમાં વર્ષ-૨૦૨૫માં ૩૦ IAS અધિકારીઓ ઉપલબ્ધ થશે



ગુજરાત વિધાનસભાની પ્રશ્નોતરી કાળ દરમિયાન તા.૩૧/૧૨/૨૦૨૪ની સ્થિતિએ રાજયમાં IAS અધિકારીઓની કુલ મંજૂર અને ખાલી જગ્યાઓ તેમજ સેન્ટ્રલ ડેપ્યુટેશનની સ્થિતિ સંદર્ભે પૂછવામાં આવેલ પ્રશ્નના જવાબમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, રાજ્યમાં IAS અધિકારીનું મંજૂર મહેકમ ૩૧૩ છે. જેમાં ૧૪ અધિકારી હાલ કેન્દ્રમાં ડેપ્યુટેશન પર છે અને ૫૬ જગ્યાઓ ખાલી છે.

ફેબ્રુઆરી-૨૦૨૫ દરમિયાન SCS (રાજ્ય મુલ્કી સેવા) અધિકારીઓમાંથી બઢતીથી ૨૦ તથા Non-SCS અધિકારીઓમાં પસંદગીથી બે મળીને કુલ ૨૨ IAS અધિકારીઓ, તેમજ ઑક્ટોબર-૨૦૨૫ સુધીમાં સીધી ભરતીથી અંદાજિત ૮ IAS મળીને ૩૦ IAS અધિકારીઓ રાજ્ય સરકારને ઉપલબ્ધ થશે. ગુજરાત સરકાર દ્વારા વર્ષ-૨૦૨૪ માં ૩૪૩ એટલે કે નવીન ૩૦ IASની જગ્યાઓ વધારી સંખ્યાબળ નિર્ધારિત કરવા માટે કેન્દ્ર સરકારમાં દરખાસ્ત કરવામાં આવી છે. મંત્રીશ્રીએ વધુમાં જણાવ્યું હતું કે, દર વર્ષે સીધી ભરતીથી ૮ થી ૯ IAS મળતા રહ્યા છે. છેલ્લાં પાંચ વર્ષમાં ગુજરાતને સીધી ભરતીથી કુલ ૪૧ IAS અધિકારી મળ્યા છે.

રાજ્યમાં IAS માટે સીધી ભરતીથી નિર્ધારિત જગ્યાઓ ૨૧૮ છે જેમાં હાલ ૧૯૦ ભરાયેલી છે. બઢતીથી IASમાં નિયુક્ત થવા પાત્ર જગ્યાઓ ૮૧ છે જેમાં ૫૭ ભરાયેલી છે. પસંદગીથી IASમાં નિયુક્ત થવા પાત્ર (નોન સિવિલ સ્ટેટના અધિકારીઓમાંથી) કુલ ૧૪ જગ્યાઓ પૈકી ૧૦ ભરાયેલ છે. આમ કુલ નિર્ધારિત મહેકમ ૩૧૩ માંથી ૨૫૭ ભરાયેલ છે. ●

## ગુજરાતની રાજનીતિ - વિકાસની રાજનીતિમાં પરિવર્તીત



વિધાનસભા ખાતે રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતના સંબોધન માટે આભાર પ્રસ્તાવની પ્રથમ દિવસની ચર્ચામાં સહભાગી થતા સહકાર રાજ્ય મંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માએ જણાવ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના દ્રષ્ટિવંત વિઝન અને પ્રેરણાથી ગુજરાતની રાજનીતિ - વિકાસની રાજનીતિમાં પરિવર્તી હતી. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ હેઠળની રાજ્ય સરકાર "વિકસિત ગુજરાત થકી વિકસિત ભારત"ની સંકલ્પનાને સાકાર કરવાની દિશામાં મક્કમતાથી કામ કરી રહી છે. રાજ્યપાલ શ્રી આચાર્ય દેવવ્રતે વિધાનસભા ગૃહને કરેલું સંબોધન રાજ્ય સરકારની પ્રવર્તમાન જનહિતલક્ષી નીતીઓ, કાર્યક્રમો, ઉપલબ્ધિઓ અને ભવિષ્યની યોજનાઓનો દસ્તાવેજ છે.

રાજ્ય સરકારના અથાગ પ્રયત્નો થકી અનેક ગુજરાતીઓ, ખાસ કરીને યુવાઓનું સ્વપ્ન હકીકતમાં બદલાઈ રહ્યું છે. વડાપ્રધાનશ્રીના હસ્તે ગુજરાતના ૫૧.૪૧ લાખથી વધુ ખેડૂત પરિવારોને રૂ. ૧,૧૪૮ કરોડની સહાય PM KISAN યોજના હેઠળ મળી છે. તેવી જ રીતે, ચાલુ વર્ષે ગુજરાતમાં મગફળીની અત્યાર સુધીની સૌથી વધુ ૧૨.૨૪ લાખ મેટ્રિક ટન જેટલી ખરીદી કરીને અમારી સરકારે ખેડૂતહિતને પ્રાધાન્ય આપ્યું છે. તાજેતરમાં જ મુખ્યમંત્રીશ્રીએ સૌપ્રથમ સોમનાથ મહોત્સવનો પ્રારંભ કરાવ્યો છે અને હવે અમદાવાદ શહેરના સ્થાપના દિવસે ૬૧૪ વર્ષ પછી નગરદેવી ભદ્રકાળી માતાની નગરયાત્રાનું પણ સફળ આયોજન થયું.

મંત્રીશ્રીએ ગુજરાતને વિવિધ ક્ષેત્રે મળેલા પુરસ્કાર, સન્માન અને ગૌરવ અંગે વિગતવાર વાત કરીને રાજ્યપાલશ્રીના પ્રવચનના આભાર પ્રસ્તાવને સમર્થન આપ્યું હતું. સાથે જ તેમણે ગુજરાતને વિકાસની નવી ક્ષિતિજો સુધી પહોંચાડવા માટે વિધાનસભાના દરેક સભ્યશ્રીઓ પોતાનું મહત્ત્વપૂર્ણ યોગદાન આપે, તેવો સૌને અનુરોધ કર્યો હતો. ●



# વિધાનસભામાં જનહિતલક્ષી પ્રશ્નોને વાચા આપતાં જનપ્રતિનિધિઓ

લોકશાહીનું પર્વ એટલે ચૂંટણી. મતદાન પ્રક્રિયા દ્વારા નાગરિકો પોતાના જનપ્રતિનિધિને ચૂંટીને લોકપ્રશ્નનોને વાચા આપવા વિધાનસભામાં મોકલે છે. આ જનપ્રતિનિધિઓ ગુજરાતના વિકાસમંત્રને લક્ષ્યમાં રાખીને વિકાસલક્ષી પ્રશ્નોની ચર્ચા વિધાનસભામાં કરે છે. વિધાનસભ્યોનાં કાર્યોની સફળતા, ફળશ્રુતિ વિધાનસભામાં પ્રશ્નોત્તરી દ્વારા જનતા સમક્ષ મુકવામાં આવતી હોય છે. હાલ પંદરમી વિધાનસભાના છઠ્ઠા સત્રમાં વિવિધ વિકાસલક્ષી પ્રશ્નોત્તરી થઈ હતી. સમગ્ર કાર્યવાહીને સમાવી શકાય તેમ નથી પરંતુ અહીં તેની ઝલક આપવાનો પ્રયાસ કરવામાં આવ્યો છે.



**વિધાનસભામાં ઊર્જામંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ જણાવ્યું હતું કે, 31/12/2024ની સ્થિતિએ સબસ્ટેશનની બાજુમાં પડતર જમીનમાં સોલાર પ્રોજેક્ટ કરવાની યોજના હેઠળ જામનગર જિલ્લામાં સોલાર પ્રોજેક્ટ કાર્યાન્વિત કરવામાં આવ્યો છે. જેની સ્થાપિત ક્ષમતા 52.5 મેગાવોટ છે. જામનગરના ધારાસભ્ય શ્રીમતી રિવાબા જાડેજાના પ્રશ્નના જવાબમાં મંત્રીશ્રીએ ગૃહને ઉક્ત માહિતી આપી હતી.**

**પોરબંદરમાં મેડિકલ કૉલેજ બાબતે માહિતી આપતાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે જણાવ્યું હતું કે, 31/12/2024ની સ્થિતિએ પોરબંદરમાં જી.એમ.ઇ.આર.એસ. મેડિકલ કૉલેજ તેમજ ગર્લ્સ હોસ્ટેલનું બાંધકામ પૂર્ણ કરી મેડિકલ ઑથોરિટીને સોંપવામાં આવ્યું છે. મેડિકલ કૉલેજ કેમ્પસમાં બાકીનું કાર્ય ડિસેમ્બર 2025 સુધી પૂર્ણ કરવાનું આયોજન છે. તેમણે પોરબંદરના ધારાસભ્ય શ્રી અર્જુનભાઇ મોઢવાડિયાના પ્રશ્નોનો જવાબ આપતાં આ માહિતી આપી હતી.**





**આંકલાવના ધારાસભ્ય શ્રી અમિત ચાવડાના પ્રશ્નનો અન્ન, નાગરિક પુરવઠા અને ગ્રાહક સુરક્ષા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાએ જવાબ આપતાં જણાવ્યું હતું કે, 31/12/2024ની સ્થિતિએ છેલ્લા બે વર્ષમાં ગુજરાત રાજ્ય નાગરિક પુરવઠા નિગમ લિ. ખાતે કુલ 672 માનવબળની સેવાઓ આઉટસોર્સિંગથી મેળવવામાં આવી છે.**

**વડગામના ધારાસભ્ય શ્રી જિજ્ઞેશભાઈ મેવાણીના પ્રશ્નના જવાબમાં માહિતી આપતાં પ્રાથમિક, માધ્યમિક અને પ્રૌઢ શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરે વિધાનસભા ગૃહમાં જણાવ્યુ હતું કે, છેલ્લા બે વર્ષમાં 31/12/2024ની સ્થિતિએ રાજ્યમાં નવી 158 સરકારી માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શાળાઓ તથા રાષ્ટ્રીય માધ્યમિક શિક્ષા અભિયાન અંતર્ગત 10 માધ્યમિક શાળાઓ શરૂ કરવામાં આવી છે.**





**નર્મદા જિલ્લાના માલસામોટ ગામે ઇકો-ટૂરિઝમ અંગેના દેડીયાપાડાના ધારાસભ્ય શ્રી ચૈતરભાઈ વસાવાના પ્રશ્નનો ઉત્તર આપતાં વન અને પર્યાવરણ મંત્રી શ્રી મુળુભાઈ બેરાએ જણાવ્યું હતું કે, 15/01/2025ની સ્થિતિએ નર્મદા જિલ્લાના માલાસામોટ ગામે ઇકો-ટૂરિઝમ પ્રોજેક્ટ મંજૂર કરવામાં આવ્યો છે અને પ્રવાસન વિભાગ દ્વારા છેલ્લા બે વર્ષમાં પ્રથમ તબક્કે રૂ.5 કરોડની નાણાકીય જોગવાઈ કરવામાં આવી છે.**

**આરટીઓ કચેરી સંદર્ભે અમદાવાદના ધારાસભ્ય શ્રી ઇમરાન ખેડાવાલાના પ્રશ્નનો જવાબ આપતાં વાહન -વ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીએ માહિતી આપી હતી કે, 31/12/2024ની સ્થિતિએ અમદાવાદના સુભાષબ્રિજ પાસે આરટીઓની નવી કચેરી બાંધકામ 80 ટકા પૂર્ણ થઈ ચૂક્યું છે અને બાકીનું કાર્ય પ્રગતિ હેઠળ છે, જે ટૂંક સમયમાં પૂર્ણ કરવામાં આવશે.**



## એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ (AIF) દ્વારા ગુજરાતના કૃષિ ક્ષેત્રે નવી ક્રાંતિ



ગુજરાતમાં કૃષિ ક્ષેત્રના વિકાસને નવી દિશા આપવા માટે એગ્રિકલ્ચર ઇન્ફ્રાસ્ટ્રકચર ફંડ (AIF) હેઠળ ૩,૫૦૦ કૃષિ પ્રોજેક્ટ્સ માટે રૂ.૩,૯૦૦ કરોડની સહાય મંજૂર કરવામાં આવી છે. આ યોજના હેઠળ પ્રોસેસિંગ યુનિટ, વેરહાઉસ, કોલ્ડ સ્ટોરેજ અને એગ્રો પ્રોસેસિંગ જેવા વિવિધ પ્રોજેક્ટ્સને રૂ. ૨ કરોડ સુધીની તમામ લોન ઉપર વાર્ષિક ૩ ટકાની વ્યાજ સહાય, મહતમ ૭ વર્ષ સુધીની મર્યાદામાં આપવામાં આવે છે. ગુજરાતમાં આ યોજનાના સફળ અમલીકરણ માટે ગુજરાત દેશમાં પાંચમા ક્રમે છે. તાજેતરમાં જ કેન્દ્ર સરકાર દ્વારા નવી દિલ્હી ખાતે “AIF એક્સેલન્સ ઍવૉર્ડ સમારોહમાં કેન્દ્રીય કૃષિ મંત્રી શિવરાજસિંહ ચૌહાણના હસ્તે ગુજરાતને ઍવૉર્ડ મળ્યો છે. કૃષિ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જણાવ્યું કે, AIF દ્વારા ખેડૂતોને તેમની ઊપજના સંગ્રહ અને પ્રોસેસિંગ માટે આધુનિક ટૅકનોલૉજી ઉપલબ્ધ થશે, રોજગારીની તકો વધશે અને ખેડૂતોની આવકમાં વધારો થશે. આ યોજનાનો લાભ ખેડૂતો, કૃષિ ઉદ્યોગ સાહસિકો, સ્વસહાય જૂથો, ખેડૂત ઉત્પાદક સંગઠનો, PACS, APMC અને અન્ય સંસ્થાઓ લઈ શકે છે. ●





## વસંતોત્સવ ૨૦૨૫ : સંગીત, સંસ્કૃતિ અને સૌંદર્યનો અનોખો સંગમ

ગાંધીનગર ખાતે વસંતોત્સવ- ૨૦૨૫નો ભવ્ય પ્રારંભ પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરા અને રમતગમત રાજ્યમંત્રી શ્રી હર્ષભાઈ સંઘવીની વિશેષ ઉપસ્થિતિમાં થયો હતો. વસંતોત્સવ ગુજરાતની સંસ્કૃતિ, કલા અને પરંપરાને ઉજાગર કરતો મહત્ત્વનો ઉત્સવ છે, જેમાં દેશભરના કલાકારો પોતાની કલા પ્રદર્શિત કરે છે. વસંતોત્સવનું પ્રાકૃતિક સૌંદર્ય અને ગરિમા જળવાઈ રહે, તે માટે મુલાકાતીઓને સ્વચ્છતા જાળવવા રમતગમત રાજ્યમંત્રીશ્રીએ અનુરોધ કર્યો હતો. આ દસ દિવસીય ઉત્સવનું આયોજન રમતગમત યુવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓનો વિભાગ તથા યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓની કચેરી, ગાંધીનગર તથા ગાંધીનગર જિલ્લા વહીવટી તંત્ર દ્વારા કરાયું હતું. ●

## સિદ્ધપુરમાં મહાશિવરાત્રિ પર્વની પૂર્વસંધ્યાએ પાલખી યાત્રા

પૌરાણિક ધાર્મિક મહત્ત્વ ધરાવતા સિદ્ધપુરમાં મહાશિવરાત્રિ પર્વની પૂર્વસંધ્યાએ ઉદ્યોગ મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુતની ઉપસ્થિતિમાં ભવ્ય પાલખી યાત્રા યોજાઈ હતી. મહાશિવરાત્રીના આ ઉત્સવ ભક્તિભર્યા માહોલમાં ‘હર હર મહાદેવ’ના જયઘોષ વચ્ચે શોભાયાત્રા નીકળી હતી. મંત્રીશ્રીએ મહાદેવની પાલખીને પોતે ખભે ઉપાડીને પાલખી યાત્રાને પ્રસ્થાન કરાવ્યું હતું. આ પ્રસંગે મંત્રીશ્રીએ સરસ્વતી નદીના કાંઠે બિરાજમાન પાંચ સ્વયંભૂ






મહાદેવ મંદિરોનો ધાર્મિક ઈતિહાસ વર્ણવ્યો હતો તેમજ મહાદેવની કૃપા અને આશીર્વાદ સદાય સિદ્ધપુર નગર પર રહે એવી પ્રાર્થના કરી હતી. સિધ્ધેશ્વર મહાદેવના દર્શન કરી નગરજનોને શિવરાત્રી પર્વની શુભકામનાઓ પાઠવી હતી. ધાર્મિક રીતે આગવું મહત્ત્વ ધરાવનાર સિદ્ધપુરમાં રિવર ફ્રન્ટ સહિતની સુવિધાઓ ઉપલબ્ધ થશે, સરકાર સિદ્ધપુરના વિકાસ માટે કટિબદ્ધ છે એમ જણાવ્યુ હતું. ●




યુવાશક્તિને સાંસ્કૃતિક મૂલ્યોના જતન, સંવર્ધનના આહવાન સાથે ગુજરાત સાંસ્કૃતિક વક્તૃત્વ સ્પર્ધા-૨૦૨૫નું આયોજન 'સેવ કલ્ચર, સેવ ભારત' ફાઉન્ડેશન અને રાજ્ય સરકારના શિક્ષણ વિભાગના સંયુક્ત ઉપક્રમે કરવામાં આવ્યું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે ગાંધીનગર ખાતેથી આ સ્પર્ધાનો વર્ચ્યુલ પ્રારંભ કરાવ્યો હતો. તેમણે કહ્યું હતું કે, આપણા બાળકો અને યુવાનોમાં ભારતીય સંસ્કૃતિના આદર્શો અને મૂલ્યો પુનઃ ઉજાગર થાય તે સમયની માંગ છે. વડાપ્રધાનશ્રીએ આપણા સાંસ્કૃતિક મૂલ્યો અને સંસ્કૃતિને જાળવવાનું અને વિસ્તારવાનું કાર્ય કર્યું છે. ●

અમદાવાદના નિકોલ વિસ્તારમાં યોજાયેલી રાષ્ટ્ર કથામાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. ખોડલધામ ગ્રાઉન્ડ ખાતે સત્ ધામ દ્વારા પ્રથમ વખત સાત દિવસીય રાષ્ટ્ર કથાનું આયોજન કરવામાં આવ્યું. સૌને સ્વચ્છ ભારત-સ્વસ્થ ભારત, શિક્ષિત ભારત-વિકસિત ભારત, હરિયાળુ ભારત-રળિયામણુ ભારત અને યોગી-નિરોગી ભારત બનાવવાની પ્રેરણા આપવાનો રાષ્ટ્ર કથાનો ઉદ્દેશ છે. જેના થકી નિર્વ્યસની, સંસ્કારી અને આદર્શ સમાજનું નિર્માણ થઈ શકે.●





ગાંધીનગરના સરસ્વતી એજ્યુકેશન ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત સમર્પણ મૂક-બધિર શિશુ વિદ્યામંદિર દ્વારા દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પ્રભુતામાં પગલાં પાડતા ૧૨ મૂક-બધિર નવદંપતીઓને આશીર્વાદ આપ્યા હતા. આ ૮મા દિવ્યાંગ સમૂહ લગ્નોત્સવમાં ઉપસ્થિત રહીને તેમણે દિવ્યાંગ જનોને સહાયરૂપ થઈને તેમને સ્વમાનભેર જીવતા કરવા માટે રાજ્ય સરકારની નેમ દર્શાવી હતી. ●




મહેસાણા જિલ્લાના કડી તાલુકાના નારોલા ખાતે ચાવડા - ડાભી - રાઠોડ રાજપૂત સમાજ દ્વારા આયોજિત ૩૦મા સમૂહ લગ્નોત્સવમાં મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલ ઉપસ્થિત રહ્યા હતા. આ અવસરે મુખ્યમંત્રીશ્રીએ નવદંપતીઓને શુભઆશિષ પાઠવતાં કહ્યું હતું કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના માર્ગદર્શનમાં ગુજરાતે તમામ સમાજના વર્ગોને સાથે રાખીને સર્વાંગી વિકાસને પ્રાધાન્ય આપ્યું છે. ●

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે પાંચજન્ય આયોજિત સાબરમતી સંવાદનું સમાપન કરાવતાં ગુજરાતના વૈશ્વિક વિકાસની પ્રભાવક ગાથા પ્રસ્તુત કરી હતી. તેમણે કહ્યું હતું કે, ગુજરાત 1960માં જ્યારે મહારાષ્ટ્રથી અલગ પડ્યું ત્યારે રણ, ડુંગર અને અછત વાળા પ્રદેશની ઓળખ ધરાવતું હતું. એટલું જ નહીં ઔદ્યોગિક વિકાસ પણ વાપીથી તાપી સુધી સીમિત હતો. ગુજરાતના પાછલા ત્રણ દાયકામાં થયેલા સર્વાંગી વિકાસમાં વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના મુખ્યમંત્રી તરીકેના કાર્યકાળને મહત્ત્વપૂર્ણ ગણાવ્યો હતો. ●





મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે દિલ્હીના નવનિયુક્ત મુખ્યમંત્રી શ્રીમતી રેખા ગુપ્તાની શુભેચ્છા મુલાકાત નવી દિલ્હીમાં લીધી હતી. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં મળેલા પ્રચંડ વિજય અંગે મુખ્યમંત્રીશ્રીએ તેમને અભિનંદન પાઠવ્યા હતા. ●



**લોકાર્પણ :** વલસાડ જિલ્લાના વાપી તાલુકાના બલીઠાથી નેશનલ હાઇવે નં.૪૮ ને જોડતા રૂ. ૫૯.૯૨ કરોડનાં ખર્ચે નવનિર્મિત મુંબઈ વિંગ રેલવે ઓવરબ્રિજનું નાણાંમંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ લોકાર્પણ કર્યું હતું. આ રેલવે ઓવરબ્રિજના કારણે નેશનલ હાઇવે નં-૪૮ થી યુ.ટી. દમણ બોર્ડર (જીઆઇડીસી) તરફ અવરજવર માટે રહેવાસીઓને અવરજવરમાં સરળતા રહેશે.



**કાર્યક્રમ :** અમદાવાદમાં બી.જે. મેડિકલ કોલેજના પેથોલોજી વિભાગ દ્વારા આયોજિત 'પેથેકોનબીજે - ૨૦૨૫' ત્રિ-દિવસીય કાર્યક્રમમાં આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઇ પટેલની પ્રેરણાદાયી હાજરી રહી હતી. તેઓએ પેથોલોજી અને રેડિયોલોજી રિપોર્ટ્સની નિદાનમાં મહત્ત્વ વિશે તેમજ પેથોલોજીક્સ ટેકનોલોજી સાથે અપડેટ થઇ રહી છે જેના કારણે રિપોર્ટની એક્યુરેસી વધતી જતી હોવાનું જણાવ્યું હતું.



**પરિસંવાદ :** રાજ્યપાલશ્રી આચાર્ય દેવવ્રતજીના અધ્યક્ષસ્થાને બનાસકાંઠાના મોરીયા સ્થિત બનાસ મેડિકલ કૉલેજ ખાતે પ્રાકૃતિક કૃષિ પરિસંવાદ યોજાયો હતો. બનાસ ડેરીના ઉપક્રમે યોજાયેલા આ કાર્યક્રમમાં ૧૦ હજાર જેટલા ખેડૂતો તથા જિલ્લાના કુલ ૫૦ હજાર ખેડૂતો વર્ચ્યુઅલ માધ્યમથી પરિસંવાદમાં જોડાયા હતા. રાસાયણિક ખેતીનો ત્યાગ કરવા રાજ્યપાલશ્રીએ ખેડૂતોને અનુરોધ કર્યો હતો.

**સંવાદ :** ગ્રામ વિકાસ માટે પ્રતિબદ્ધ ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ મંત્રી શ્રી રાઘવજીભાઈ પટેલે જામનગર જિલ્લાના રણજીતપર, ખીલોસ, લાખાણી, જામવંથલી અને વરણા ગામોની મુલાકાત લીધી હતી. મુલાકાત દરમિયાન ગ્રામજનોની રજૂઆતો સાંભળી તેમની સાથે સંવાદ સાધી સમસ્યાઓના ઉકેલ માટે આશ્વાસન આપ્યું હતુ.

**ભૂમિપૂજન :** જળસંપત્તિ અને પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળીયાના હસ્તે વિંછીયા તાલુકાના કોટડા ગામે રૂ.૨૭૫.૯૮ લાખના ખર્ચે તૈયાર થનાર વિશ્રામગૃહનું ભૂમિપૂજન કરાયું હતું. આ વિશ્રામ ગૃહમાં વી.આઈ.પી. સ્યુટ રૂમ, કૉન્ફરન્સ હૉલ, ડાઇનિંગ હૉલ સહિતની પાયાની સુવિધાઓ ઉપલબ્ધ કરાશે.







**કૉન્ફરન્સ:** ધોરણ-૧૦ અને ધોરણ-૧૨ ની પરીક્ષાના પૂર્વ આયોજન અંગે શિક્ષણ મંત્રી શ્રી ડૉ. કુબેરભાઈ ડીંડોરની વર્ચ્યુઅલ ઉપસ્થિતિમાં વીડિયોકોન્ફરન્સ યોજાઈ હતી. આ કોન્ફરન્સમાં દાહોદના અધિકારીઓ પણ જોડાયા હતા. પરીક્ષા કેન્દ્ર ખાતે લાઈટ, સી. સી. ટી. વી. કેમેરા, આરોગ્ય ટીમ, પાણી, શૌચાલય જેવી પ્રાથમિક વ્યવસ્થા સહિતની બાબતે તકેદારી રાખવા જણાવ્યું હતું.



**મુલાકાત :** મહારાષ્ટ્રના વાહન વ્યવહાર મંત્રી શ્રી પ્રતાપ સરનાયક ગુજરાતની મુલાકાતે પ્રધાર્યા હતા. આ મુલાકાત દરમિયાન વાહનવ્યવહાર રાજ્ય મંત્રી શ્રી હર્ષભાઈ સંઘવી સાથે મહારાષ્ટ્ર અને ગુજરાત વચ્ચેના વાહનવ્યવહાર ક્ષેત્રે સહકાર વધારવા તેમજ પ્રગતિશીલ માળખાગત સુવિધાઓ અંગે વિચારવિમર્શ કરવામાં આવ્યો હતો.



**ઉત્સવ:** પાટણમાં શ્રમ અને રોજગાર મંત્રી શ્રી બલવંતસિંહ રાજપુત અને પ્રવાસન મંત્રી શ્રી મુળુભાઈ બેરાની ઉપસ્થિતિમાં 'રાણીની વાવ ઉત્સવ-2025' યોજાયો હતો. આ બે દિવસીય સંગીત સમારોહમાં સુપ્રસિદ્ધ લોકગાયકોએ સંગીતના સુરો રેલાવ્યા હતા. પાટણનું પટોળું તેમજ રાણીની વાવને દેશ અને દુનિયામાં સ્થાન મળ્યું હોવાનુ જણાવી મંત્રીશ્રીઓએ પાટણ શહેરના સ્થાપના દિવસે પાટણ નગરજનોને શુભેચ્છા પાઠવી હતી.

**કરિયર મહોત્સવ :** સુરતની ૭ શાળાઓમાં 'કરિયર મહોત્સવ' પાઈલટ પ્રોજેક્ટનો શુભારંભ કરાયો હતો. કામરેજ તાલુકાના વાવ સ્થિત વશિષ્ઠ વિદ્યાલય ખાતે શિક્ષણ રાજ્યમંત્રી શ્રી પ્રફુલભાઈ પાનસેરીયાએ આ મહોત્સવ ખુલ્લો મૂક્યો હતો. વિદ્યાર્થીઓની ઉજ્જવળ કારકિર્દીનો પથ કંડારવા માટે વધુ શાળાઓ સુધી 'કરિયર મહોત્સવ' યોજાશે.



**બેઠક:** ગાંધીનગર ખાતે સહકાર રાજ્યમંત્રી શ્રી જગદીશભાઈ વિશ્વકર્માની અધ્યક્ષતામાં ગુજરાત રાજ્ય સહકારી કાઉન્સિલની બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં સહકારી મંડળીઓના એજન્ડા તથા નવી બાબતોને બહાલી આપવામાં આવી હતી. આ ઉપરાંત વિવિધ મુદ્દાઓ પર ચર્ચા કરવામાં આવી હતી.



સુવિધા

# રાજ્યની ૭ હૉસ્પિટલને મળ્યાં અત્યાધુનિક માઇક્રોસ્કોપ

રાજ્યના પ્રત્યેક નાગરિકને શ્રેષ્ઠત્તમ આરોગ્ય સેવાઓ મળી રહે તે માટે રાજ્ય સરકાર કટિબદ્ધ છે. મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વ અને આરોગ્યમંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલના માર્ગદર્શન હેઠળ રાજ્ય આરોગ્ય વિભાગની સેવાઓને ઉત્તમ થી સર્વોત્તમ બનાવવાના પ્રયાસો હાથ ધરાયા છે.

રાજ્યની ૭ GMERS સંલગ્ન હૉસ્પિટલમાં અત્યાધુનિક નવીન હાઈ એન્ડ માઈક્રોસ્કોપ ઉપલબ્ધ કરાવવામાં આવ્યા છે. ગુજરાતની સોલા (અમદાવાદ), ગાંધીનગર, ગોત્રી (વડોદરા), પાટણ, હિંમતનગર, જૂનાગઢ અને વલસાડની GMERS મેડિકલ હૉસ્પિટલને આ આધુનિક ઉપકરણો પ્રાપ્ત થયા છે. અંદાજિત રૂ. ૭ કરોડનાં ખર્ચે ઉપલબ્ધ કરાવવામાં આવેલા આ હાઇ-એન્ડ માઈક્રોસ્કોપ દર્દીઓની આરોગ્ય સુખાકારીમાં વધારો કરશે.




આ માઈક્રોસ્કોપ દ્વારા GMERS મેડિકલ હૉસ્પિટલને "સેન્ટર ઓફ એક્સેલન્સ" તરીકે વિકસાવવાની દિશામાં પ્રેરણા મળશે. ગુજરાતના નાગરિકોને વિદેશી સ્તરની તબીબી સારવાર ઘરઆંગણે જ ઉપલબ્ધ થશે. આ સુવિધાથી અમદાવાદ, ગાંધીનગર, વડોદરા, પાટણ, બનાસકાંઠા, મહેસાણા, સાબરકાંઠા, અરવલ્લી, ખેડા, આણંદ, છોટા ઉદેપુર, મહિસાગર, જુનાગઢ, વલસાડ, નવસારી, ડાંગ, ગીર-સોમનાથ અને અમરેલી જિલ્લાના આશરે ૪ હજારથી વધુ ગામોને આરોગ્યલાભ મળશે.●

# જી-સફલઃ અંત્યોદય પરિવારની મહિલાઓ માટે સફળતાની ગેરંટી

રાજ્ય સરકારે અંત્યોદય પરિવારની આજીવિકામાં વધારો કરીને તેમને આર્થિક રીતે સક્ષમ બનાવવા તેમજ મહિલા સશક્તિકરણના ઉદ્દેશથી જી-સફલ (ગુજરાત સ્કીમ ફોર અંત્યોદય ફેમિલીઝ ફોર ઓગ્મેન્ટિંગ લાઈવલીહુડ્સ -અંત્યોદય પરિવારોની આજીવિકા વધારવા માટે ગુજરાતની યોજના) જાહેર કરી છે. જે આગામી પાંચ વર્ષના સમયગાળામાં રાજ્યના ૧૦ જિલ્લા અંતર્ગત ૨૫ તાલુકાના ૫૦ હજાર અંત્યોદય અન્ન યોજના (AAY) કાર્ડ ધારક પરિવારોને લાભ પહોંચાડશે.

જી-સફલ યોજના નિર્માણમાં ચાર મુખ્ય સ્તંભ છે. સામાજિક સુરક્ષા, આજીવિકા નિર્માણ, નાણાકીય સમાવેશ, સામાજિક વિકાસ અને સશક્તીકરણ. આ યોજનાનું અમલીકરણ ગુજરાત લાઈવલીહુડ પ્રમોશન કંપની લિમિટેડ (ગ્રામ વિકાસ વિભાગ) દ્વારા કરવામાં આવી રહ્યું છે, જેમાં અંત્યોદય પરિવારોને આજીવિકા, નાણાકીય સમાવેશ અને સામાજિક વિકાસ માટે સહયોગ પૂરો પાડવામાં આવશે. આ કાર્યક્રમમાં આર્થિક સહાયની સાથે કૌશલ્ય તાલીમ અને જરૂરી માર્ગદર્શન પણ આપવામાં આવશે જેથી પરિવારોને અત્યંત ગરીબીમાંથી બહાર લાવી શકાય. આજીવિકાના નવા સ્ત્રોત બનાવવા માટે તેમને રૂ. ૮૦ હજારનું અનુદાન આપવામાં આવશે.

આ યોજનાના અમલીકરણ માટે પાત્રતા ધરાવતા કાર્ડધારકોમાં સૌથી ગરીબ પરિવારોની ઓળખ કરવામાં આવશે. તમામ લાભાર્થી પરિવારોમાં ઓછામાં ઓછા આવકના બે સ્ત્રોત હોય તે સુનિશ્ચિત કરવાનો ઉદ્દેશ રાખવામાં આવ્યો છે. લાભાર્થીઓને યોગ્ય તાલીમની સાથે બેંકો અને નાણાકીય સંસ્થાઓ સાથે જોડવાની કામગીરી પણ કરવામાં આવશે. આ પરિવારોને માર્ગદર્શન આપવા માટે ફિલ્ડ કૉચની નિમણૂક કરવામાં આવી છે.

જી-સફલનું એક અનોખું પાસું મહિલા સશક્તીકરણનું છે, જેમાં ૧ ફિલ્ડ કૉચ ૪૦ પરિવારો સુધી પહોંચીને વ્યક્તિગત રીતે તાલીમ પ્રદાન કરશે. રાજ્યના બનાસકાંઠાના થરાદ, પાટણના સાંતલપુર, કચ્છના રાપર અને લખપત, સુરેન્દ્રનગરના સાયલા, છોટાઉદેપુરના કવાંટ અને નસવાડી, પંચમહાલના ઘોઘંબા, દાહોદના ગરબાડા, ધાનપુર, સિંઘવડ, દેવગઢબારીયા, ફતેપુરા, ઝાલોદ, દાહોદ, લીમખેડા, સંજેલી તેમજ નર્મદા જિલ્લાના નાંદોદ, ગરુડેશ્વર, સાગબારા, તિલકવાડા, ડેડીયાપાડા અને તાપીના કુકરમુંડા, નિઝર અને ડાંગના સુબીર તાલુકામાં આ યોજના લાગુ કરાશે. આ પહેલ રાજ્યના મહત્ત્વાકાંક્ષી વિસ્તારોમાં સતત વિકાસ અને સમૃદ્ધિ લાવવાની દ્રષ્ટિએ મહત્ત્વપૂર્ણ પગલું સાબિત થશે. ●

# SKOCH-100 સમિટમાં ગુજરાતના આરોગ્ય વિભાગને બે ઍવૉર્ડ




ગુજરાત આરોગ્ય વિભાગની યશકલગીમાં વધુ એક ઉમેરો થયો છે. દિલ્હીમાં આયોજિત SKOCH-૧૦૦ સમિટમાં ગુજરાતના આરોગ્ય વિભાગને ગોલ્ડ કૅટેગરીમાં બે ઍવૉર્ડ એનાયત થયા હતા.

ગુજરાત આરોગ્ય વિભાગને SH-RBSK હેલ્થ + અંતર્ગત રાજ્યના પ્રત્યેક વિદ્યાર્થીનું નિભાવવામાં આવતું ડિજિટલ હેલ્થ કાર્ડ અને બ્રેકિંગ ધ સાયલન્સ કૅટેગરીમાં કોક્લિયર ઈમ્પ્લાન્ટ અને સ્પીચ થેરાપી માટે ગોલ્ડ કૅટેગરીમાં ઍવૉર્ડ એનાયત થયા હતા. આરોગ્ય મંત્રી શ્રી ઋષિકેશભાઈ પટેલે ટીમ ગુજરાત હેલ્થને અભિનંદન પાઠવી પ્રત્યેક નાગરિકો પ્રત્યેની તેમની નિષ્ઠાને બિરદાવી હતી.

પ્રથમ ઍવૉર્ડ SH-RBSK હેલ્થ+ ડિજિટલ હેલ્થ કાર્ડ માટે એનાયત થયો છે. ગુજરાત આરોગ્ય વિભાગ દ્વારા વર્ષ ૨૦૨૩થી પ્રત્યેક વિદ્યાર્થી માટે ડિજિટલ હેલ્થ કાર્ડની સિસ્ટિમ શરૂ કરાઈ છે, જે બાળકોને ગુણવત્તાયુક્ત આરોગ્ય સંભાળ અને સારવાર માટે આંગળીના ટેરવે ડિજિટલી રેકર્ડ ઉપલબ્ધ કરાવે છે.

રાજ્યની SH-RBSK(સ્કૂલ હેલ્થ - રાષ્ટ્રીય બાળ સુરક્ષા કાર્યક્રમ) હેઠળ કાર્યરત ૯૯૨ મોબાઇલ હેલ્થ ટીમ દ્વારા સમર્પિત આ કાર્ય, આરોગ્ય અને શિક્ષણ આઇ.ટી. પોર્ટલના એકીકરણનું કામ કરે છે. જેમાં જુન - ૨૦૨૩ થી દર વર્ષે અંદાજિત ૧.૧૫ કરોડથી વધુ વિદ્યાર્થીઓને ડિજિટલ હેલ્થ કાર્ડ ઈસ્યૂ કરવાનો પ્રારંભ કરાયો છે.

ગુજરાત આરોગ્ય વિભાગને અન્ય ઍવૉર્ડ બ્રેકિંગ ધ સાયલન્સ - નિઃશુલ્ક કોકલિયર ઈમ્પ્લાન્ટ અને સ્પીચ થેરાપી માટે એનાયત કરવામાં આવ્યો છે. જરૂરિયાતમંદ બાળકોને મફત કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી, પ્રિ અને પોસ્ટ ઓપરેટીવ કેર અને સ્પીચ થેરાપી આપવામાં આવે છે. જે વાતચીતના અવરોધોને તોડવામાં અને જન્મજાત ઓછી શ્રવણશક્તી ધરાવતા બાળકોને તેમની સંપૂર્ણ ક્ષમતા પ્રાપ્ત કરવા માટે સશક્ત બનાવવામાં મદદરૂપ બને છે. વર્ષ ૨૦૧૪થી અત્યાર સુધીમાં રાજ્યમાં ૩૨૬૦ જેટલા બાળકોને નિઃશુલ્ક કોકલિયર ઈમ્પ્લાન્ટ સર્જરી કરાઈ છે. ●

# જાહેર બાંધકામ પરીક્ષણ ક્ષેત્રે ગુજરાતની સિદ્ધિ

કોઈપણ જાહેર ઈમારત કે બાંધકામનું આયુષ્ય-ટકાઉપણું તેની પાયાની ગુણવત્તાના આધારે જ નક્કી થતું હોય છે. આ ગુણવત્તા સુનિશ્ચિત કરવા રાજ્ય સરકાર દ્વારા સ્થાપિત ગેરીની વિવિધ આધુનિક લેબમાં ઈમારતોનું સમયસર યોગ્ય વૈજ્ઞાનિક પદ્ધતિસરનું પરીક્ષણ કરવામાં આવે છે. મુખ્યમથક વડોદરા સહિત ગેરી અંતર્ગત રાજ્યભરમાં કુલ ૨૪ આધુનિક પ્રયોગશાળાઓ કાર્યરત છે. જાહેર અને ખાનગી બાંધકામની ગુણવત્તા સંબંધિત કરવામાં આવતાં વિવિધ પરીક્ષણમાં ગુજરાતે વિશેષ સિદ્ધિ પ્રાપ્ત કરી છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના માર્ગદર્શનમાં વડોદરામાં કાર્યરત ગુજરાત ઈજનેરી સંશોધન સંસ્થા-GERIએ વર્ષ ૨૦૨૧-૨૨થી એટલે કે છેલ્લાં ચાર વર્ષમાં અંદાજે ૬.૧૪ લાખથી વધુ નમૂનાઓનું સફળ પરીક્ષણ કરીને રાજ્યમાં બાંધકામ ક્ષેત્રને વધુ મજબૂત, સુદૃઢ બનાવવાનું ભગીરથ કાર્ય કર્યુ છે. આ પરીક્ષણ થકી રાજ્ય સરકારને અંદાજે કુલ રૂ. ૧૮૪ કરોડથી વધુની માતબર રકમની આવક- રેવન્યૂ પણ પ્રાપ્ત થઈ છે.

પાણી પુરવઠા મંત્રી શ્રી કુંવરજીભાઈ બાવળિયાએ જણાવ્યું હતું કે, વડોદરાના ગોત્રી સહિત રાજ્યભરમાં વિવિધ પ્રયોગશાળાઓમાં વર્ષ ૨૦૨૧-૨૨માં ૧.૦૩ લાખથી વધુ નમૂનાઓના પરીક્ષણ દ્વારા રૂ. ૩૦ કરોડ, વર્ષ ૨૦૨૨-૨૩માં ૧.૩૩ લાખ પરીક્ષણ થકી રૂ. ૪૨.૭૪ કરોડ, વર્ષ ૨૦૨૩-૨૪માં ૧.૮૭ લાખથી વધુ પરીક્ષણ દ્વારા રૂ. ૫૩.૯૩ કરોડ જ્યારે વર્ષ ૨૦૨૪-૨૫માં જાન્યુઆરીના અંત સુધીમાં ૧.૯૦ લાખ નમૂનાઓના પરીક્ષણ થકી રૂ. ૫૭.૪૬ કરોડ એમ કુલ ૬.૧૪ લાખથી વધુ પરીક્ષણ દ્વારા રૂ. ૧૮૪ કરોડથી વધુની આવક થઈ છે.

પાણી પુરવઠા રાજ્યમંત્રી શ્રી મુકેશભાઈ પટેલે કહ્યું હતું કે, ગેરી દ્વારા આધુનિક ઉપકરણોના માધ્યમથી તેમજ પૂરતા માનવ સંસાધનના પરિણામે ગુજરાતમાં છેલ્લાં ત્રણ વર્ષમાં એટલે કે વર્ષ ૨૦૨૧-૨૨ થી ૨૦૨૩-૨૪ સુધીમાં માત્ર અગત્યના માટી પરીક્ષણ, કોંક્રીટ મિક્સ ડિઝાઈન તેમજ આસ્ફાલ્ટ મિક્સ ડિઝાઈનના મળીને કુલ ૯,૨૨૮ સફળ પરીક્ષણ કરવામાં આવ્યાં છે. નોંધનીય છે કે, વર્ષ ૨૦૨૨-૨૩માં ૮૩૧ માટી પરીક્ષણ સામે વર્ષ ૨૦૨૩-૨૪માં ૨,૬૪૬ એટલે ત્રણ ગણાં વધુ પરીક્ષણો કરવામાં આવ્યાં છે જે જાહેર અને ખાનગી બાંધકામ ક્ષેત્રમાં રાજ્ય સરકાર દ્વારા ગુણવત્તાયુક્ત માળખું ઉપલબ્ધ કરાવવાની પ્રતિબદ્ધતા દર્શાવે છે. ●

# સાઇબર ક્રાઇમ : નામ એક પ્રકાર અનેક

વિપુલ ચૌહાણ




### સાઈબર બુલિંગ

- સોશિયલ મીડિયાની આજની દુનિયામાં, ભારતનો લગભગ યુવાવર્ગ વિવિધ પ્રકારના સોશિયલ મીડિયામાં સક્રિય છે. આવી સ્થિતિમાં કોઈપણ વ્યક્તિ કોઈપણ છોકરા કે છોકરીને માનસિક રીતે પરેશાન કરે છે.
- જેમ કે દુરુપયોગ, જાતીય શોષણ (Sexual Abuse), ધમકી આપવી અથવા સોશિયલ મીડિયા પર કોઈની છબી ખરાબ કરવાનો પ્રયાસ કરવો. આ સાઈબર ધમકી હેઠળ આવે છે જે સાઈબર ક્રાઈમ છે.

### હેકિંગ

- હેકિંગ એ એવી પદ્ધતિ છે કે જેના દ્વારા ગુનેગાર તમારી પરવાનગી વગર તમારી અંગત માહિતી ચોરી લે છે.
- જેનો ઉપયોગ તે તમને નુકસાન પહોંચાડવા અથવા તમારી મહત્ત્વપૂર્ણ માહિતી અન્યને વેચવા માટે કરે છે. આ સિવાય હેકર તમારા સોશિયલ મીડિયાને સોફ્ટવેર દ્વારા હેક કરે છે.
- હેકિંગ દ્વારા તમારા મોબાઈલ અને કોમ્પ્યુટરમાંથી તમારી પરવાનગી વગર ગુપ્ત માહિતી મેળવી છેતરપિંડી આચરે છે.

### સોશિયલ મીડિયા ફ્રોડ

- આજકાલ લોકો Social Mediaનો ભરપૂર ઉપયોગ કરી રહ્યા છે. કોઇ વેપાર માટે તો કોઇ મનોરંજન માટે, કોઇ ગપશપ કરવા માટે તો કોઇ નવા-નવા મિત્રો બનાવવા માટે WhatsApp, Facebook, Instagram, Twitter, YouTube જેવા Social Media Platform વડે સતત એકબીજાના સંપર્કમાં રહેતા હોય છે.
- પરંતુ અહીં પણ તમારી સાથે છેતરપિંડી કરવા માટે ઘણા અસામાજિક સાયબર તત્વો તમને મુશ્કેલીમાં મુકી શકે છે.
- જેમ કે, Social Media પર અન્ય વ્યક્તિના નામે Fake પ્રોફાઈલ બનાવવી/ પ્રોફાઈલ પેજ હેક કરવા.
- અન્ય કોઇ વ્યક્તિના ફોટો કે વીડિયો બિનઅધિકૃત રીતે અપલોડ કરવા.
- બિભત્સ ભાષા, સાહિત્ય કે પોર્નોગ્રાફી, Fake News કે ખોટી અફવા ફેલાવવી.
- ધર્મ, જાતિ, ભાષા કે પ્રાંતને નિશાન બનાવી અન્યની લાગણીને ઠેસ પહોંચાડવી તેમજ તે પ્રકારની માહિતી, ફોટા કે વીડિયો અપલોડ કરવા, કોઇને ટેગ અથવા શેર કરવું પણ ગંભીર ગુનો બને છે.

### ડેટા થેફ્ટ

- એકદમ સરળ શબ્દોમાં કહીએ તો, કોઈપણ વ્યક્તિનો અંગત ડેટા, સંસ્થા, પ્રાઈવેટ કંપની કે સરકારી એકમોનો ડેટા વેબસાઈટ, કોમ્પ્યુટર, પેનડ્રાઈવ, ઈ-મેઈલ આઈ.ડી.ના માધ્યમથી ડિજિટલ ડેટા ચોરી કરવામાં આવે છે, જેને ડેટા થેફ્ટ કહેવાય છે.

### માલવેર / રેન્સમવેર

- Malware / Ransomware એક પ્રકારનું દૂષિત સોફ્ટવેર છે. જે આપમેળે જ ઈન્ટરનેટ અને ઈ-મેઈલથી તમારા કોમ્પ્યુટરમાં આવી જાય છે, જેના કારણે તમારા કોમ્પ્યુટરની તમામ ફાઈલ્સ Encrypt થઈ જાય છે.
- આ વાયરસ તમારી સિસ્ટમની અમુક ફાઈલ કે ફોલ્ડર, જે તમે રોજ યુઝ કરતા હોવ, તે શોધે છે.
- તે કોમ્પ્યુટરમાં ફ્રીક્વન્ટલી યુઝ્ડ ફાઈલ અને લાસ્ટ મોડીફાઈડ ફાઈલ ચેક કરે છે અને તે ફાઈલનું ફોર્મેટ ચેન્જ કરી નાંખે છે.
- આ કારણે જ્યારે તમે તે ફાઈલ કે ફોલ્ડર ફરીથી ઓપન કરવા જાઓ તો ખોલી નહીં શકો, ઘણા કિસ્સાઓમાં યુઝર્સ પોતાનું ફાઈલ-ફોલ્ડર શોધી પણ નથી શકતા. આની પાછળનું કારણ છે Malware / Ransomware વાયરસ.
- Malware / Ransomware વાયરસની કોઇ એક પેટર્ન નથી. તે અલગ-અલગ સર્વરથી, અલગ-અલગ લિન્કથી તમારી સિસ્ટિમ, સર્વર કે ડિવાઈસ પર હાવી થઇ શકે.

### ફાયનાન્સિયલ ફ્રોડ

- પહેલાંના સમયમાં હાથમાં છરી જેવા હથિયાર લઈને અસામાજિક તત્વો લૂંટ ચલાવતા, પરંતુ હવે તમારા ડેબિટ કાર્ડ કે ક્રેડિટ કાર્ડમાં આયોજનપૂર્વક OTP (વન ટાઈમ પાસવર્ડ)ના માધ્યમથી લાખો-કરોડો રૂપિયાની ઉઠાંતરીના કિસ્સાઓ સામે આવ્યા છે.
- નાગરિકોને ફોન ઉપર બેંક મેનેજર/કર્મચારી કે RBI ના અધિકારી હોવાની નકલી ઓળખ આપીને વિશ્વાસ કેળવી તેમના મોબાઈલ ફોન પર આવેલા OTP ઉપરાંત ડેબિટ/ ક્રેડીટ કાર્ડ જેવી મહત્ત્વપૂર્ણ માહિતી મેળવી નાગરિકોના ખાતામાંથી રકમ ઉપાડી લેવામાં આવે છે. ●

## ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના

**નિર્ણય :** વિકસિત ગુજરાત @૨૦૪૭ના રોડમેપના આધારે વિકસિત ગુજરાતનો ધ્યેય પ્રાપ્ત કરવા ગુજરાતમાં વહીવટી તંત્રની કાર્યક્ષમતા, અસરકારકતા અને પ્રતિભાવશીલતા વધારવી જરૂરી છે. ગુજરાત વિધાનસભામાં રજૂ કરવામાં આવેલા ૨૦૨૫-૨૬ના વર્ષના બજેટમાં નાણાં મંત્રી શ્રી કનુભાઈ દેસાઈએ ગુજરાત વહીવટી સુધારણા પંચની રચના કરવાની જાહેરાત કરી હતી. વહીવટી સુધારણાના વિવિધ પાસાંઓ અંગે પંચ બે વર્ષ સુધીમાં અભ્યાસ પૂર્ણ કરી સમયાંતરે પોતાની ભલામણો સરકારમાં રજૂ કરશે

**માળખું :** આ ગુજરાત વહીવટી સુધારણા પંચમાં અધ્યક્ષ તરીકે મુખ્યમંત્રીશ્રીના મુખ્ય અગ્ર સલાહકાર શ્રી હસમુખ અઢિયા ઉપરાંત અન્ય પાંચ સભ્યોની સમિતિની નિમણૂક કરવામાં આવી છે. તેમાં સભ્ય તરીકે મુખ્ય સચિવશ્રી, અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી(કર્મચારીગણ પ્રભાગ) GAD, અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી વિજ્ઞાન અને પ્રૌદ્યોગિકી વિભાગ, અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી નાણાં વિભાગ તથા સભ્ય સચિવ તરીકે અધિક મુખ્ય સચિવશ્રી/અગ્ર સચિવશ્રી/સચિવશ્રી (વહીવટી સુધારણા, તાલિમ પ્રભાગ અને એન.આર.આઈ.) GADની નિમણૂક થઈ છે.

**કાર્યપદ્ધતિ :** રાજ્યના વહીવટી માળખા અને વહીવટનો સમગ્રલક્ષી અભ્યાસ કરી કાર્યપદ્ધતિઓની વ્યાપક સમીક્ષા અને સુધારા સૂચવવા અને જરૂરી ફેરફાર કરવા માટે અવકાશ છે કે કેમ તેની વિચારણા કરવા માટે ગુજરાત વહીવટી સુધારણા પંચ કાર્યરત કરાયું છે. આ ગુજરાત વહીવટી સુધારણા પંચ વહીવટી અને શાસન માળખું, માનવશક્તિનું તર્કસંગતીકરણ અને માનવ સંસાધન વ્યવસ્થાપન, નાણાકીય વ્યવસ્થાપન અને સંસાધન ઓપ્ટિમાઈઝેશન, વિકેન્દ્રિકરણ અને સ્થાનિક શાસન, ટેક્નોલોજી અને નવીનતાનો ઉપયોગ, દેખરેખ અને મૂલ્યાંકન માળખાનો અભ્યાસ કરી તે અંગે વિચારણા કરીને સરકારને ભલામણો રજૂ કરશે. ●

## ખેડૂતો પાસેથી ટેકાના ભાવે ચણા અને રાયડાની ખરીદી કરાશે

**નિર્ણય :** ખેડૂતોને તેમના પાકના પોષણક્ષમ ભાવ મળી રહે તે માટે રાજ્ય સરકાર હંમેશા કટિબદ્ધ છે. તમામ જિલ્લાઓમાં ખેડૂતો પાસેથી રાજ્ય સરકાર દ્વારા ચણા અને રાયડાની ટેકાના ભાવે ખરીદી કરાશે. આગામી તા.૯ માર્ચ સુધી ખેડૂતોએ ગ્રામ્યકક્ષાએ ઇ-ગ્રામ કેન્દ્રો ખાતે VCE મારફતે નાફેડના ઇ-સમૃદ્ધિ પોર્ટલ પર વિના મૂલ્યે ઓનલાઇન નોંધણી કરાવવાની રહેશે. ત્યાર બાદ વિવિધ ખરીદી કેન્દ્રો પરથી ચણા અને રાયડાની ખરીદી આગામી તા.૧૪ માર્ચ ૨૦૨૫ના રોજથી કરવામાં આવશે. વર્ષ ૨૦૨૪-૨૫માં ચણાના પાક માટે રૂ. ૫૬૫૦ પ્રતિ ક્વિન્ટલ અને રાયડાના પાક માટે રૂ.૫૯૫૦ પ્રતિ ક્વિન્ટલ ટેકાનો ભાવ જાહેર કરવામાં આવ્યો છે.

**પરિણામ :** ભારત સરકારની પી.એમ.આશા (પ્રધાનમંત્રી અન્નદાતા આય સંરક્ષણ અભિયાન) યોજના અંતર્ગત પી.એસ.એસ હેઠળ રાજયમાં ચણા અને રાયડાના પાકના ટેકાના ભાવે ખરીદી કરાતાં રાજ્યના ખેડૂતોના આર્થિક રક્ષણ સાથે ખેતઉત્પાદનોના પોષણક્ષમ ભાવ મળતા તેમની આર્થિક સમૃદ્ધિમાં વધારો થશે. ●

## નગરો-મહાનગરોમાં વિકાસ કામો માટે રૂ.૫૩૭ કરોડ મંજૂર

**નિર્ણય :** મહાનગરપાલિકાઓ, નવરચિત મહાનગરપાલિકા અને નગરપાલિકાઓના જનસુખાકારી વિકાસ કામો માટે શહેરી વિકાસ વિભાગ દ્વારા રજૂ થયેલી દરખાસ્તોના અનુસંધાને એક જ દિવસમાં એક સાથે કુલ ૫૩૭.૨૧ કરોડ રૂપિયા મંજૂર કરીને પારદર્શી અને ઝડપી નિર્ણય શક્તીનું વધુ એક દૃષ્ટાંત મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલે એ પૂરું પાડ્યું છે.

**પરિણામ :** સ્વર્ણિમ જયંતી મુખ્યમંત્રી શહેરી વિકાસ યોજના અંતર્ગત સ્ટ્રોમ વોટર ડ્રેનેજ-આંતર માળખાકીય સુવિધા-માર્ગ મરામત-પાણી પુરવઠા પાઈપલાઇન-મુખ્યમંત્રી શહેરી સડક યોજના અને શહેરી બસ પરિવહન યોજનાના કામો થતાં રાજયના નગરો-મહાનગરોમાં વસવાટ કરતા નાગરિકોના ઈઝ ઓફ લિવિંગ વધવા સાથે શહેરી જનસુખાકારીમાં વધારો થશે. યાત્રાધામ દ્વારકામાં ભગવાન શ્રી દ્વારકાધીશના દર્શન માટે આવતા યાત્રિકો તેમજ શિવરાજપુર અને નાગેશ્વર, બેટ દ્વારકા તથા ઓખા તરફ આવતા-જતા નાગરિકોને વાહનવ્યવહાર માટે વધુ સુવિધા મળશે. ●

## એસ.ટી. પરિવાર માટે આશાનું કિરણઃ ફરજ દરમિયાન અવસાન પર રૂ.૧૪ લાખની સહાય

**નિર્ણય :** ગુજરાત રાજ્ય વાહન વ્યવહાર નિગમ (GSRTC)ના કર્મચારીઓ માટે રાજ્ય સરકારે એક મહત્ત્વપૂર્ણ નિર્ણય લીધો છે. જો કોઈ વર્ગ-૩ અથવા વર્ગ-૪નો કર્મચારી ચાલુ નોકરી દરમિયાન અવસાન પામે, તો તેના આશ્રિત કુટુંબને રૂ. ૧૪ લાખની નાણાકીય સહાય મળશે.

**ફાયદો:** આ સહાયતાથી ૨૪ સપ્ટેમ્બર ૨૦૨૨ કે તે પછી અવસાન પામેલા કર્મચારીઓના પરિવારને આર્થિક સુરક્ષા મળશે. પાંચ વર્ષના ફિક્સ પગાર કરાર હેઠળના કર્મચારીઓના પરિવારજનોને પણ આ સહાય મળશે. સરકાર દ્વારા ૧૫૩ પરિવારો માટે કુલ ૨૧ કરોડથી વધુની સહાય આપવામાં આવશે જે સંકટની ઘડીએ આશ્રિત પરિવારનો આધાર બની રહેશે. ●

# ગુજરાત પાક્ષિક ક્વિઝ

- મૃગેશ એસ. દવે

*પ્રિય વાચકો, રાજ્યની વણથંભી વિકાસયાત્રા, સરકારના નિર્ણયો, યોજનાકીય સાફલ્યગાથાઓ અને એ તમામ સમાચારો જે તમારે જાણવા જરૂરી છે તે અમે 'ગુજરાત' પાક્ષિકના માધ્યમથી આપની સમક્ષ મૂકતા આવ્યા છીએ. આ અતિ ઉપયોગી માહિતી આપની સ્મૃતિમાં વધુ સુદ્રઢ બને તે હેતુથી અમે લાવ્યા છીએ 'ગુજરાત પાક્ષિક ક્વિઝ'. જેમાં જે-તે અંકમાંથી જ તમને પૂછવામાં આવશે કેટલાક સવાલો. આશા છે કે આ પ્રકલ્પ આપને ગમશે...*

**૧. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં પ્રસારિત થયેલ મન કી બાત કાર્યક્રમમાં મેદસ્વિતાના પડકારનો સામનો કરવા ભોજનમાં તેલના વપરાશમાં કેટલા ટકા ઘટાડો કરવાનું સૂચન કર્યુ છે?**
(A) ૧૦ ટકા (B) ૫ ટકા (C) ૧૨ ટકા (D) ૧૫ ટકા

**૨. વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ તાજેતરમાં પ્રસારિત થયેલ મન કી બાત કાર્યક્રમમાં ઉલ્લેખ કરેલ રાજ્યો અને સંબંધિત સાંસ્કૃતિક નૃત્યોનું સાચું જોડકું નીચેનામાંથી કયું છે?**
(A) કર્ણાટક - હુલી વેશા, તમિલનાડુ - પુલીકલી, કેરળ - પુલી
(B) કર્ણાટક - પુલી, તમિલનાડુ - પુલીકલી, કેરળ - હુલી વેશા
(C) કર્ણાટક - હુલી વેશા, તમિલનાડુ - પુલી, કેરળ - પુલીકલી
(D) કર્ણાટક - પુલી, તમિલનાડુ - હુલી વેશા, કેરળ - પુલીકલી

**૩. ગુજરાત સરકારે નીચેનામાંથી કયા સ્થળે કન્સ્ટ્રકશન સ્કીલ ટ્રેનિંગ ઈન્સ્ટિટ્યુટની સ્થાપના માટે L&T સાથે MoU કર્યા છે?**
(A) અમદાવાદ (B) ગાંધીનગર (C) વડનગર (D) એકતાનગર

**૪. વિકસિત ગુજરાત રોડમેપમાં ગુજરાતમાં સરેરાશ આયુષ્ય ૭૦ વર્ષથી વધારીને કેટલા વર્ષ કરવાનો લક્ષ્યાંક નિર્ધારિત કરવામાં આવ્યો છે?**
(A) ૭૫ વર્ષ (B) ૮૪ વર્ષ (C) ૭૮ વર્ષ (D) ૮૨ વર્ષ

**૫. જી-સફલ યોજનાનો મુખ્ય હેતુ કયો છે?**
(A) અંત્યોદય પરિવારોની આજીવિકામાં વધારો
(B) વિદ્યાર્થીઓમાં પરીક્ષાનો ડર દૂર કરવો
(C) યુવાનોમાં મેદસ્વિતાનું પ્રમાણ ઘટાડવું
(D) કુટિર ઉદ્યોગોને સસ્તા દરે લોન આપવી

**૬. રાજ્ય સરકારે સેમિકન્ડકટર અને ઈલેકટ્રોનિક્સ મેન્યુફેક્ચરિંગ માટે કયા સ્થળે 'પ્લગ એન્ડ પ્લે' સુવિધા વિકસાવી છે?**
(A) સાણંદ (B) વડનગર (C) બહુચરાજી (D) ધોલેરા

**૭. ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬માં કેપિટલ એક્સપેન્ડિચરમાં ગત વર્ષની સાપેક્ષે કેટલા ટકાનો વધારો કરી વિકાસની પ્રતિબદ્ધતા દર્શાવવામાં આવી છે?**
(A) ૧૯.૩ ટકા (B) ૨૧.૮ ટકા (C) ૨૩.૭ ટકા (D) ૧૪.૪ ટકા

**૮. તાજેતરમાં પૂનામાં યોજાયેલ વેસ્ટર્ન ઝોનલ કાઉન્સિલની બેઠકમાં ગુજરાતની કઈ પહેલને બેસ્ટ પ્રેક્ટિસીસ અંતર્ગત સરાહના મળી છે?**
(A) સ્વાગત ઓટો એસ્કેલેશન મેટ્રિક્સ
(B) ઓનલાઇન એટેન્ડન્સ સિસ્ટમ
(C) સપ્લાય ચેઈન ઓટોમેશન
(D) ઈ-દવા એપ્લિકેશન

**૯. અમર સ્તુતિ "કૈલાશ કે નિવાસી"ની રચના કરનાર પદ્મશ્રી ગુજરાતી લોક કવિ કોણ હતા?**
(A) અવિનાશ વ્યાસ (B) નારાયણ સ્વામી
(C) કવિ દુલા ભાયા કાગ (D) કવિ દાદબાપુ

**૧૦. નિક્ષય પોષણ યોજના હેઠળ ટી.બી.ના દર્દીને સારવાર ચાલુ હોય ત્યાં સુધી પ્રતિ માસ કેટલી આર્થિક સહાય કરવામાં આવે છે?**
(A) રૂ. ૧૦૦૦ (B) રૂ. ૮૦૦ (C) રૂ. ૧૨૦૦ (D) રૂ. ૧૫૦૦

**૧૧. ગુજરાતમાં પ્રથમ વાર નીચેનામાંથી કયા સ્થળે સી-ફૂડ ફેસ્ટિવલનું સફળ આયોજન કરવામાં આવ્યું?**
(A) ડુમસ (B) માધવપુર (C) શિવરાજપુર (D) દાંડી

**૧૨. ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬ એ વિકાસના પાંચ સ્તંભને વરેલું છે. વિકાસના આ પાંચ સ્તંભમાં નીચેનામાંથી કોનો સમાવેશ થાય છે?**
**૧. ગ્રીન ગ્રોથ ૨. માનવ સંસાધન વિકાસ ૩. સામાજિક સુરક્ષા ૪. આંતર માળખાકીય સુવિધા ૫. આર્થિક પ્રવૃત્તિઓનો વિકાસ**
(A) ૧, ૨ અને ૫ (B) ૧, ૨, ૪ અને ૫
(C) ૨, ૩ અને ૫ (D) આપેલા તમામ

**૧૩. ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬ અંતર્ગત નાણામંત્રીશ્રીએ વર્ષ ૨૦૨૫ને કયા વર્ષ તરીકે ઉજવવાની જાહેરાત કરી છે?**
(A) ગ્રામીણ વિકાસ વર્ષ (B) શહેરી વિકાસ વર્ષ
(C) નારી સમ્માન વર્ષ (D) અંત્યોદય ઉન્નતિ વર્ષ

**૧૪. ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬ અંતર્ગત ...... નવા ગ્રીનફિલ્ડ એક્સપ્રેસ વે અને ....... નવા હાઈસ્પીડ કોરિડોર વિકસાવવાની ઘોષણા કરવામાં આવી છે.**
(A) ૨, ૧૨ (B) ૨, ૧૦ (C) ૧, ૧૦ (D) ૨, ૮

**૧૫. ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬ માં વિવિધ આવાસ યોજના હેઠળ અપાતી રૂ. ૧ લાખ ૨૦ હજારની સહાયમાં કેટલો વધારો કરવામાં આવ્યો છે?**
(A) રૂ. ૨૦ હજાર (B) રૂ. ૩૦ હજાર (C) રૂ. ૫૦ હજાર (D) રૂ. ૬૦ હજાર

**૧૬. ગુજરાતની વિકાસ ગતિને તેજ બનાવવા માટે જાહેર કરાયેલ 'વિકસિત ગુજરાત ફંડ' માં આગામી ૫ વર્ષમાં કેટલી નાણાકીય જોગવાઈ કરવાનું નિર્ધારિત કરવામાં આવ્યું છે?**
(A) રૂ. ૧૦ હજાર કરોડ (B) રૂ. ૨૫ હજાર કરોડ
(C) રૂ. ૪૦ હજાર કરોડ (D) રૂ. ૫૦ હજાર કરોડ

**૧૭. ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬માં નીચેનામાંથી કયા સ્થળે વર્કિંગ વુમન હોસ્ટેલ બનાવવાની જોગવાઈ કરવામાં આવી છે?**
(A) ગાંધીનગર (B) અમદાવાદ (C) સુરત (D)આપેલા તમામ

**૧૮. ગુજરાત બજેટ ૨૦૨૫-૨૬ માં જાહેર કરાયેલ 'ગુજરાત વહીવટી સુધારણા પંચ'ના અધ્યક્ષ તરીકે કોની નિમણૂક કરવામાં આવી છે?**
(A) શ્રી એ. કે. રાકેશ (B) ડૉ. હસમુખ અઢિયા
(C) ડૉ. જયંતી રવિ (D) શ્રી કમલ દયાણી

**૧૯. ખેડૂતોને પાક વાવેતર વિસ્તાર, પાક ઉત્પાદન, પાક પરિસ્થિતિ, જીવાતના ઉપદ્રવ, હવામાન વગેરે માહિતી મળે તે માટે રાજ્ય સરકારે કઈ એપ તૈયાર કરી છે?**
(A) કૃષિ વિકાસ (B) કૃષિ શક્તિ
(C) કૃષિ પ્રગતિ (D) કૃષિ ક્રાંતિ

**૨૦. તાજેતરમાં દિલ્હીમાં આયોજિત SKOCH-100 સમિટમાં ગુજરાતના કયા વિભાગે ગોલ્ડ કેટેગરીમાં બે એવોર્ડ પ્રાપ્ત કર્યા છે?**
(A) આરોગ્ય વિભાગ (B) મહેસુલ વિભાગ
(C) પંચાયત વિભાગ (D) ક્લાઈમેટ ચેન્જ વિભાગ

ગત અંકની ક્વિઝના પ્રશ્ન નં 10નો સાચો જવાબ (B) માઈક્રોસોફ્ટ છે. જેની વાચકમિત્રો નોંધ લેશો.

**જવાબ: 1 (A), 2 (C), 3 (C), 4 (B), 5 (A), 6 (D), 7 (B), 8 (C), 9 (D), 10 (A), 11 (D), 12 (D), 13 (B), 14 (A), 15 (C), 16 (D), 17 (D), 18 (B), 19 (C), 20 (A)**

*ગુજરાત ક્વિઝ અંગે આપના પ્રતિભાવ gujaratmagazine@gmail.com પર મોકલવા વિનંતી છે.*

# ખેડૂતોના પ્રગતિના દ્વાર ખોલશે : "કૃષિ પ્રગતિ" વેબ પોર્ટલ અને મોબાઇલ એપ

**હર્ષદ રૂપાપરા**

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વિકસિત ભારત@૨૦૪૭નો સંકલ્પ કર્યો છે. વિકસિત ભારતના નિર્માણ માટે વડાપ્રધાનશ્રીએ ગ્યાન એટલે કે ગરીબ, યુવા, અન્નદાતા કિસાન અને નારીશક્તિ એમ આ ચાર સ્તંભને મહત્ત્વપૂર્ણ ગણાવ્યા છે. રાજ્યના મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્વમાં રાજ્ય સરકાર 'ગ્યાન'શક્તીના વિકાસ દ્વારા વિકસિત ભારતના નિર્માણ માટે પ્રતિબદ્ધ છે. ગ્યાનશક્તીના મહત્ત્વના સ્તંભ એવા અન્નદાતા કિસાનોના વિકાસ માટે રાજ્ય સરકારે અનેકવિધ યોજનાઓ, પ્રકલ્પો તથા નિર્ણયો કર્યા છે.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્રભાઈ પટેલના નેતૃત્યમાં રાજ્ય સરકાર બીજથી બજાર સુધી ખેડૂતોની સાથે ઊભી રહી છે. ખેડૂતો માટે કિસાનહિત અભિગમથી શરૂ થયેલી વિવિધ યોજનાઓ થકી ગુજરાત કૃષિ ક્ષેત્રે દેશમાં અગ્રેસર છે. ખેડૂતોને પડતી મુશ્કેલી, સમસ્યાઓના ઉકેલ માટે ડિજિટલ ટૅક્નોલૉજીના ઉપયોગની નવતર પહેલ ગુજરાત કરતું રહ્યું છે.

રાજ્ય સરકારએ ખેડૂતોના રોજબરોજના ખેતી વિષયક કાર્યોમાં ઉદ્ભવતા પ્રશ્નોના નિરાકરણ મળી રહે તેમજ ખેતીવાડી વિભાગના અધિકારીઓ, કૃષિ વૈજ્ઞાનિકો તથા કૃષિ વિસ્તરણ કાર્યકરોને ખેડૂતલક્ષી નીતીઓનું આયોજન કરવા તથા સંલગ્ન ક્ષેત્રોમાં નવીનતા લાવવા "Digital monitoring of Agriculture, crop acreage and production estimation for Gujarat using Remote sensing, GIS and other technologies" પ્રોજેક્ટ શરૂ કર્યો છે, જેમાં ખેડૂતો તથા ખેડૂત સાથે સંકળાયેલાં વિવિધ ક્ષેત્રોને એક પ્લેટફોર્મ પર લાવવમાં આવ્યા છે.

ખેડૂતોના વિકાસ અને ખેતી પ્રવૃત્તિના વેગ માટે આ પ્રોજેકટ અંતર્ગત "કૃષિ પ્રગતિ" મોબાઇલ એપ્લિકેશન અને "કૃષિ પ્રગતિ" વેબ પોર્ટલ https://krushipragati.co.in તૈયાર કરવામાં આવ્યું છે.

## "કૃષિ પ્રગતિ" વેબ પોર્ટલ

"કૃષિ પ્રગતિ" વેબ પોર્ટલ પર પાક વાવેતર વિસ્તાર, પાક ઉત્પાદન, પાક પરિસ્થિતિ, પાકનું સ્વાસ્થ્ય, રોગ-જીવાતના ઉપદ્રવ, જમીનમાં ભેજનું પ્રમાણ, વરસાદ, હવામાનની સ્થિતિ વગેરે બાબતોની જાણકારી મળશે જે રાજ્ય સરકારશ્રીને ખેડૂતલક્ષી નિર્ણયો લેવામાં મદદરૂપ થશે.

## કૃષિ પ્રગતિ પોર્ટલમાં ઉપલબ્ધ વિગત

આ પોર્ટલમાં ખરીફ, રવી અને ઉનાળુ ઋતુના પાકોની વાવણી, ઉત્પાદન અને રોગ અંગેની માહિતી આપવામાં આવે છે. તેમજ જમીનમાં ભેજની સ્થિતિ, પાક અને જીવાત સંક્રમણ અંગે સત્વરે અપડેટ અપાશે. આ ઉપરાંત ખરાબ હવામાન, રોગચાળો અને અન્ય કુદરતી આપત્તિઓની આગાહી અંગે પણ જાણકારી આપવામાં આવશે.




આ ઉપરાંત પોર્ટલમાં એગ્રિ ઇન્ફ્રાસ્ટ્રક્ચર અંગે પણ માહિતી આપવામાં આવી છે. જેમાં રાજ્ય સરકારના કૃષિ, બાગાયત નિયામક કચેરીની વિવિધ શાખાઓ, જિલ્લા ખેતીવાડી અધિકારી, જિલ્લા બાગાયત અધિકારીની વિગત, ઈનપુટ લૅબોરેટરીઝ, ઈનપુટ લાઇસન્સ ડીલર્સ, સોઇલ ટેસ્ટિંગ લૅબોરેટરી, સેન્ટર ઑફ એક્સલન્સ, કોલ્ડ સ્ટોરેજ, ગ્રીનહાઉસ, શેડ સ્ટોરેજ, ગોડાઉન વગેરેની માહિતી આપવામાં આવી છે.

રાજ્ય સરકારના કૃષિ, ખેડૂત કલ્યાણ વિભાગ અંતર્ગતનાં વિવિધ કોર્પોરેશન - બોર્ડ જેવાં કે ગુજરાત સ્ટેટ સીડ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ સીડ સર્ટિફિકેશન ઍજન્સી, ગુજરાત એગ્રો ઇન્ડસ્ટ્રીઝ કોર્પોરેશન, ગુજરાત સ્ટેટ એગ્રિકલ્ચર યુનિવર્સિટીઝ, ગુજરાત પ્રાકૃતિક કૃષિ વિકાસ બોર્ડ, ગુજરાત ઓર્ગેનિક પ્રોડક્ટ સર્ટિફિકેશન ઍજન્સી, વેરહાઉસ, એ.પી.એમ.સી. વગેરેની મેપ સાથે માહિતી આપવામાં આવી છે. તેમજ સંલગ્ન વિવિધ શાખાઓ લૅબોરેટરી, ગોડાઉન, હેડ-ઑફિસ, પ્રોસેસિંગ પ્લાન્ટ, ડીલર્સ વગેરેની પણ માહિતી મેપ સાથે આપવામાં આવી છે.

## કૃષિ પ્રગતિ મોબાઈલ એપ

કૃષિ પ્રગતિ મોબાઇલ એપ AI આધારિત અત્યાધુનિક એપ છે. જેમાં ખેડૂતોને કૃષિ સંલગ્ન તમામ માહિતી રિયલ-ટાઇમ પુરી પાડવામાં આવશે. સૅટેલાઇટ ડેટા, યુએવી ડેટા, વેધર ડેટા, આર્ટિફિશિયલ ઇન્ટેલિજન્સ, મશીન લર્નિંગ જેવી આધુનિક ટૅકનોલૉજીનો ખેતી પ્રવૃત્તિઓમાં ઉપયોગ થકી ખેડૂતોની આવક વધે તે હેતુથી "કૃષિ પ્રગતિ" મોબાઇલ એપ્લીકેશન તૈયાર કરવામાં આવી છે. જેના માધ્યમથી ખેડૂત મિત્રો ખેતીને લગતી માહિતી અને સેવાઓ મેળવી શકશે.

## કૃષિ પ્રગતિ એપમાં ઉપલબ્ધ માહિતી

આ એપમાં કૃષિ સંલગ્ન દરેક મહત્ત્વપૂર્ણ માહિતી સરળતાથી ઉપલબ્ધ થાય છે. કૃષિ પ્રગતિ એપમાં પાકમાં આવતા રોગ-જીવાતના ફોટા અપલોડ કરીને AI ટૅક્નોલૉજી દ્વારા નિવારણ માટેની માહિતી મળી રહે છે. આ ઉપરાંત હવામાનની આગાહી દ્વારા વાવણી, સિંચાઈ અને રોગ-જીવાતના નિવારણ માટે તજજ્ઞો પાસેથી માહિતી મળી રહે છે.

આ એપમાં AI-આધારિત ચેટબોટ તૈયાર કરવામાં આવી છે, જેમાં ખેડૂતોને ખાતર, દવા અને અન્ય કૃષિ સંબંધિત પ્રશ્નોના ઝડપથી ઉકેલ મળી રહેશે. આ સાથે કૃષિ અને બાગાયતની વિવિધ કચેરીઓ, કૃષિ યુનિવર્સિટીઓ, બજાર અને વેરહાઉસો જેવા અનેક વિસ્તારોને GIS ટૅક્નોલૉજી દ્વારા જીઓટેગ કરવામાં આવી છે. ●

જયદેવ અગ્રાવત


તમારો દીકરો ધંધામાં સેટ થઇ ગયો કે નહીં ?
સરકારની મહેરબાની છે.. મેકઇન ઇન્ડિયા, આત્મનિર્ભર ભારત, સ્ટાર્ટઅપ ઇન્ડિયા જેવી પહેલોના કારણે મારો દીકરો હવે નવું સ્ટાર્ટઅપ શરૂ કરીને સેટ થઇ ગયો છે.
કાકા, મહાકુંભમાં જઇ આવ્યાને... મજા આવી કે? અમે તો કાલે સોમનાથ દાદાના દર્શને જઇશું.
હા, હો... અમે જઇ આવ્યા, સરકારી બસની પ્રીમિયમ સેવા, ગુજરાત પેવેલિયન સહિતની સુવિધાઓથી મહાકુંભની અમારી સફર ખૂબ સરસ રહી..
એ શુંભભાઇ, તમે તો ટીવીમાં ચમક્યા કે.. ક્યાં ગયા હતા એ તો ક્યો.
હા, એ તો કિસાન સન્માન સમારોહમાં મારું સન્માન કરવામાં આવ્યું હતું એ કાર્યક્રમમાં તમે મને જોયો હશે, આ બધી સરકારની મહેરબાની છે.
સેજલ તને શહેરમાં નોકરી મળી ગઇ એ સાંભળીને રાજીપો થયો પણ ચિંતા થાય છે કે તું શહેરમાં રહીશ કયાં ?
આ જો મમ્મી, આ વર્ષનું બજેટ, આમા વર્કિંગ વુમન હોસ્ટેલની વાત છે, તારી ચિંતા સરકારે દૂર કરી. હું વર્કિંગ વુમન હોસ્ટેલમાં રહીશ.


વસંતોત્સવ
૨૦૨૫




**Published on Date : 1-3-2025**. R.N.I. NO. 38351/81, Regd. No. G/GNR/10/2024-26 Valid upto 31/12/2026, LPWP No. WPP PMG/NG/061/2024-26 Valid upto 31/12/2026
• Licensed to Post without Prepayment At Post : BPC, Gandhinagar on every 3 to 11 and 18 to 26 E.M.,
Gujarat (Fortnightly) Annual Subscription Rs. 50.
**48 + 4 Cover = Total 52 Pages** • **Editor and Published by** Director of Information on behalf of Directorate of Information,
Block No-19/1, Dr. Jivraj Mehta Bhavan, Gandhinagar, Gujarat. **Printed by** Government Photo Litho Press, Ahmedabad
• If undeliverd pl. return to, Information Department, Sector no. 16, Gandhinagar Respectively.

**To,**

**ગુજરાત પાક્ષિક કાર્યાલય :-**
માહિતી નિયામકશ્રીની કચેરી, ગુજરાત રાજ્ય, બ્લોક નં. ૧૯/૧, ડૉ. જીવરાજ મહેતા ભવન, ગાંધીનગર - ૩૮૨૦૧૦